# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

શ્રીદેવીએ ખરીદેલી પ્રોપર્ટી માટે બોની, જાહ્નવી હાઈકોર્ટમાં



પેજ-09

એબી ડી વિલિયર્સનું નિવેદન ધોની ખોટા કારણોસર ટીમમાં છે




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 21.00 |
| વડોદરા | 35.00 | 22.00 |
| સુરત | 31.00 | 23.00 |


પેજ 5




શેરબજાર તેજી સાથે બંધ, સેન્સેક્સમાં 612.84 પોઈન્ટનો વધારો


19 MARCH-2026 THURSDAY


અલી લારીજાનીના મૃત્યુની પુષ્ટિ ઈરાન પર ઈઝરાયલનો કહેર




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76704.13 | ▲ | 633.29 |
| નિફ્ટી | 23777.80 | ▲ | 196.65 |
| સોનું | 152737.00 | ▼ | 3248.00 |
| ચાંદી | 247172.00 | ▼ | 5941.00 |


વર્ષ-15 । અંક-126 । વિક્રમ સંવત-2082 । ચૈત્ર સુદ -01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


30થી વધુ દુકાનો બળીને ખાખ:ફાયરની 20થી વધુ ગાડીએ આગ કાબૂમા લીધી : ધૂમાડાના ગોટેગોટા ને અફરાતફરીનો માહોલ સર્જાયો'તો

# અમદાવાદના કાલુપુર રેવડી બજારમાં આગ











(એજન્સી) અમદાવાદ । તા. 18

અમદાવાદના કાલુપુર રેવડી બજારમાં આવેલા સિંધી માર્કેટમાં આગ લાગવાની ઘટના બની હતી. જેમાં 30થી વધારે જેટલી દુકાનોમાં આગ લાગી હતી.ફાયર વિભાગની 20થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને કલાકોની જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. ભીષણ આગને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અમદાવાદના સૌથી વ્યસ્ત ગણાતા કાલુપુર વિસ્તારના રેવડી બજારમાં આજે બપોરે ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. અહીં આવેલા પ્રસિદ્ધ સિંધી માર્કેટમાં લાગેલી આ આગમાં અંદાજે 30થી વધુ દુકાનો બળીને ખાખ થઈ ગઈ છે. કાપડના મોટા જથ્થાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

### રેવડી બજારમાં 50થી વધારે આસપાસમાં દુકાનો આવેલી છે

સિંધી માર્કેટમાં સૌથી વધારે કપડાં સહિત અલગ અલગ ચીજવસ્તુઓની દુકાનો આવેલી છે. ફાયરબ્રિગેડની ટીમ ચારે બાજુથી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી છે. જેમાં એક વેપારીના કહ્યા પ્રમાણે 1.5 કરોડનું નુકસાન થયાનું અનુમાન છે. ધુમાડાના ગોટેગોટાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. રેવડી બજારમાં 50થી વધારે આસપાસમાં દુકાનો આવેલી છે. આગ લાગવાનું કારણ હજુ અકબંધ છે.

### દુકાનોમાં આવેલી આગ કાબુમાં આવી ગઈ

અમદાવાદ શહેર ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (ફાયર) વિપુલ ઠક્કર સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોચ્યા હતાં. બાજુના કોમ્પ્લેક્સમાં લોકો ઉપર ચઢીને આગ જોવા માટે ઉભા રહી ગયા હતાં.

### ફાયર વિભાગનું મેગા ઓપરેશન

આગની જાણ થતા જ અમદાવાદ ફાયર બ્રિગેડની ૨૦થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે દોડી આવી હતી. શહેરના ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિપુલ ઠક્કર સહિતના ઉચ્ચ અધિકારીઓએ મોરચો સંભાળ્યો હતો. ફાયર ફાઈટરોએ છાપરા પર ચઢીને અને ચારે બાજુથી પાણીનો મારો ચલાવી કલાકોની જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી.

### ભય અને અફરાતફરીનો માહોલ

આગ લાગતાની સાથે જ બજારમાં નાસભાગ મચી ગઈ હતી. બાજુના કોમ્પ્લેક્સમાં રહેલા લોકો જીવ બચાવવા ઉપરના માળે દોડી ગયા હતા, જ્યારે કેટલાક લોકો આગનું દ્રશ્ય જોવા માટે ધાબા પર એકઠા થઈ ગયા હતા.

### તપાસના ચક્રો ગતિમાન

આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું મનાય છે. એફએસએલ (FSL) ની ટીમ દ્વારા આગના કારણોની તપાસ કરવામાં આવશે.

### દોઢ કરોડનું વેપારીઓને નુકસાનનો અંદાજ

સિંધી માર્કેટમાં કપડાની દુકાન ધરાવનાર વેપારી સંજયભાઈ ગોહિલે જણાવ્યું હતું કે, 12:30 વાગ્યાની આજુબાજુ આગ લાગવાની ઘટના બની હતી, સૌપ્રથમ એક જ ફાયર બ્રિગેડની ગાડી આવી હતી અને પ્લાસ્ટિકમાં આગ લાગી હતી. 30 મિનિટમાં ફાયર બ્રિગેડની ગાડીઓ આવી ગઈ હતી.

---

કંગના રનૌતે કહ્યું- તું-તારી કરે છે, તેમને જોઈને મહિલાઓ અનકમ્ફર્ટેબલ અનુભવે છે

## 'રાહુલ ગાંધી ટપોરીની જેમ સંસદમાં આવે છે'

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભાજપ સાંસદ કંગના રનૌતે બુધવારે સંસદની બહાર કહ્યું- રાહુલને જોઈને અમને મહિલાઓને ખૂબ જ અસ્વસ્થતા અનુભવાય છે. તેમણે કહ્યું-તે ટપોરીની જેમ આવે છે, તું-તડાક કરે છે. ઈન્ટરવ્યુ આપી રહેલા લોકોને પરેશાન કરે છે. કહે છે- આવ...આવ. તેમને પોતાની બહેનને જોવી જોઈએ. તેમનો વ્યવહાર ખૂબ સારો છે.કંગનાનું આ નિવેદન તે વિવાદ પછી આવ્યું છે, જેમાં 12 માર્ચે સંસદ પરિસરના મકર દ્વાર પર રાહુલ ગાંધીના ચા-નાસ્તો કરવાને લઈને ટીકા થઈ હતી. આ મામલે 84 પૂર્વ બ્યુરોક્રેટ્સ, 116 પૂર્વ સૈનિકો અને 4 વકીલોએ એક પત્ર લખીને રાહુલ ગાંધી પાસેથી દેશના લોકોની માફીની માગ કરી છે.



### કોંગ્રેસ સાંસદ - કંગનાને રાહુલ પર બોલવાનો હક નથી

કોંગ્રેસ સાંસદ જ્યોતિમણિએ ભાજપ સાંસદ કંગના રનૌત પર કહ્યું- કંગના રનૌતની વાતો તેમના ચારિત્ર્યને દર્શાવે છે. માત્ર સારા કપડાં પહેરી લેવાથી કે સેલિબ્રિટી હોવાથી કોઈ સારા માણસ બની જતા નથી.

## ત્રણ છોકરીઓ સહિત એક જ પરિવારના 9 સભ્યો જીવતા ભૂંજાયા

2 લોકોએ જીવ બચાવવા બિલ્ડિંગ પરથી છલાંગ લગાવી, દિલ્હીમાં ભીષણ આગથી અફરાતફરી









(એજન્સી) નવી દિલ્હી । તા. 18

દિલ્હીના પાલમ વિસ્તારમાં બુધવારે સવારે 7 વાગ્યે એક ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં 9 લોકોના મોત થયા છે, જેમાં 3 છોકરીઓનો સમાવેશ થાય છે. 2 લોકોએ જીવ બચાવવા માટે બિલ્ડિંગ પરથી છલાંગ લગાવી દીધી. તેમને ગંભીર ઈજાઓ થઈ છે.જોકે, ઘાયલો અને અંદર ફસાયેલા લોકોની સંખ્યા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. દિલ્હી ફાયર સર્વિસ (DFS) ના કર્મચારીઓએ 10 લોકોને બચાવ્યા છે. લગભગ 30 ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે હાજર છે અને આગ પર કાબૂ મેળવી લીધો છે.હાલમાં આગ લાગવાના કારણો જાણી શકાયા નથી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હતી.

### બે ઈજાગ્રસ્તોની સારવાર IGI હોસ્પિટલમાં ચાલી રહી છે

ન્યૂઝ એજન્સી IANS ના જણાવ્યા મુજબ, બિલ્ડિંગના બેઝમેન્ટ, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોરનો ઉપયોગ કપડાં અને કોસ્મેટિક સામાનના સ્ટોરેજ માટે કરવામાં આવી રહ્યો હતો. સેકન્ડ અને થર્ડ ફ્લોર પર લોકો રહેતા હતા. છત પર એક શેડ પણ બનેલો હતો.

### PM એ મૃતકોના પરિજનોને ₹2 લાખ વળતરની જાહેરાત કરી

પાલમ આગ દુર્ઘટના પર PM નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કરતા વળતરની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓના પરિજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ (PMNRF) માંથી 2 લાખની આર્થિક સહાય આપવામાં આવશે.

BKTC અધ્યક્ષે કહ્યું-સનાતનમાં આસ્થા રાખનારાઓનું સ્વાગત; ફોટોગ્રાફી માટે જગ્યા નક્કી કરાશે

## 'કેદારનાથમાં સારા અલી ખાનને એફિડેવિટથી મળશે એન્ટ્રી'

(એજન્સી) દેહરાદૂન । તા. 18

ઉત્તરાખંડમાં બદ્રીનાથ અને કેદારનાથ ધામમાં બિન-સનાતનીઓના પ્રવેશને લઈને શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (BKTC) એ એક સબ-કમિટીની રચના કરી છે, જે એક ખાસ SOP તૈયાર કરી રહી છે. આ SOPનાં આધારે, જે લોકો સનાતન ધર્મમાં આસ્થા નથી રાખતા, તેમના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.આ દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાનને પણ કેદારનાથમાં પ્રવેશ નહીં મળે? ત્યારે આ સવાલનો જવાબ આપતા તેમણે કહ્યું- કેદારનાથમાં પ્રવેશ માટે સારા અલી ખાનને પહેલા એફિડેવિટ આપીને જણાવવું પડશે કે તેમની સનાતન ધર્મમાં આસ્થા છે.



### સારા અલી ખાન ઘણીવાર કેદારનાથ પહોંચી ચૂકી છે

સારા અલી ખાન ફિલ્મ 'કેદારનાથ' બન્યા પછી ઘણીવાર ધામમાં દર્શન કરવા આવી ચૂકી છે. અત્યાર સુધી તેમણે કોઈ રોકટોક વગર મંદિરમાં દર્શન કર્યા છે. જોકે, નવી વ્યવસ્થા લાગુ થયા પછી તેમને પણ તે જ પ્રક્રિયાનું પાલન કરવું પડશે જે અન્ય શ્રદ્ધાળુઓ પર લાગુ પડશે.

---

મોદી અને પેટ્રોલિયમ મંત્રી વચ્ચે 2 કલાક ચાલી બેઠક, રાજ્યોને 10% વધારાનો LPG કોટા આપવાનો નિર્ણય

## સરકારે આખરે સ્વીકાર્યું- 'LPGની અછત છે'

### મિડલ-ઈસ્ટ તણાવને કારણે દેશમાં LPG સંકટ

અમેરિકા-ઈઝરાયલના ઈરાન સાથેના યુદ્ધને કારણે દેશભરમાં LPGની અછત સર્જાઈ છે. ગેસ એજન્સીઓની બહાર લાંબી લાઈનો છે. ગેસ સિલિન્ડરની કાળાબજારી અને સંગ્રહખોરી પણ થઈ રહી છે.ગ્રાહકોએ e-KYC નહીં કરાવ્યું, તો તેમનું ગેસ કનેક્શન કાપી નાખવામાં આવશે. e-KYC સંબંધિત આ સમાચારો પછી અફરાતફરી જેવી સ્થિતિ સર્જાઈ હતી.

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે, દેશમાં ફ્યુઅલ-ગેસના સપ્લાયને લઈને પીએમ નરેન્દ્ર મોદીએ બુધવારે સંસદ ભવનમાં પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી સાથે બેઠક કરી. આમાં ક્રૂડ ઓઈલ અને ગેસની ઉપલબ્ધતા, તેમની આયાત અને સંભવિત સંકટનો સામનો કરવાની રણનીતિ પર ચર્ચા કરવામાં આવી.લગભગ 2 કલાક ચાલેલી બેઠકમાં સરકારે તેના ઈમરજન્સી ઓઈલ ભંડાર (SPR)ની પણ સમીક્ષા કરી છે. જરૂર પડ્યે તેનો ઉપયોગ કરી શકાય છે. અધિકારીઓના મતે, દેશ પાસે કેટલાક અઠવાડિયાનો ઓઈલનો સ્ટોક ઉપલબ્ધ છે, જેના કારણે હાલમાં સંકટની શક્યતા ઓછી છે.જ્યારે પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારી સુજાતા શર્માએ જણાવ્યું કે સરકારે રાજ્યોને 10% વધુ LPG આપવાની ઓફર કરી છે. રાજ્યોને ધીમે ધીમે LPGને બદલે PNG અપનાવવામાં મદદ કરવા જણાવાયું છે.તેમણે કહ્યું કે ઘરેલું LPG ઉત્પાદન 40% વધ્યું છે પરંતુ તેમ છતાં પરિસ્થિતિ સંપૂર્ણપણે ઠીક નથી. LPGની સમસ્યા હજુ પણ યથાવત છે. ઓનલાઈન બુકિંગ સુધર્યું છે પરંતુ ડિસ્ટ્રીબ્યુટરના ત્યાં હજુ પણ લાંબી લાઈનો લાગી રહી છે.ખરેખર, હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી વિશ્વભરમાં ઓઈલ પુરવઠા પર અસર પડી છે.





### સરકારની અપીલ- LPGને બદલે PNG અપનાવો

પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારીએ જણાવ્યું કે આજે 93% LPG બુકિંગ ઓનલાઈન થયું છે. સરકારે લોકોને કહ્યું છે કે એજન્સી પર જવાનું ટાળો અને ફક્ત સત્તાવાર એપ કે વેબસાઈટ પરથી જ બુકિંગ કરો, અફવાઓ પર ધ્યાન ન આપો.તેમણે જણાવ્યું કે કાળાબજાર રોકવા માટે સરકાર કડક કાર્યવાહી કરી રહી છે. આ અંતર્ગત મંગળવારે દેશભરમાં 2300થી વધુ LPG દુકાનો પર અચાનક તપાસ કરવામાં આવી.

## 'BHAVYA' યોજનાને કેન્દ્રની મંજૂરી, 100 ઔદ્યોગિક પાર્ક બનશે

### ₹33,660 કરોડનો ખર્ચ; યુપીમાં બારાબંકી-બહરાઇચ વચ્ચે ₹6969.04 કરોડના ખર્ચે 4-લેન હાઇવે બનશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

કેન્દ્ર સરકારે બુધવારે કેબિનેટ બેઠકમાં અનેક મહત્વના નિર્ણયો લીધા. સરકારે ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે 'BHAVYA' (ભારત ઔદ્યોગિક વિકાસ યોજના)ને મંજૂરી આપી છે. 33,660 કરોડ રૂપિયાના ખર્ચે આ યોજના હેઠળ દેશભરમાં 100 ઔદ્યોગિક પાર્ક વિકસાવવામાં આવશે.કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે યોજના હેઠળ બનનારા ઔદ્યોગિક પાર્કમાં ઉદ્યોગો માટે જમીન, વીજળી, પાણી અને અન્ય મૂળભૂત સુવિધાઓ અગાઉથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.



### બારાબંકીથી બહરાઇચ વચ્ચે બનનારા NHનો રૂટ બતાવ્યો

નાણાકીય વર્ષ 2026-27થી 2030-31ના સમયગાળા માટે સ્મોલ હાઈડ્રો પાવર (SHP) ડેવલપમેન્ટ સ્કીમને મંજૂરી આપી છે. કેબિનેટે કપાસ સીઝન 2023-24 માટે કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (CCI)ને 1,718.56 કરોડના MSP ફંડિંગને મંજૂરી આપી છે, જેથી કપાસના ખેડૂતોને સીધો ટેકો આપી શકાય.

---

## ED રેડમાં મમતાની દખલગીરીથી સુપ્રીમ કોર્ટ નારાજ: કહ્યું- I-PAC ઓફિસ પહોંચીને તમે બરાબર નથી કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

સુપ્રીમ કોર્ટે બુધવારે I-PACની ઓફિસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની રેડ દરમિયાન પશ્ચિમ બંગાળના સીએમના અચાનક પહોંચવા પર સવાલ ઉઠાવ્યા. સુપ્રીમ કોર્ટે કહ્યું- તમે ત્યાં પહોંચીને બરાબર નથી કર્યું. આવી અસામાન્ય પરિસ્થિતિમાં કેન્દ્રીય એજન્સીએ શું કરવું જોઈએ? જો કાલે કોઈ અન્ય મુખ્યમંત્રી પણ આવી દરોડામાં ઘૂસી જાય તો શું ED પાસે કોઈ સમાધાન નહીં હોય?



### EDએ કહ્યું- રાજ્યમાં સત્તાનો દુરુપયોગ

EDએ સુપ્રીમ કોર્ટમાં મમતા દ્વારા I-PACની ઓફિસ અને પ્રતીક જૈનના ઘર અને ઓફિસમાંથી લેપટોપ, ફોન અને અનેક દસ્તાવેજો લઈ જવાને સત્તાનો ગંભીર દુરુપયોગ ગણાવ્યો છે.

### હવે આખો મામલો સમજો

8 જાન્યુઆરીના રોજ EDની ટીમે પ્રતીક જૈનના કોલકાતાના ગુલાઉડન સ્ટ્રીટ સ્થિત ઘર અને બીજી ટીમે સોલ્ટલેક સ્થિત ઓફિસ પર દરોડા પાડ્યા હતા. પ્રતીક જૈન જ મમતા બેનર્જી માટે રાજકીય વ્યૂહરચના તૈયાર કરે છે. કાર્યવાહી સવારે 6 વાગ્યે શરૂ થઈ હતી, પરંતુ લગભગ 11:30 વાગ્યા પછી મામલો વકર્યો. સૌથી પહેલા કોલકાતા પોલીસ કમિશનર પ્રતીકના નિવાસસ્થાને પહોંચ્યા.

### અમેરિકા-ઇઝરાયલનો ઈરાનની સૌથી મોટા ગેસ ફીલ્ડ પર હુમલો

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

મિડિલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અમેરિકા-ઈઝરાયલે હવે ઈરાનના ઉર્જા ઠેકાણાઓને નિશાન બનાવવાનું શરૂ કરી દીધું છે. ઈરાની સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, અમેરિકા અને ઈઝરાયલે દક્ષિણ ઈરાનમાં દક્ષિણ પાર્સ ગેસ ક્ષેત્ર અને અસલુયેહ શહેરના તેલ અને ગેસ સુવિધાઓ પર એરસ્ટ્રાઈક કરી છે.દક્ષિણ પાર્સ દુનિયાનું સૌથી મોટું પ્રાકૃતિક ગેસ ફીલ્ડ માનવામાં આવે છે. રિપોર્ટ્સ મુજબ, હુમલામાં ગેસની સાથે-સાથે પેટ્રોકેમિકલ અને તેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ નિશાન બનાવવામાં આવ્યું છે. ઈઝરાયલી મીડિયાએ પણ ગેસ સુવિધાઓ પર હુમલાની જાણકારી આપી છે.

આઠવલેને કહ્યું- મોદીના ગુણગાન ઓછા કરો; કોંગ્રેસ અધ્યક્ષની વાતો પર PM ખૂબ હસ્યા

## દેવગૌડા પર ખડગેએ કહ્યું- મોહબ્બત અમારી સાથે, લગ્ન મોદીજી સાથે

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

રાજ્યસભામાં બુધવારે એપ્રિલથી જુલાઈ વચ્ચે નિવૃત્ત થઈ રહેલા 59 સાંસદોને વિદાય આપવામાં આવી. આ સભ્યોમાં પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડા, શરદ પવાર, ઉપસભાપતિ હરિવંશ અને RPI નેતા રામદાસ આઠવલે સામેલ છે. જોકે, શરદ પવાર અને રામદાસ આઠવલે ફરીથી રાજ્યસભા માટે ચૂંટાઈ આવ્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પૂર્વ પીએમ એચડી દેવગૌડા વિશે કહ્યું, 'હું સૌથી પહેલા દેવગૌડાજીનો ઉલ્લેખ કરવા માંગીશ. મને ખબર નથી કે તેમને શું થયું, પ્રેમ અમારી સાથે કર્યો, પણ લગ્ન મોદીજી સાથે કર્યા.' તેના પર પીએમને હસવું આવી ગયું.



આ પ્રસંગે પીએમ મોદીએ સંસદને એક 'ઓપન યુનિવર્સિટી' ગણાવી હતી. તેમણે કહ્યું કે રાજકારણમાં ક્યારેય પૂર્ણવિરામ હોતું નથી. ભવિષ્ય તમારી રાહ જોઈ રહ્યું છે અને તમારો અનુભવ આપણા રાષ્ટ્રીય જીવનનો કાયમી હિસ્સો બની રહેશે.

### હરિવંશજીએ કહ્યું- હું દરેકના શબ્દો સાથે મારી જાતને જોડી રહ્યો છું

ઉપસભાપતિ હરિવંશે જણાવ્યું કે, 'સભાપતિજી, આપે મને બોલવાની તક આપી તે બદલ આભાર. વડાપ્રધાન મોદી અને સભાપતિજી, આપે મારા માટે જે શબ્દો કહ્યા છે, તે મારા જીવનની ક્યારેય ન ભૂલાય તેવી અમૂલ્ય સ્મૃતિ બની રહેશે. હું અહીં બોલાયેલા દરેક સભ્યોના શબ્દો સાથે મારી જાતને જોડી રહ્યો છું. 'તેમણે વધુમાં ઉમેર્યું કે, 'આપના આવ્યા પછી સંસદની કાર્યવાહી કેવી રીતે સુચારૂ રીતે ચાલે તે માટે સતત પ્રયાસો થતા રહ્યા છે. આ સદનના સભ્ય જે.પી. નડ્ડાજીનું મર્યાદિત અને શિસ્તબદ્ધ આચરણ હંમેશા યાદ રહેશે. ખડગેજીની સાથે બેસવાની તક મળી અને દરેક ક્ષણે સતર્ક રહેવાની તેમની શૈલી તેમજ તેમના બહોળા અનુભવમાંથી ઘણું શીખવા મળ્યું છે.

# ચૂંટણી માટે 240 કરોડનું ફંડ પણ વિધાનસભામાં ચર્ચા કેમ નહીં? ગોપાલ ઈટાલીયાએ સરકારને ઘેરી



અમદાવાદ : આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ગત તારીખ 17 માર્ચના રોજ વિધાનસભામાં અલગ અલગ ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરી હતી. તેઓએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં તમામ ધારાસભ્યોને અઢી કરોડની ગ્રાન્ટ મળે છે પરંતુ આ ગ્રાન્ટ પ્રમાણસરની નથી, જે બાબતે આજે મેં રજૂઆત કરી હતી. જેમ કે સુરતની કરંજ વિધાનસભામાં મતદાર પોણા બે લાખ પણ નથી, જ્યારે અબડાસા વિધાનસભામાં પાંચ લાખ મતદાર છે, કામરેજમાં ચાર લાખ મતદારો છે, તો આ રીતે દરેક વિધાનસભામાં મતદારોની સંખ્યા અલગ અલગ છે. લગભગ દોઢ લાખથી લઈને સાડા પાંચ લાખ મતદાર ધરાવતી વિધાનસભાની સીટો હોય છે તો દોઢ લાખ વસ્તી ધરાવતા વિસ્તારને પણ અઢી કરોડ અને સાડા પાંચ લાખની વસ્તી ધરાવતા વિસ્તારને પણ અઢી કરોડની ગ્રાન્ટ મળતી હોય તે કેવી રીતે ચાલે? તો કઈ વિધાનસભામાં કેટલી નગરપાલિકા છે, ગામડા કેટલા છે અને જો મહાનગરમાં છે તો મહાનગરના કેટલા વિસ્તારમાં એ વિધાનસભા આવેલી છે, એ જોઈને ગ્રાન્ટ નક્કી કરવામાં આવે. કારણ કે સો ટકા ગ્રામીણ વિસ્તાર હોય તો ત્યાં વધુ ગ્રાન્ટની જરૂર પડે અને 50% કે 50%થી વધુ શહેરી વિસ્તાર હોય તો ત્યાં ઓછી ગ્રાન્ટની જરૂર પડે. જેમકે સુરત અને અમદાવાદ જેવા મહાનગરોના બજેટ જ 10-12 હજાર કરોડના છે. આવા વિસ્તારમાં બધા કામ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા હોય છે તો શહેરોમાંથી આવતા ધારાસભ્યોને રોડ, રસ્તા, ગટર, બાગ-બગીચા માટે કોઈ ખાસ બજેટની જરૂરત હોતી નથી.

# ધમકી આપનાર લોકોને પકડીને દાખલા બેસાડવામાં આવે: ચૈતર વસાવા



અમદાવાદ : આજે ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી. જે મુદ્દા પર આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ પોતાની ઉગ્ર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં રોજબરોજ કોલેજો, શાળાઓ, કોર્ટોને ઉડાવી દેવાની ધમકીઓ મળતી હોય છે. આજે તો વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ઈમેલ દ્વારા ધમકી મળી છે. ત્યારે ગુજરાત સરકાર અને ગૃહ વિભાગને મારી વિનંતી છે કે આધુનિક ટેકનોલોજીથી આવા લોકોને પકડીને એવા દાખલા બેસાડવામાં આવે કે રોજ રોજ મળતી ધમકી અટકી જાય. એટલી ધમકીઓ મળે છે "કોલેજો ઉડાવી દેવાની, શાળાઓ ઉડાવી દેવાની, હાઇકોર્ટમાં બૉમ્બ છે, સેશન્સ કોર્ટમાં બૉમ્બ છે", તો આમાં અત્યાર સુધી કેટલા લોકોને પકડ્યા? કોઈ પકડાયું નથી. તો ગુજરાત પોલીસ શું કરે છે? આજે તો ધમકી મળી કે વિધાનસભામાં બૉમ્બ છે, એટલે આજે અમને બધા ધારાસભ્યોને બહાર કાઢવામાં આવ્યા છે.

# વિસાવદર-ભેસાણમાં સહકારી મંડળીઓમાં ગેરરીતિઓ, ઓડિટ ન થવાથી કરોડોનો ભ્રષ્ટાચાર : ગોપાલ ઇટાલિયા

અમદાવાદ : વિધાનસભામાં થયેલ પ્રશ્નોતરી મામલે મીડિયા સાથે વાત કરતાં આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે આજે, ૧૮ માર્ચ ૨૦૨૬ના રોજ, ગુજરાત વિધાનસભામાં જૂનાગઢ જિલ્લાનો એક અત્યંત મહત્વનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ખાસ કરીને વિસાવદર અને ભેસાણ તાલુકાની બાબતે તારાંકિત પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. સમયના અભાવે આ પ્રશ્નની વિસ્તૃત ચર્ચા વિધાનસભામાં થઈ શકી નહોતી, પરંતુ સરકારે આપેલા જવાબના આધારે હું રાજકીય વિશ્લેષણ કરીને ગુજરાતની જનતા સુધી સંદેશ પહોંચાડવા માંગું છું. તેમણે જણાવ્યું કે અનેક સહકારી મંડળીઓ દ્વારા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ કરવામાં આવી રહી છે. સહકારી મંડળીઓમાં કેટલાક કિસ્સાઓમાં એવા ખેડુતોના નામે પણ લોન લેવામાં આવી છે જેમણે અરજી પણ કરી નથી. તેમજ, કેટલાક ખેડુતો લોનના પૈસા જમા કરાવવા જાય ત્યારે યોગ્ય પ્રક્રિયા વિના કેશ લેવામાં આવે છે અને સાત-બારના દાખલામાં યોગ્ય નોંધ કરવામાં આવતી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે આવી ઘટનાઓ બનવાનું મુખ્ય કારણ એ છે કે લાંબા સમયથી સહકારી મંડળીઓનું ઓડિટ કરવામાં આવતું નથી. ઓડિટ ન થવાને કારણે લાંબા સમયથી થતા ભ્રષ્ટાચાર અને કૌભાંડો જનતા સુધી પહોંચતા નથી. ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતુ કે દુઃખ સાથે કહેવું પડે છે કે જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકામાં એક વર્ષથી વધુ સમયથી ઓડિટ ન થયેલી ૧૪ મંડળીઓ છે અને બે વર્ષથી વધુ સમયથી ઓડિટ બાકી હોય તેવી ૧૧ મંડળીઓ છે. વિસાવદર વિસ્તારમાં ઓડિટ બાકી હોય તેવી મંડળીઓની સંખ્યા ૧૦૭ છે. તેમના મતવિસ્તારમાં અંદાજે ૩૯૦ મંડળીઓનું ઓડિટ થયું નથી. સમગ્ર જૂનાગઢ જિલ્લામાં કુલ ૧૫૭૭ સહકારી મંડળીઓ એવી છે કે જેનુ ઓડિટ થયું નથી. ગોપાલ ઇટાલિયાએ પ્રશ્ન ઉઠાવ્યો કે આ મંડળીઓમાં જો કૌભાંડો થયા હોય તો તે બહાર ક્યારે આવશે? કારણ કે ઓડિટ થાય ત્યારે જ સત્ય બહાર આવે છે.


## જના સ્મોલ ફાઈનાન્સ બેંક
(એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઈનર રિંગ રોડ, ઈજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-૫૬૦૦૭૧. પ્રાદેશિક શાખા ઓફિસ: ગ્રાઉન્ડ ફ્લોર, બીજો માળ, શાંગરીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫.

### સરફેસી અધિનિયમ, 2002ની કલમ 13(2) હેઠળ માંગણી સૂચના

જ્યારે તમે નીચે જણાવેલ દેવાદારો, સહ-દેવાદારો, જામીનદારો અને ગીરોકર્તાઓએ જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ પાસેથી તમારી સ્થાવર મિલકતો ગીરો મૂકીને લોન લીધી છે. તમારા દ્વારા કરવામાં આવેલી ચુકવણીમાં કસૂરને કારણે, તમારા લોન ખાતાને 'નોન-પરફોર્મિંગ એસેટ' (NPA) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, જ્યારે જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ આ કાયદા હેઠળ સુરક્ષિત લેણદાર હોવાથી, અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 2 સાથે વંચાણે લેતા કાયદાની કલમ 13(2) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, કોલમ નં. 2 માં ઉલ્લેખિત દેવાદારો/ સહ-દેવાદારો/ જામીનદારો/ ગીરોકર્તાઓને નોટિસની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ભવિષ્યના વ્યાજ સાથે ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરી છે, પરંતુ વિવિધ કારણોસર તેમનામાંથી કેટલાકને નોટિસો બજાવી શકાઈ નથી.

| ક્ર. નં. | ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/જામીન આપનાર/ગીરો આપનારનું નામ | લોન એકાઉન્ટ નંબર અને લોનની રકમ | લાગુ કરવામાં આવનાર સુરક્ષાની વિગતો | NPAની તારીખ અને માંગણી નોટિસની તારીખ | બાકી રકમ રૂ. માં / તારીખ મુજબ |
|---|---|---|---|---|---|
| 1. | (1)ફિરોઝખાન ફકીર મોહમ્મદ (2)અફસાના | લોન એકાઉન્ટ નંબર 31799610000626 લોન રકમ: Rs. 10,97,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: N. A. સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ જે બિન-ખેતી જમીન પર બાંધવામાં આવ્યો છે - બ્લોક/સર્વે નં. ૧૬૫ પાયકી, પ્લોટ નં. ૨૭ પાયકી (દક્ષિણ બાજુ) ૩૯.૧૯ ચોરસ મીટર, ગ્રાઉન્ડ ફ્લોર ૩૯.૧૯ ચોરસ મીટર અને પ્રથમ માળ ૩૨.૧૪ ચોરસ મીટર, ગામ-સવગઢ તા- હિંમતનગર, જિલ્લો- સાબકાંઠા ખાતે સ્થિત છે. સીમાઓ: ઉત્તર: પ્લોટ નં. ૨૭ પાયકી અડધી જમીન, દક્ષિણ: પ્લોટ નં. ૨૮, પૂર્વ: પ્લોટ નં. ૩૪, પશ્ચિમ: ૬.૧૦ મીટર રોડ. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 11,19,187/- (અગિયાર લાખ ઓગણીસ હજાર એક સો સિત્યાસી રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 2. | (1)ગુજર શ્રવણ સુખદેવ (2)ગુજર ચંપાદેવી સુખદેવ | લોન એકાઉન્ટ નંબર 49769610000116 લોન રકમ: Rs. 16,15,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: તા. વાપીના ડુંગરા ગામ ખાતે આવેલા સર્વે નં. ૨૧૯/૨,૨૧૯/૨ પૈકી, ૨૧૯/૩, પૈકી પ્લોટ નં. ૫૫/બી અને ૫૬/એ જમીન ધરાવતા, લગભગ ૩૩૯.૯૬ ચો. મીટરના, એન.એ. જમીન પર બાંધવામાં આવેલ, રહેણાંક ફ્લેટ નં. એફ-૦૨, જેનો માપ લગભગ ૯૭૦.૦૦ ચો. ફૂટ છે, જે ૯૦.૧૪ ચો. મીટર જેટલો છે. સુપર બિલ્ટ અપ એરિયા, જમીનમાં અવિભાજિત હિસ્સો સાથે. સુપર બિલ્ટ અપ એરિયા, લગભગ ૧૦.૦૦ ચો. મીટર જેટલો છે. વલસાડ જિલ્લો ગુજરાત રાજ્ય અને જેની સીમા નીચે મુજબ છે: પૂર્વ: ખુલ્લી જગ્યા દ્વારા, પશ્ચિમ: ફ્લેટ નં. F-01 દ્વારા, ઉત્તર: ખુલ્લી જગ્યા દ્વારા, દક્ષિણ: ફ્લેટ નં. F-03 દ્વારા. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 16,69,304/- (સોળ લાખ ઓગણસિત્તેર હજાર ત્રણ સો ચાર રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 3. | (1)જાની હાર્દિક મહેન્દ્રભાઈ (2)જાની બિન્ટા હાર્દિક | લોન એકાઉન્ટ નંબર 45189610001050 લોન રકમ: Rs. 22,60,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: મૌજે ખાતે સ્થિત પેટલાદ આનંદ (NA જમીન પર) ના બધા ટુકડા અને પાર્સલ. જમીન ધારક R. S/બ્લોક નં. 384/B કુલ 5667 ચોરસ મીટર. શીટ નં. N.A. 99. C.S. નં. N. A. 384/B/38 પૈક્કી પ્લોટ નં. 38 પૈક્કી સબ પ્લોટ નં. 38/B, કુલ 42.75 ચોરસ મીટર., જમીનનો અવિભાજિત હિસ્સો 32.16 ચોરસ મીટર. માઉન્ટ્સ., રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ પેટલાદ અને જિલ્લો આણંદ ખાતે, ગુજરાત રાજ્યની અંદર અને નીચે મુજબ સીમાઓ: પૂર્વ: સબ પ્લોટ નં. ૩૯-એ, પશ્ચિમ: પ્લોટ નં. ૩૮-એ, ઉત્તર: સોસાયટી ઈન્ટરનલ રોડ, દક્ષિણ: માર્જિન પછી આર. એસ. નં. ૩૮૪/પૈક્કી જમીન. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 23,33,945/- (તેવીસ લાખ તેત્રીસ હજાર નવ સો પિસ્તાલીસ રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 4. | (1)કદમ નિખિલભાઈ (2)કદમ સંધ્યાબેન નિખિલભાઈ | લોન એકાઉન્ટ નંબર 45189610000682 લોન રકમ: Rs. 44,10,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત: વડોદરાના મૌજે કરજણમાં બિન-કૃષિ જમીનનો તે તમામ ટુકડો અને ભાગ જે સર્વે નં. ૧૦૧૮ એનએ જમીન વિસ્તાર ધરાવે છે જે ૩૨૩૭.૦૦ ચો.મી. માપે છે, જેને 'સંસ્કાર પાર્ક' તરીકે ઓળખવામાં આવે છે, પાઈકી પ્લોટ નં. ૧૭, પ્લોટ ૧૪૧.૦૯૯ ચો.મી. માપે છે, જમીન વિસ્તારનો અવિભાજિત હિસ્સો ૬૭.૦૦૦ ચો.મી., કુલ ૨૦૮.૦૯૯ ચો.મી. માપે છે, બાંધકામ ૧૫૩.૩૪ ચો.મી. માપે છે, નોંધણી જિલ્લા અને પેટા જિલ્લા કરજણ, જિલ્લો વડોદરા. સીમાઓ: પૂર્વ: પ્લોટ નં. ૧૮, પશ્ચિમ: આર.એસ. નં. ૯૮૭ ને અડીને, ઉત્તર: પ્લોટ નં. ૨૪, દક્ષિણ: પ્લોટ નં. ૧૬ અને આંતરિક માર્ગ. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 45,02,171/- (પિસ્તાલીસ લાખ બે હજાર એક સો ઇકોતેર રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 5. | (1)કટોડિયા રાકેશભાઈ ભોજાભાઈ (2)કટોડિયા ભોજાભાઈ જશુબેન | લોન એકાઉન્ટ નંબર 36499420004039 લોન રકમ: Rs. 12,42,600/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત: બાંધવામાં આવેલ રહેણાંક માપન વિસ્તાર ૫૨.૦૦ ચો.મી., ઘુટુ રેવન્યુ સર્વે નંબર ૫૨૦(પી)૧, ૫૨૦(પી)૨, ૫૨૦(પી)૩ અને ૫૨૦(પી)૪, પ્લોટ નંબર ૫૩/પી ખાતે આવેલું છે. કુલ પ્લોટ વિસ્તાર ૬૨.૭૬ ચો.મી., ઘુટુ, જિલ્લો મોરબી ખાતે. સીમાઓ: પૂર્વ: પ્લોટ નંબર ૪૯, પશ્ચિમ: રોડ, ઉત્તર: આ પ્લોટ પી અન્ય મિલકત, દક્ષિણ: પ્લોટ નંબર ૫૪. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 12,91,124/- (બાર લાખ એકાણું હજાર એક સો ચોવીસ રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 6. | 1)ખત્રી રફાકતહુસૈન શાકિરહુસૈન (2)ખત્રી રેહાનાબાનુ | લોન એકાઉન્ટ નંબર 45189420007025 લોન રકમ: Rs. 11,50,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: મૌજે-કરજણ, વડોદરામાં બિન-કૃષિ જમીન ધરાવતો સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ સી.એસ. નં. 2540, શીટ નં. 33, ચલતા નં. 121, પૈક્કી 644.53 ચોરસ મીટર માપવા, 'આલમખદુમ પ્લાઝા' તરીકે ઓળખાતી જમીન પર સ્થિત છે અને સ્થિત છે. ચોથો માળ, ફ્લેટ નં. 403, 42.75 ચોરસ મીટર માપવા, એટલે કે 460 ચોરસ મીટર રજિસ્ટ્રેશન જિલ્લો અને પેટા-જિલ્લો- કરજણ જિલ્લો- વડોદરા. સીમાઓ દ્વારા: પૂર્વ: સી.એસ. નં. 2545, પશ્ચિમ: ફ્લેટ નં. 402, ઉત્તર: ફ્લેટ નં. 404, દક્ષિણ: રોડ. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 11,75,618/- (અગિયાર લાખ પંચોતેર હજાર છ સો અઢાર રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 7. | (1)લાલાભાઈ કાલુભાઈ રોઝ (2)મંજુલાબેન લાલાભાઈ રોઝ | લોન એકાઉન્ટ નંબર 51810430000837 લોન રકમ: Rs. 4,00,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: મુક્ત સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ ગ્રામ પંચાયત મિલકત નં. 209 છે જેનું માપ 88.25 ચોરસ મીટર છે, ખુલ્લી જમીન બાંધકામવાળી મિલકત સાથે નીચે મુજબ સીમા ધરાવે છે:- પૂર્વમાં: માલિકની મિલકત, પશ્ચિમમાં: માલિકની મિલકત, ઉત્તરમાં: રોડ, દક્ષિણમાં: માલિકની મિલકત. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 3,94,922/- (ત્રણ લાખ ચોરાણું હજાર નવ સો બાવીસ રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 8. | (1)મકવાણા શિલ્પા જયેશકુમાર (2)મકવાણા જયેશભાઈ હરસુખલાલ | લોન એકાઉન્ટ નંબર 31529420001992 લોન રકમ: Rs. 12,00,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત: જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સ્થિત, ખામધ્રોલના એકર 2-03 ગુઠા, 'શ્યામ પાર્ક' તરીકે ઓળખાતી, R.S.No. 128/1/પાઇક જમીનના પ્લોટ નં. 11/પાઇક જમીન (જેને સબ પ્લોટ નં. 10(B)+10(C)+11(A)+11(B)4 તરીકે ઓળખવામાં આવે છે) ની જમીન પર બાંધવામાં આવેલું રહેણાંક મકાન. સીમાઓ: પૂર્વ: પેટા પ્લોટ નં. 10(B)+10(c)+11(A)+11(B)/3: પશ્ચિમ: પ્લોટ નં. 12 ની જમીન, ઉત્તર: 7-50 મીટર પહોળી N.A. રોડ. દક્ષિણ: એસ.નં. ૧૨૮/૨/પાઈકેની જમીન. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 9,14,202/- (નવ લાખ ચૌદ હજાર બે સો બે રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 9. | (1)મીરવાણી કમલ વાસુદેવ (2)મીરવાણી પૂનમ વાસુદેવ | લોન એકાઉન્ટ નંબર 45179420003001 લોન રકમ: Rs. 24,40,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ. બીજા માળે ફ્લેટ નં.૨૦૪, (મ્યુનિ ટેનામેન્ટ નં.૦૨૧૧-૨૯-૦૫૧૧- ૦૦૦૧-જે) મિલકત. 'શિવસાગર કો.ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ' માં ૯૦ ચો.યાર્ડ એટલે કે ૭૫.૨૫.૧૭ ચો.મી. વિસ્તાર ધરાવતો, અમદાવાદ જિલ્લામાં મૌજે સૈજપુર-બોઘા તાલુકા શહેરના મહેસૂલ સર્વે નં. ૪૨+૪૩ (શહેર સર્વે નં. ૧૦૫૬+૧૦૫૭ પાયકી) અને ગુજરાત રાજ્યમાં અમદાવાદ-૬ (નરોડા) ના નોંધણી પેટા જિલ્લાના જમીન પર સ્થિત, ઉપરોક્ત મિલકત નીચે મુજબ સીમા ધરાવે છે: પૂર્વ દ્વારા: રોડ, પશ્ચિમ દ્વારા: પેસેજ પછી ફ્લેટ નં. ૨૦૭, ઉત્તર દ્વારા: ફ્લેટ નં. ૨૦૩, દક્ષિણ દ્વારા: ફ્લેટ નં. ૨૦૫. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 24,99,804/- (ચોવીસ લાખ નવાણું હજાર આઠ સો ચાર રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 10. | (1)નિનામા લક્ષ્મણભાઈ લાલુભાઈ (2)નિનામા સુકાલીબેન લક્ષ્મણભાઈ | લોન એકાઉન્ટ નંબર 51810430001037 લોન રકમ: Rs. 5,00,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: ગ્રામ પંચાયત - પુંસરી મિલકત અને મકાન નં. ૯૩૧, ૧૪૩.૯૯ ચોરસ મીટર, બાંધકામ હેઠળની મિલકત જમીન સાથે પો પુંસરી ખાતે સ્થિત. ભૂર્યા ફળિયું તા - જિલ્લો - દાહોદ. સીમાઓ: પૂર્વ: ખુલ્લો પ્લોટ, પશ્ચિમ: રોડ, ઉત્તર: ખુલ્લી જમીન, દક્ષિણ: અન્ય મકાન. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 5,02,875/- (પાંચ લાખ બે હજાર આઠ સો પંચોતેર રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 11. | (1)પરમાર નવનીતભાઈ કાભાઈભાઈ (2)પરમાર જ્યોત્સનાબેન નવનીતભાઈ | લોન એકાઉન્ટ નંબર 31809630000515 લોન રકમ: Rs. 2,70,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: મોજે - ડુમરાલ, મિલકત નં. ૧૦૮૪, પાઈકી ૩૫.૨૪ ચોરસ ફૂટ માપ, તા- નડિયાદ, જિલ્લો-ખેડા, સીમાઓ: પૂર્વ: ડૉ. અશ્વિનકુમારનું ઘર આવેલું છે, પશ્ચિમ: રસ્તો આવેલું છે, ઉત્તર: જશોદાબેનનું ઘર આવેલું છે, દક્ષિણ: રમણબાહી પરમારનું ઘર આવેલું છે. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 1,74,397/- (એક લાખ ચૌતેર હજાર ત્રણ સો સત્તાણું રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 12. | (1)પરમાર વિજયભાઈ સવજીભાઈ (2)પરમાર સવજી મોહન | લોન એકાઉન્ટ નંબર 36499420000770 લોન રકમ: Rs. 10,15,961/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: પહેલા માળે બાંધવામાં આવેલ રહેણાંક ફ્લેટ નં. ૧૦૫, તેનો બિલ્ટ-અપ એરિયા ચોરસ મીટર, ૨૬.૨૦ એટલે કે કાર્પેટ એરિયા ચોરસ મીટર, ૨૨.૯૫ અને વોશ એરિયા ચોરસ મીટર, ૦.૭૫, કુલ ચોરસ મીટર, ૨૩.૭૦, 'શ્રીમદ ઓનીક્સ' તરીકે ઓળખાતી નીચી ઈમારતમાં, ગુજરાત રાજ્યમાં રાજકોટ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ સિટી રાજકોટની અંદર આવેલા ઘંટેશ્વર ગામના એન. એ. રેવન્યુ સર્વે નંબર ૨૮ પી ૧/પી ૨ ના પ્લોટ નંબર ૧૨૨ ના ૨૮૮.૦૦ માપની જમીન પર બાંધવામાં આવેલ છે. સીમાઓ:- પૂર્વ: ખુલ્લો માર્ગ અને ૯.૦૦ મીટર, પહોળો માર્ગ, પશ્ચિમ: માર્ગ, ઉત્તર: ફ્લેટ નંબર ૧૦૬, દક્ષિણ: ફ્લેટ નંબર ૧૦૪. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 9,99,310/- (નવ લાખ નવાણું હજાર ત્રણ સો દસ રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 13. | (1)પટેલ સ્નેહલકુમાર જશુભાઈ (2)પટેલ ફોરમ સ્નેહલકુમાર | લોન એકાઉન્ટ નંબર 33369610000371 લોન રકમ: Rs. 30,37,000/- | ગીરવે મુકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત: ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ જે પ્લોટ નં. E/4 છે, જેનો સુપર પ્લોટ વિસ્તાર 600 ચોરસ યાર્ડ એટલે કે 501.67 ચોરસ મીટર છે, અને 'ગ્રીનલેન્ડ ધ ઈકો. વિલેજ' તરીકે ઓળખાતી યોજનામાં તેના પર બાંધવામાં આવેલા બાંધકામ સાથે, અમદાવાદ જિલ્લામાં સાણંદ તાલુકામાં મૌજે ઝામ્પના સર્વે નં. 482 પાયકી 6 અને નોંધણી ઉપ જિલ્લા સાણંદ ધરાવતી બિન-કૃષિ જમીન પર સ્થિત છે. ઉપરોક્ત મિલકત નીચે મુજબ સીમા ધરાવે છે:- પૂર્વ: પેટા પ્લોટ નં. E/20, પશ્ચિમ: રોડ, ઉત્તર: પેટા પ્લોટ નં. E/3, દક્ષિણ: પેટા પ્લોટ નં. E/5. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 30,66,658/- (ત્રીસ લાખ છાસઠ હજાર છ સો અઠ્ઠાવન રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 14. | (1)પઠાણ સિદીકભાઈ નૂરમહમ્મદ (2)પઠાણ આઈશાબીબી | લોન એકાઉન્ટ નંબર 31809420000419 લોન રકમ: Rs. 10,22,330/- લોન એકાઉન્ટ નંબર 31809410000099 લોન રકમ: Rs. 1,38,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત-શેડ્યુલ મિલકત: મોજે ગામ-સમરખા, મહેસૂલ સર્વે નં. ૮૧૨/પૈકી, માપણી હેક્ટર ૪૬.૬૫ ૦-પૈકી માપણી ૨૩૨૭.૦૦ સોથૈન પૈકી 'લબ્બૈક રેસીડેન્સી' સબ પ્લોટ નં. ૨૧, પૈકી માપણી ૪૪.૬૫ ચોરસ મીટર, પૈકી માપણી ૪૮૦.૦૦ ચોરસ ફૂટ, પૈકી બાંધકામ ૩૫.૦૦ ચોરસ મીટર તા- જિલ્લો- આણંદ, સીમાઓ દ્વારા: પૂર્વ: પેટા પ્લોટ ૧ સ્થિત છે, સોથ: પેટા પ્લોટ નં. ૨૩ સ્થિત છે. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 9,25,757/- (નવ લાખ પચીસ હજાર સાત સો સત્તાવન રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 15. | (1)રાજીવ રમેશચંદ્ર શર્મા (2)ઉર્મિલા શર્મા | લોન એકાઉન્ટ નંબર 33369610000384 લોન રકમ: Rs. 30,37,000/- | ગીરવે મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ જે પ્લોટ નં. E/6 છે, જેનો સુપર પ્લોટ વિસ્તાર છે 600 ચોરસ યાર્ડ, એટલે કે 501.67 ચોરસ મીટર, બાંધકામ સાથે બાંધવામાં આવેલ બાંધકામ 'ગ્રીનલેન્ડ ધ ઈકો. વિલેજ' તરીકે ઓળખાતી યોજનામાં, સ્થિત અને અમદાવાદ જિલ્લામાં સાણંદ અને નોંધણી ઉપ જિલ્લો સાણંદ, મૌજે ઝામ્પ, તાલુકા ગુજરાત રાજ્યની અંદર, બિન-ખેતી જમીન પર સ્થિત છે. ઉપરોક્ત મિલકત નીચે મુજબ સીમા ધરાવે છે:- પૂર્વ: રોડ, પશ્ચિમ: પેટા પ્લોટ નં. E/20, ઉત્તર: પેટા પ્લોટ નં. E/5, દક્ષિણ: પેટા પ્લોટ નં. E/7. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 30,61,998/- (ત્રીસ લાખ એકસઠ હજાર નવ સો ઠાણું રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 16. | (1)સત્યમ સંતોષ દુબે (2)સુંદરમ દુબે | લોન એકાઉન્ટ નંબર 31519420002648 લોન રકમ: Rs. 11,50,000/- | ગીરવે મુકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: સ્થાવર મિલકતનો તમામ ભાગ મધ્ય ભાગ ભરૂચ, પેટા જિલ્લો - અંકલેશ્વર, મૌજે-દાધલ, આર.એસ. નં. ૧૭૯ જૂની આર.એસ. નં. ૫૬ શહેર સર્વે નં. NA૧૭૯ પાયકી 'સાઈદીપ રેસીડેન્સી' પ્લોટ નં. ૩૬૩ શહેર સર્વે નં. NA૧૭૯/૩૬૩ વિસ્તાર ૪૦.૧૫ ચોરસ મીટર, સીઓપી વિસ્તાર ૬.૪૯ ચોરસ મીટર, વરાડે ૧૬.૦૯ ચોરસ મીટર મીટર, કુલ ૬૨.૭૩ ચોરસ મીટર સીમાઓ નીચે મુજબ છે:- પૂર્વ: આંતરિક માર્ગ, પશ્ચિમ: પ્લોટ નં. ૩૫૪, ઉત્તર: પ્લોટ નં. ૩૬૪, દક્ષિણ: પ્લોટ નં. ૩૬૨. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 11,74,284/- (અગિયાર લાખ ચૌતેર હજાર બે સો ચોર્યાસી રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |
| 17. | (1)શેખ શહેબાઝ અબ્દુલસત્તાર (2)શેખ અરબાઝ અબ્દુલસત્તાર (3)શેખ ફરાઝ અબ્દુલસત્તાર (4)શેખ અબ્દુલસત્તાર અહેમદ | લોન એકાઉન્ટ નંબર 31519420000477 લોન રકમ: Rs. 41,72,000/- | ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત: તે બધી જ સ્થાવર મિલકતનો મધ્ય ભાગ સ્થાવર મિલકત જિલ્લો ભરૂચ, પેટા જિલ્લો ભરૂચ, મૌજે-વેજલપુર આર. એસ. નં. ૪૮/૧, ટી.પી. સ્કીમ નં. ૩, ટી.પી. ખુલ્લો પ્લોટ નં. ૫૧, ટી.પી. ફાઈનલ પ્લોટ નં. ૫૩, પ્લોટ નં. બી-૨૩, પાયકી પ્લોટ નં. બી-૨૩ પી ૨ વિસ્તાર ૭૪.૨૫ ચો. મીટર, 'શોભન પાર્ક', જિલ્લો ભરૂચ. સીમાઓ:- પૂર્વ: પ્લોટ નં. બી-૨૨, પશ્ચિમ: રોડ, ઉત્તર: પ્લોટ નં. બી-૨૪, દક્ષિણ: પ્લોટ નં. બી-૨૩ પાયકી પ્લોટ નં. બી-૨૩ પી ૧. | NPA તારીખ: 03/03/2026 ડિમાન્ડ નોટિસ તારીખ: 13/03/2023 | Rs. 40,25,370/- (ચાલીસ લાખ પચીસ હજાર ત્રણ સો સિત્તેર રૂપિયા ફક્ત) 12/03/2026 ના રોજ સુધી |

તેથી, કોલમ નં. 2 માં દર્શાવેલ દેવાદાર/સહ-ઋણધારક/જામીનદાર અને ગીરો આપનારને નોટિસ આપવામાં આવે છે, જેમાં તેમને આ નોટિસ પ્રકાશિત થયાના 60 દિવસની અંદર તમામ સંબંધિત દેવાદાર/સહ-ઋણધારક સામે કોલમ નં. 6 માં દર્શાવેલ કુલ રકમ ચૂકવવાપાત્ર હોવાનું જાણવા મળ્યું હોવાથી, કોલમ નં. 6 માં દર્શાવેલ તારીખે સંબંધિત લોન ખાતાના સંબંધમાં ઉપરોક્ત રકમ ચૂકવવાપાત્ર હોવાનું જાણવા મળ્યું છે. એ સ્પષ્ટ કરવામાં આવે છે કે જો કુલ રકમ, ભવિષ્યના વ્યાજ અને ચુકવણીની તારીખ સુધી ચૂકવવાપાત્ર બની શકે તેવી અન્ય રકમ સાથે, ચૂકવવામાં ન આવે, તો જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, કોલમ નં. 4 માં વર્ણવેલ મિલકતો પર સુરક્ષા વ્યાજ લાગુ કરવા માટે યોગ્ય પગલાં લેવા માટે મજબૂર રહેશે.

કૃપા કરીને નોંધ લો કે આ પ્રકાશન કાયદા હેઠળ ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/જામીનદાર/ગીરવે મૂકનારાઓ સામે જાના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડને ઉપલબ્ધ અધિકારો અને ઉપાયોને પૂર્વગ્રહ રાખ્યા વિના કરવામાં આવ્યું છે. તમને વધુમાં નોંધ લેવાની વિનંતી છે કે ઉક્ત અધિનિયમની કલમ 13(13) મુજબ, તમને ઉપરોક્ત સિક્યોરિટીનો નિકાલ કરવા અથવા તેની સાથે વ્યવહાર કરવા અથવા સુરક્ષિત લેણદારની પૂર્વ સંમતિ વિના સિક્યોર્ડ સંપત્તિના વેચાણ, લીઝ અથવા અન્ય રીતે ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત/પ્રતિબંધિત કરવામાં આવે છે.

Date: 20.02.2026, Place: Ahmedabad

Sd/- અધિકૃત અધિકારી, જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ માટે


# ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા અંગે વેબસાઈટ શરૂ કરાઈ : રજીસ્ટ્રેશન વિનામૂલ્યે રહેશે

રાજપીપલા : નર્મદા જિલ્લામાં દર વર્ષે ફાગણ વદ અમાસથી ચૈત્ર વદ અમાસ સુધી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા યોજાય છે. આ વર્ષે પણ ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા તા. ૧૯/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૪/૨૦૨૬ સુધી યોજાનાર છે. ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાના સુચારૂ આયોજન માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા એક વેબસાઈટ બનાવવામાં આવી છે. જેનું URL :- 'yatradhamportal.gujarat.gov.in' છે. આ વેબસાઈટમાં એક સાથે એક વ્યક્તિ અન્ય ૬ નામોનું રજીસ્ટ્રેશન કરી શકે છે. તેમજ સમગ્ર પરિક્રમા દરમિયાન એક પરિક્રમાર્થી અલગ અલગ ૭ સ્લોટમાં મહત્તમ ૪૯ પરિક્રમાર્થીઓનું રજીસ્ટ્રેશન કરી શકશે. આ રજીસ્ટ્રેશન માટે કોઈપણ ફી ચુકવવાની રહેતી નથી. રજીસ્ટ્રેશન કરનાર મુખ્ય પરિક્રમાર્થીના મોબાઈલમાં ટેક્સ્ટ અને ઈ-મેઈલથી રજીસ્ટ્રેશન કર્યા અંગેનો QR કોડ આવશે. જેની પ્રિન્ટ તેઓએ સાથે લઈને આવવાની રહેશે. જે રજીસ્ટ્રેશન QR Code પરિક્રમા શરૂ થતા પહેલાં Scan કરવામાં આવશે. જે પણ પરિક્રમાર્થીઓનું રજીસ્ટ્રેશન થયેલું હશે તેમને પરિક્રમા અંગે તંત્ર દ્વારા બહાર પાડવામાં આવતી મહત્વની માહિતી ટેક્સ્ટ મેસેજ કે ઈ-મેઈલ દ્વારા મેળવી શકાશે તેથી આ વર્ષે પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને અવશ્ય રજીસ્ટ્રેશન કરવા માટે વહીવટી તંત્ર દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

# આજના જમાનામાં ડિજિટલી લિટરેટ નથી તો તમે અભણ છો : ડૉ રાજદીપસિંહ ઝાલા,એસ.પી



અમદાવાદ | પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, અમદાવાદ દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોશીયેશન ખાતે આજે અમદાવાદના પત્રકાર મિત્રો માટે "ડિજિટલ સમાવેશ" વિષય પર "વાર્તા" મિડીયા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ડિજિટલ યુગમાં વધતા પડકારો, સાયબર સુરક્ષા અને ટેકનોલોજીની માહિતી મિડીયા દ્વારા સર્વસામાન્ય લોકો સુધી પહોંચે તેવા ઉદેશ્ય સાથે "ડિજિટલ સમાવેશ" વિષય પર "વાર્તા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્તા કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. તેમજ શ્રી પ્રશાંત પાઠરાબે, ડીજી, પીઆઈબીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ડિજિટલ સમાવેશ પર "વાર્તા" કાર્યક્રમની આવશ્યકતા પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે, આજના સમયમાં ડિજિટલ ઉપસ્થિતિ અનિવાર્ય બની ગઈ છે, પરંતુ તેની સાથે અનેક પડકારો પણ જોડાયેલા છે. બાળકો થી લઈને વયસ્કો સુધી ડિજિટલ સાક્ષરતા સાથે જાગૃતિ લાવવી પણ એટલી જ જરૂરી છે. આવા સમયમાં આ પ્રકારના કાર્યક્રમોની મહત્વતા અનેકગણી વધી જાય છે. તેમજ તેમણે માહિતી અને પ્રસારણ મંત્રાલય અને પીઆઈબીની કામગીરી સાથે વાર્તા અને વાર્તાલાપ જેવા આઉટરીચ કાર્યક્રમો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. કાર્યક્રમ દરમિયાન વિષય નિષ્ણાતો દ્વારા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ડૉ. રાજદીપસિંહ ઝાલા, એસ.પી., સાયબર સેન્ટર ઑફ એક્સેલેન્સ, ગુજરાત દ્વારા "સાયબર ક્રાઈમ" વિષય પર મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. જેમાં તેમણે આજના સમયમાં ઑનલાઈન સુરક્ષાના પડકારો પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, "જો આજના જમાનામાં તમે ડિજિટલી લિટરેટ એટલે કે સાક્ષર નથી તો તમે અભણ છો" કારણ કે આજે એ લોકો જ સૌથી વધુ ડિજિટલ ગુનાઓ માટે સૌથી વધુ સંવેદનશીલ છે. તેમણે ડિજિટલ નાણાંકીય છેતરપીંડી, ડિજિટલ અરેસ્ટ, માલવેર, સાયબર ગુલામ, ડાર્કવેબ અને સાયબર ટેરર જેવા વિવધ વિષયો પર રિયલ લાઈફ કેસો દ્વારા જાણકારી આપી હતી. તેમણે નાગરિકોને ગોલ્ડન અવરમાં( ડિજિટલ ગુનો થયાના તુરંત કે ટૂંક સમયમાં જ) પોલીસ મદદ મેળવવા પર ભાર મૂક્યો હતો. તેમણે ડિજિટલ ગુનાઓને અટકાવવા અને ઉકેલવા માટે જનતાની પ્રત્યક્ષ ભાગદારી હોવી જરૂરી ગણાવી હતી. ડૉ. નિલય મિસ્ત્રી (હેડ, સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ડિજિટલ ફોરેન્સિક, NFSU)એ કાર્યક્રમમાં ફેક ન્યૂઝ અને ફેક ઈન્ફોર્મેશન અંગે ઉંડાણપૂર્વકની માહિતી આપતા કહ્યું હતું કે,"જે સમાચાર, સંવેદનશીલ અને સનસનાટીભર્યા છે તે આગની જેમ ફેલાય છે. જ્યારે સત્યને પહોંચતા ઘણો સમય લાગે છે. આ સાથે જ તેમણે ફેક ન્યૂઝ અને ફેક ઈન્ફોર્મેશન અંગે તેમણે માહિતીની ખરાઈ કરવા માટે એક માર્ગદર્શિકા રજૂ કરી હતી. એક સુરક્ષિત ડિજિટલ સમાવેશ માટે પત્રકારોની જવાબદારી રેખાંકિત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'આજે માહિતીનો ઓવરલોડ છે, ત્યારે જવાબદાર પત્રકારત્વની તાતી જરુરિયાત છે". ડૉ. પરાગ રૂઘાણી, ડીન, સ્કૂલ ઓફ સાયબર સિક્યુરિટી એન્ડ ડિજિટલ ફોરેન્સિક, NFSU એ "સાયબર સિક્યુરિટી" વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી.

# News Brief

## સાબરમતી સ્ટેશન પર રીડેવલપમેન્ટ કાર્યના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

અમદાવાદ : અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશન પર રીડેવલપમેન્ટ કાર્ય અંતર્ગત રેલવે લાઈન નં. 7, 8 અને 9 પર હાઈ-રૂફ કોમ્પોઝિટ સ્ટીલ ગર્ડર લોન્ચિંગ માટે બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક પેસેન્જર ટ્રેનો પ્રભાવિત રહેશે. તેની વિગત નીચે મુજબ છે: આંશિક રદ ટ્રેન: 20 થી 29 માર્ચ 2026 સુધી ટ્રેન નં. 14821 જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આબૂ રોડ-સાબરમતી વચ્ચે આંશિક રદ રહેશે. 21 થી 30 માર્ચ 2026 સુધી ટ્રેન નં. 14822 સાબરમતી-જોધપુર એક્સપ્રેસ સાબરમતી-આબૂ રોડ વચ્ચે આંશિક રદ રહેશે. સંપૂર્ણ રદ ટ્રેન: 21 થી 30 માર્ચ 2026 સુધી ટ્રેન નં. 69249/69250 સાબરમતી-કાટોસ ણ રોડ-સાબરમતી મેમૂ સંપૂર્ણ રદ રહેશે.ટ્રેનોના ઠેરાવ, માર્ગ અને રચના અંગે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

## સ્પીપા તાલીમાર્થી અધિકારીઓની ગુજરાત વિધાનસભા ખાતે અભ્યાસ મુલાકાત

ગાંધીનગર : સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદદ્વારા ગાંધીનગર પરિસર ખાતે ચાલી રહેલા પ્રથમ કોમન ફાઉન્ડેશન કોર્સ અંતર્ગત તાલીમાર્થી અધિકારીઓ માટે અભ્યાસના ભાગરૂપે સ્પીપાના મહાનિદેશકશ્રી હારીત શુક્લાના પ્રેરક માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓ ગુજરાત વિધાનસભા ખાતે અભ્યાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં અંદાજે ૫૦ જેટલા મહિલા તાલીમાર્થી અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ મુલાકાત દરમિયાન તાલીમાર્થી અધિકારીઓએ વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળનું અવલોકન કરીને રાજ્યના વિધાન પ્રક્રિયાના વ્યવહારિક પાસાઓની પ્રત્યક્ષ સમજ મેળવી હતી. ઉપરાંત, વિધાનસભાના દૈનિક કામકાજ, ચર્ચા અને નિર્ણય પ્રક્રિયા અંગે પણ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. તે તેમના પ્રશાસનિક જીવનમાં ઉપયોગી સાબિત થશે.

## SVP હોસ્પિટલમાં સિનિયર તબીબોને ૮ કલાક હાજર રહેવા આદેશ અપાયો...

અમદાવાદ | ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની સુચના મુજબ એન.એચ.એલ.મેડિકલ કોલેજના ડીન દ્વારા એસ.વી.પી. હોસ્પિટલમાં તમામ ફેકલ્ટી સ્ટાફે સવારના ૯થી સાંજના ૫ કલાક સુધી ફરજિયાત હાજર રહેવા પરિપત્ર કરાયો છે. ૮ કલાકની હાજરી ઉપરાંત સાંજે ૫થી રાત્રિના ૧૦ સુધી એક રાઉન્ડની વ્યવસ્થા કરવાના પરિપત્રમાં ઉલ્લેખથી તબીબો અકળાયા છે.

કોર્પોરેશન સંચાલિત એસ.વી.હોસ્પિટલમાં સિનિયર ડોકટરો હાજર નહીં રહેતા હોવાનો વિડિયો યુવતી દ્વારા વાયરલ કરવામા આવ્યા પછી આ પરિપત્ર કરવામા આવ્યો છે.હોસ્પિટલ વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગત મુજબ ડીન દ્વારા કરવામા આવેલા આ પરિપત્ર પછી પણ હોસ્પિટલના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તથા એસોસીએટ ડોકટરો પૈકી ઘણાં ખરાં ગેરહાજર રહે છે.જે પરિપત્ર કરવામા આવ્યો છે તેમા પણ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તથા એસોસીએટ પ્રોફેસરોની જવાબદારી અંગે કોઈ સ્પષ્ટતા કરવામા આવી નથી. ઉપરાંત ફરજિયાત હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તથા એસોસીએટ દ્વારા રાઉન્ડ લેવા બાબતમા પણ કોઈ ઉલ્લેખ કરવામા આવ્યો નથી.આઠ કલાક ફરજ બજાવ્યા પછી સાંજે એક રાઉન્ડ લેવાના ફરમાન સામે તબીબોમાં રોષ જોવા મળી રહયો છે.તો હોસ્પિટલમાં થતી ચર્ચા મુજબ,રાજકીય દબાણ અને ઓળખાણના કારણે એચઓડી અને એસોસિએટ પ્રોફેસરો પરિપત્રની પણ અવગણના કરી રહયા છે.

## અમદાવાદ શહેરનો દૈનિક પાણી વપરાશ 4.40 કરોડ લિટર વધ્યો, ઉનાળાના પ્રારંભે માગ વધી

ગુજરાત | અમદાવાદમાં ગરમીની શરૂઆત થતા જ પાણીની માંગમાં મોટો વધારો જોવા મળ્યો છે. ઉનાળો હજુ વધુ આકરો થવાની શક્યતા હોવાથી, માથાદીઠ 200 લિટરથી વધુ પાણીનો વપરાશ કરતા નાગરિકોએ હવે સાવચેતીપૂર્વક પાણી વાપરવું પડશે.

આંકડાકીય માહિતી મુજબ, ફેબ્રુઆરી મહિનામાં શહેરના 48 વોર્ડમાં દૈનિક 1752.51 મિલિયન લિટર પાણી સપ્લાય કરવામાં આવતું હતું. તેની સરખામણીએ માર્ચના મધ્ય સુધીમાં રહેણાંક અને કોમર્શિયલ મિલકતો માટે આ સપ્લાય વધીને 1796.05 મિલિયન લિટર સુધી પહોંચી ગયો છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, ગરમીની શરૂઆતમાં જ પાણીના વપરાશમાં પ્રતિદિન અંદાજે 44 MLD નો વધારો નોંધાયો છે.

અમદાવાદ શહેરને કોતરપુર, જાસપુર અને રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ દ્વારા કુલ 235 વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફતે દૈનિક 1796.05 MLD પાણી પૂરું પાડવામાં આવે છે. નિયત મર્યાદા મુજબ માથાદીઠ દૈનિક 150 લિટર પાણી આપવાનું હોય છે, તેમ છતાં શહેરના નદીપારના કેટલાક વિસ્તારોમાં માથાદીઠ 200 લિટરથી પણ વધુ પાણીનો વપરાશ થઈ રહ્યો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીના ક્લોરિનેશન અને પ્યુરિફિકેશન સહિતની પ્રક્રિયા કરી તેને તમામ ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનો સુધી પહોંચાડવા પાછળ વાર્ષિક રૂપિયા 725 કરોડનો જંગી ખર્ચ કરવામાં આવે છે. તેની સામે શહેરમાં આવેલી 19 લાખથી વધુ રહેણાંક અને 6.53 લાખ કોમર્શિયલ મિલકતો પાસેથી વાર્ષિક માત્ર રૂપિયા 264.79 કરોડની વોટર ટેક્સની આવક થાય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## વન વિભાગની ચિંતામાં વધારો થયો છે, વિશ્વામિત્રી નદીમાં મહાકાય મગરનો મૃતદેહ મળ્યો

# વડોદરામાં મગરના મોતનો સિલસિલો યથાવત વધુ એક મળ્યો

(એજન્સી) વડોદરા । તા. 18

સંસ્કારી નગરી વડોદરાની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી અત્યારે મગરો માટે સ્મશાનભૂમિ બની રહી હોય તેવા આઘાતજનક દ્રશ્યો સામે આવી રહ્યા છે. છેલ્લા ૨૦ દિવસમાં વડોદરામાં મગરના મોતની આ ત્રીજી ઘટના પ્રકાશમાં આવતા પ્રકૃતિ પ્રેમીઓ અને વન વિભાગમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. ફતેગંજ વિસ્તારમાં આવેલી નરહરિ હોસ્પિટલ પાસેની નદીમાં ગતરોજ એક મહાકાય મગરનો મૃતદેહ મળી આવ્યો હતો, જેનું કદ જોઈને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. અંદાજે ૧૪ ફૂટ લાંબા અને ૫૦૦ કિલો વજન ધરાવતા આ જળચર જીવને નદીમાંથી બહાર કાઢવા માટે તંત્રને ભારે જહેમત ઉઠાવવી પડી હતી અને અંતે ક્રેનની મદદ લેવાની ફરજ પડી હતી.

ઘટનાની વિગતો મુજબ, વિશ્વામિત્રી નદીના કાંઠે રહેતા લોકોએ ફતેગંજ પાસે એક વિશાળ મગરને સ્થિર અવસ્થામાં જોયો હતો. સામાન્ય રીતે મગર સૂર્યપ્રકાશ મેળવવા કાંઠે આવતા હોય છે, પરંતુ લાંબા સમય સુધી આ મગરમાં કોઈ જ હલનચલન ન જણાતા સ્થાનિક જીવદયા કાર્યકરોને શંકા ગઈ હતી. તેમણે તાત્કાલિક વન વિભાગની ટીમને જાણ કરી હતી. ફોરેસ્ટ વિભાગની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતા મગર મૃત હોવાનું માલૂમ પડ્યું હતું. મગરનું વજન અને કદ એટલું વિશાળ હતું કે તેને પાણીમાંથી બહાર કાઢતા વનકર્મીઓને નાકેદમ આવી ગયો હતો. દોરડા વડે માંડમાંડ કિનારે લાવ્યા બાદ હાઈડ્રો ક્રેન બોલાવી તેને સરકારી વાનમાં સુરક્ષિત રીતે મૂકવામાં આવ્યો હતો.



મૃત મગરના શરીર પર જોવા મળેલી ઈજાઓ અંગે વન વિભાગે ગંભીરતાથી તપાસ શરૂ કરી છે. જિલ્લા પશુપાલન કેન્દ્રના નિષ્ણાત તબીબ ડો. વિમલ પટેલે મગરનું પોસ્ટમોર્ટમ કર્યા બાદ પ્રાથમિક તારણ આપ્યું હતું કે મગરના મોઢાના ભાગે ગંભીર ઈજાઓ જોવા મળી છે. આ ઈજાઓ પરથી એવું અનુમાન લગાવાય રહ્યું છે કે બે નર મગરો વચ્ચેના પ્રાદેશિક વર્ચસ્વની લડાઈ (Territorial Fight) ને કારણે આ મહાકાય મગરનું મોત નીપજ્યું હોઈ શકે છે. જોકે, અન્ય કોઈ ઝેરી પદાર્થ અથવા પાણીના પ્રદૂષણના કારણે આ મોત થયા છે કે કેમ તે જાણવા માટે વિસેરા તપાસની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

વડોદરામાં મગરના મોતની આ પહેલી ઘટના નથી. ગત ૨૩મી ફેબ્રુઆરીના રોજ અકોટા બ્રિજ નીચેથી ૩.૫ ફૂટના મગરનો મૃતદેહ મળ્યો હતો, ત્યારબાદ ૧૪મી માર્ચે સમા મંગલપાંડે બ્રિજ પાસેથી છ ફૂટના મગરનું મોત થયું હતું. હવે ૧૪ ફૂટના મહાકાય મગરના મોતે વન વિભાગની ચિંતામાં વધારો કર્યો છે. ટૂંકા ગાળામાં એક પછી એક મગરોના મોત પાછળ માત્ર કુદરતી કારણો જવાબદાર છે કે પછી વિશ્વામિત્રીના પ્રદૂષિત પાણીની કોઈ આડઅસર છે, તે અંગે પર્યાવરણવાદીઓ સવાલો ઉઠાવી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, નદીમાં છોડાતા કેમિકલયુક્ત પાણીને કારણે પણ જળચર જીવોના જીવન પર જોખમ તોળાઈ રહ્યું છે.

વિશ્વામિત્રી નદી મગરોનું કુદરતી નિવાસસ્થાન ગણાય છે, પરંતુ શહેરીકરણ અને નદીના ઘટતા સ્તરને કારણે મગરો વચ્ચેના સંઘર્ષો વધ્યા છે. વન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગામી દિવસોમાં નદીના સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવામાં આવશે. વડોદરામાં મગરના મોતની આ ઘટનાઓએ તંત્રને જગાડવાનું કામ કર્યું છે. જો યોગ્ય સમયે પગલાં લેવામાં નહીં આવે, તો વડોદરાની ઓળખ સમાન આ મગરોનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ શકે છે. સ્થાનિક લોકોમાં પણ આ ઘટનાને લઈને કુતૂહલ અને ડરનો માહોલ જોવા મળી રહ્યો છે, કારણ કે મૃત મગરની વિશાળતા જોઈને કોઈ પણ ફફડી ઉઠે તે સ્વાભાવિક છે.

## ગંભીરા બ્રિજ પર લોખંડી કવચ: 100 ટનનો લિન્ક સ્પાન બેસાડવાની અંતિમ તૈયારી



વડોદરા | વડોદરા જિલ્લાના પાદરા તાલુકાને આણંદ જિલ્લા સાથે જોડતા મહી નદી પરના ગંભીરા બ્રિજને ફરીથી કાર્યરત કરવા માટેની વહીવટી પ્રક્રિયા હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી છે. ગયા વર્ષે બ્રિજનો એક ભાગ તૂટી પડતા સર્જાયેલી ૨૨ વ્યક્તિઓના મોતની કરૂણ દુર્ઘટના બાદ આ બ્રિજ બંધ કરી દેવામાં આવ્યો હતો. જોકે, સ્થાનિક લોકોની હાલાકીને ધ્યાનમાં રાખીને તૂટી ગયેલા સ્પાનના સ્થાને ૧૦૦ ટન વજનનો અને ૮૦ મીટર લાંબો લિન્ક સ્પાન બેસાડવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આશા છે કે આ મહિનાના અંત સુધીમાં બ્રિજ ટુ-વ્હીલર માટે ખુલ્લો મુકવામાં આવશે. બ્રિજના તૂટેલા ભાગને હંગામી ધોરણે જોડવા માટે ખાસ ૮૦ મીટરનો લિન્ક સ્પાન અને ૧૦૦ ટનનો મજબૂત સ્ટીલ ગર્ડર તૈયાર કરવામાં આવ્યો છે. આ સ્પાનનું લોન્ચિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે અને હવે તેને બ્રિજના બંને છેડા સાથે જોડવાની પ્રક્રિયા એક સપ્તાહમાં પૂર્ણ કરી દેવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થતા જ વડોદરા અને આણંદ વચ્ચેનો વર્ષો જૂનો આ ટૂંકો રસ્તો ફરી શરૂ થશે.

## શેરબજારના સટ્ટામાં એકાઉન્ટન્ટે કંપની ડુબાડી: 14.09 કરોડની ઉચાપત કરી લખ્યો 'ડેથ લેટર'

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરાના આજવારોડ પર આવેલા સરદાર એસ્ટેટની એક મસાલા મિલમાં છેલ્લા ૧૨ વર્ષથી એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા કર્મચારીએ માલિક સાથે વિશ્વાસઘાત કરી ૧૪.૦૯ કરોડ રૂપિયાની ઉચાપત કર્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શેરબજારમાં થયેલા ૮ કરોડના જંગી લોસને ભરપાઈ કરવા માટે કંપનીના નાણાં સગેવગે કરનાર આ એકાઉન્ટન્ટે ઓડિટના ડરે માલિકને પત્ર લખી ગુનાની કબૂલાત કરી છે અને આત્મહત્યાની ધમકી આપી ફરાર થઈ ગયો છે.

શ્રી મોતી બંગ્લોમાં રહેતા અને સરદાર એસ્ટેટમાં મસાલા ફેક્ટરી ધરાવતા કલ્પેશભાઈ પટેલની ફરિયાદ મુજબ, ૩ માર્ચના રોજ તેમની કંપનીમાં ઓડિટ ટીમ આવવાની હતી. તે સમયે ૧૨ વર્ષથી વફાદાર ગણાતા એકાઉન્ટન્ટ રાકેશ પ્રભાતસિંહ પરમારે એક કવર અન્ય કર્મચારીને આપીને માલિક સુધી પહોંચાડ્યું હતું. આ કવર ખોલતા જ માલિકના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પત્રમાં રાકેશે લખ્યું હતું કે, "શેરબજારમાં ૮ કરોડનો લોસ થઈ ગયો છે, મેં કંપનીમાંથી પૈસા લીધા છે. હવે મારી પાસે મરવા સિવાય કોઈ ઓપ્શન નથી."

એકાઉન્ટન્ટે પત્રમાં પોતાની લાચારી વ્યક્ત કરતા લખ્યું હતું કે, "સાહેબ, મારાથી બહુ મોટી ભૂલ થઈ છે જે માફીને લાયક નથી. મારી પાસે ત્રણ રસ્તા છે - કાં તો હું મરી જઈશ, કાં જેલમાં જઈશ અથવા તો દર મહિને તમને ૨ લાખ રૂપિયા ચૂકવીશ. જો જેલમાં જઈશ તો પૈસા નહીં આપી શકું, એટલે દર મહિને ૨ લાખ આપવાની તૈયારી છે." તેણે વધુમાં વિનંતી કરી હતી કે તેના પરિવારને આ બાબતની ખબર નથી, તેથી તેમને હેરાન ન કરવા. પત્રના અંતે તેણે 'જય મહાકાલ' લખીને માફી માંગી હતી. માલિકે જ્યારે એકાઉન્ટ ચેક કર્યા ત્યારે જાણવા મળ્યું કે, રાકેશે ૧ ડિસેમ્બર ૨૦૨૨ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન કટકે કટકે કુલ ૧૪.૦૯ કરોડ રૂપિયાની ઉચાપત કરી છે. આરોપીએ ફેક્ટરીના તમામ ખરીદ-વેચાણ અને પેમેન્ટના હિસાબો પોતાની પાસે હોવાનો ફાયદો ઉઠાવી આ આર્થિક છેતરપિંડી આચરી હતી.



## રાજકોટ હત્યાકાંડમાં મોટો ખુલાસો: મહિલા મિત્ર સાથેની મૈત્રી ભાવેશની હત્યાનું કારણ બની

(એજન્સી) રાજકોટ । તા. 18

શહેરના રૈયા રોડ પર મણીનગરમાં રહેતા ભાવેશ વાણવીની કરપીણ હત્યાના કેસમાં રાજકોટ પોલીસે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. એલસીબી ઝોન-૨ની ટીમે આ કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર હમીર જોગરાણા સહિત ચાર હજુ ફરાર છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ હત્યા પાછળ એક મહિલા મિત્ર અને સોશિયલ મીડિયા પરની મૈત્રી મુખ્ય કારણભૂત છે. બીજી તરફ, આ ઘટના બાદ હોસ્પિટલ ચોકમાં ચક્કાજામ કરી પોલીસ સાથે ગેરવર્તન કરનાર ટોળા સામે પણ એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. એસીપી ચિંતન પટેલની તપાસ મુજબ, મૃતક ભાવેશની કૃપાલી નામની એક મહિલા મિત્ર હતી. આ જ મહિલા સાથે આરોપી હમીર જોગરાણાને પણ મિત્રતા થઈ હતી અને બંને ઈન્સ્ટાગ્રામ પર વાતચીત કરતા હતા. આ બાબતે ભાવેશ અને હમીર વચ્ચે તકરાર શરૂ થઈ હતી. દરમિયાન, હમીરના ભાઈ સાગરના રસના ચિચોડા પર આવારા તત્વો ભેગા થતા હોવાની અરજી ભાવેશે મનપામાં કરતા વિવાદ વકર્યો હતો. હમીરને ડર હતો કે ભાવેશ અને કૃપાલી તેને હનીટ્રેપમાં ફસાવશે, જેની તેણે પોલીસમાં અરજી પણ કરી હતી. અંતે આ અદાવતમાં હમીરે તેના ભાઈઓ રવિ, સાગર, ગોપાલ અને અન્ય મળતીયાઓ સાથે મળી ભાવેશની હત્યા કરી નાખી હતી.

## પ્રેમમાં દગો અને મોતની સજા: પ્રેમી પરણેતિ હોવાની જાણ થતા 18 વર્ષની યુવતીએ ઝેર પીધું

(એજન્સી) રાજકોટ । તા. 18

રાજકોટ નજીક આવેલા રફાળા ગામની એક વાડીમાં ૧૮ વર્ષની શ્રમિક યુવતીનું રહસ્યમય સંજોગોમાં મોત નિપજતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, યુવતી જેને પ્રેમ કરતી હતી તે યુવક અગાઉથી પરણેતિ અને ત્રણ સંતાનોનો પિતા હોવાનું જાણવા મળતા યુવતીએ ઝેરી દવા પી લીધી હતી. આઘાતજનક બાબત એ છે કે, યુવતીએ ઝેર પીધું હોવા છતાં તેનો પ્રેમી તેને સમયસર હોસ્પિટલ લઈ જવાને બદલે વાડીમાં જ રાખી મૂકી હતી, જેના કારણે સમયસર સારવાર ન મળતા યુવતીનું કરુણ મોત નીપજ્યું છે. કુવાડવા પોલીસે આરોપી પ્રેમીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશની અને હાલ વાંકાનેરના તીથવા ગામે મજુરી કામ કરતી શરમા ઉર્ફે શારમતી (ઉ.વ. ૧૮) ને સહ-શ્રમિક બુસા દુલા રાઠોડ સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. ગત ૩ માર્ચના રોજ શરમા બુસા સાથે ઘરેથી ભાગી ગઈ હતી. જોકે, રફાળા ગામે પહોંચ્યા બાદ શરમાને જાણ થઈ હતી કે બુસા પરિણીત છે અને તેને ત્રણ સંતાનો છે. આ સત્ય જાણીને આઘાત પામેલી શરમાએ વાડીમાં જ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

શરમાએ ઝેર પીધું હોવાની જાણ હોવા છતાં બુસાએ તેને હોસ્પિટલ ખસેડવાની તત્પરતા દાખવી ન હતી. ગત રાત્રિના સમયે શરમાનો મૃતદેહ મળી આવતા પરિવારજનો રફાળા દોડી ગયા હતા. સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ, યુવતીનું મોત ૧૮ થી ૩૬ કલાક પહેલાં ઝેરી દવા પીવાને કારણે થયું હતું. જો પ્રેમીએ તેને સમયસર તબીબી સહાય અપાવી હોત, તો કદાચ તેનો જીવ બચી શક્યો હોત. આ ગુનાહિત બેદરકારી બદલ કુવાડવા રોડ પોલીસે બુસા રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરી છે.

મૃતક શરમાના પિતા જોગાભાઈ ભુરીયાએ જણાવ્યું કે, પુત્રી ગુમ થયા બાદ તેઓ વતનથી દસ્તાવેજો લેવા ગયા હતા ત્યારે જ બુસાએ ફોન કરીને દીકરી તેની સાથે હોવાનું જણાવ્યું હતું. પરંતુ ત્યારબાદ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. અંતે પુત્રીનો મૃતદેહ મળતા પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

## ખંભાળિયા-ભાણવડ હાઈવે લોહિયાળ: કાર અને પીકઅપવાન વચ્ચે ધડાકાભેર ટક્કર, એકનું મોત



જામખંભાળિયા | દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા-ભાણવડ માર્ગ પર વહેલી સવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. ભાણ ખોખરી ગામના પાટિયા પાસે બોલેરો પીકઅપ વાહન અને કાર વચ્ચે થયેલી પ્રચંડ ટક્કરમાં મેઘપરના ૩૩ વર્ષીય ગેરેજ સંચાલકનું કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત એટલો ભીષણ હતો કે ટક્કર બાદ કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી અને જોતજોતામાં કારનો મોટો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, ખંભાળિયા-જામનગર રોડ પર મેઘપર પડાણા ગામે ગેરેજ ચલાવતા વિજયભાઈ હીરાભાઈ રાઠોડ (ઉ.વ. ૩૩) પોતાના મિત્રો પારસભાઈ અને યશ ચંદ્રવાડીયા સાથે કાર મૂકવા ખંભાળિયાના પોર ગેઈટ આવ્યા હતા. ગત રાત્રિના સમયે કારમાં ત્રણેય મિત્રો પરત જઈ રહ્યા હતા ત્યારે વહેલી સવારે આશરે ૪ વાગ્યાના સુમારે ભાણ ખોખરી ગામ પાસે સામેથી આવતા બોલેરો પીકઅપ વાહન સાથે તેમની કાર ધડાકાભેર અથડાઈ હતી.

## ગુંદરણ ગામે પોલીસનો દરોડો પડતા ફફડાટ

# નકલી દૂધ બનાવતી ફેક્ટરી ઝડપાઈ ગુંદરણમાં મોટું કૌભાંડ



(એજન્સી) તાલાલા । તા. 18

ગીર સોમનાથ જિલ્લામાં સફેદ દૂધના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે, જેણે સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચાવી દીધી છે. તાલાલા તાલુકાના ગુંદરણ ગામે નકલી દૂધ બનાવતી ફેક્ટરી ઝડપાઈ જતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ અને ફૂડ સેફ્ટી વિભાગના સંયુક્ત ઓપરેશનમાં આશરે ૪.૬૮ લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે એક શખ્સની અટકાયત કરવામાં આવી છે. આ ફેક્ટરીમાં માનવ આરોગ્ય માટે અત્યંત જોખમી એવા કેમિકલ્સ અને પામતેલનો ઉપયોગ કરીને રોજનું હજારો લિટર ઝેરી દૂધ તૈયાર કરવામાં આવતું હતું. શુદ્ધ દૂધના નામે લોકોના હાડકાં અને શરીર સાથે ગંભીર ચેડાં કરતા આ કૌભાંડીઓની ધરપકડ બાદ હવે ડેરી ઉદ્યોગમાં પણ તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

ગીર સોમનાથ એસ.ઓ.જી. અને એલ.સી.બી.ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે તાલાલાના ગુંદરણ ગામના પ્રેમનગર નેસ વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી છે. આ બાતમીના આધારે જિલ્લા ફૂડ સેફ્ટી ઓફિસરને સાથે રાખીને રવિ કાળાભાઈ કરમટા નામના શખ્સના રહેણાક વાડામાં ઓચિંતા દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે નકલી દૂધ બનાવવાનું મસમોટું કારખાનું જોઈને અધિકારીઓ પણ અવાચક બની ગયા હતા. સ્થળ પરથી હજારો લિટર તૈયાર નકલી દૂધ અને તેને બનાવવા માટે વપરાતી સામગ્રી મળી આવી હતી, જે સ્પષ્ટ કરે છે કે આ કૌભાંડ લાંબા સમયથી ચાલી રહ્યું હતું.

પોલીસ તપાસમાં જે વિગતો બહાર આવી છે તે અત્યંત ચોંકાવનારી છે. આરોપી ૨૪ વર્ષીય રવિ કરમટા પોતાના વાડામાં પામ ઓઈલ, યુરિયા અને દૂધ બનાવવાનો જોખમી પાઉડર મિક્સ કરીને નકલી દૂધ તૈયાર કરતો હતો. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી ૩૧૨૦ લિટર નકલી દૂધ, ૨૬૦ કિલો પામતેલ, ૧૦૫ કિલો દૂધ બનાવવાનો પાઉડર, ૧૬ કિલો મિલ્ક પાઉડર અને ૭૮ મોટા ખાલી કેન જપ્ત કર્યા છે. આ સામગ્રી પરથી ફલિત થાય છે કે આ દૂધ માત્ર ભેળસેળિયું જ નહીં, પણ સીધું ઝેર સમાન હતું. ફૂડ સેફ્ટી ઓફિસરે દૂધના નમૂના લઈને પૃથ્થકરણ માટે લેબમાં મોકલી આપ્યા છે. આરોપીની પ્રાથમિક પૂછપરછમાં એવો સનસનીખેજ ખુલાસો થયો છે કે આ ફેક્ટરીમાં દરરોજનું અંદાજે ૬ હજાર લિટર નકલી દૂધ બનાવવામાં આવતું હતું. આ દૂધ તાલાલા પંથકની વિવિધ ડેરીઓમાં સપ્લાય કરવામાં આવતું હતું. જેનો અર્થ એ થયો કે હજારો ગ્રાહકો અને નાના બાળકો શુદ્ધ દૂધ સમજીને આ ઝેરનું સેવન કરી રહ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ કૌભાંડમાં અન્ય કેટલીક મોટી ડેરીઓના સંચાલકોની સંડોવણી હોવાની પણ આશંકા સેવાઈ રહી છે.

## બારડોલીના ઉતારા ગામે કરુણાંતિકા સર્જાઈ છે, સુરત જિલ્લામાં શોકનું મોજું ફરી વળતા ગમગીની છવાઈ

# મીંઢોળા નદીમાં ડૂબી જતાં મોત બે યુવકોના કરુણ મોત

(એજન્સી) સુરત । તા. 18

દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં આવેલા બારડોલી તાલુકાના ઉતારા ગામે આજે એક હૃદયદ્રાવક ઘટના ઘટી છે. ઉનાળાની શરૂઆત પહેલા જ ગરમીથી રાહત મેળવવા મીંઢોળા નદીના નીરનો આનંદ લેવા ગયેલા યુવાનો માટે આ સહેલગાહ કાળ બનીને ત્રાટકી છે. મીંઢોળા નદીમાં ડૂબી જતાં મોતની આ ઘટનાએ સમગ્ર પંથકને હચમચાવી દીધો છે. પાંચ મિત્રોના ટોળા પૈકી બે આશાસ્પદ યુવાનો નદીના અગાધ અને ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં તેમના કરુણ મોત નીપજ્યા છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ ઉતારા ગામ સહિત આજુબાજુના વિસ્તારોમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પાંચ યુવાનોનું એક ગ્રુપ રજાના દિવસે આનંદ માણવા માટે ઉતારા ગામ પાસેથી પસાર થતી મીંઢોળા નદીના પટમાં ન્હાવા માટે પહોંચ્યું હતું. નદીના છીછરા પાણીમાં



ન્હાતી વખતે અચાનક બે યુવકો પાણીના જોરદાર પ્રવાહ અને ઊંડાણવાળા ભાગમાં ખેંચાઈ ગયા હતા. પાણીની ઊંડાઈનો અંદાજ ન આવતા બંને યુવાનો ડૂબવા લાગ્યા હતા અને બચવા માટે ભારે સંઘર્ષ કર્યો હતો. સાથે રહેલા અન્ય ત્રણ મિત્રોએ પોતાના સાથીઓને ડૂબતા જોઈ જોરજોરથી બૂમાબૂમ કરી મૂકી હતી, જેના કારણે સ્થાનિક ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

સ્થાનિક લોકોએ તુરંત જ બારડોલી ફાયર વિભાગને જાણ કરતા ફાયર ફાઈટરોની ટીમ આધુનિક સાધનો સાથે સ્થળ પર પહોંચી હતી. નદીના ઊંડા પાણીમાં યુવાનોની શોધખોળ કરવા માટે કલાકો સુધી સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. અંતે ભારે જહેમત બાદ ફાયરના જવાનોએ બંને યુવકોના નિપ્રાણ દેહને બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મૃતક યુવાનોની ઓળખ લેખીરામ પ્રજાપતિ અને હર્ષ પરમાર તરીકે થઈ છે. યુવાનજોટા જેવા બે પુત્રોના અકાળે અવસાનના સમાચાર મળતા જ રામેશ્વર નગર અને તેગામ વિસ્તારમાં પરિવારો પર આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

મીડિયા અહેવાલ મુજબ, મીંઢોળા નદીના કેટલાક પટ અત્યંત જોખમી અને ઊંડા છે, જ્યાં અવારનવાર આવી દુર્ઘટનાઓ ઘટતી રહે છે. સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા નદી-નાળા કે ચેકડેમ જેવા અજાણ્યા જળાશયોમાં પાણીમાં ન ઉતરવા માટે વારંવાર ચેતવણીઓ આપવામાં આવે છે. છતાં પણ યુવા પેઢી સાહસ અને મજાના નામે પોતાની સુરક્ષાને જોખમમાં મૂકે છે.

### બિલ્ડરનો વિશ્વાસઘાત:

## દિયર-ભાભીને ફ્લેટનું લખાણ કરી આપી ૧૫ લાખ પડાવી લીધા

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેણાંક ફ્લેટ ખરીદવાની ઈચ્છા રાખતા એક પરિવાર સાથે બિલ્ડરે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ મકરપુરા પોલીસ મથકે નોંધાઈ છે. સમર્પણ ડેવલોપર્સના પ્રોપરાઈટર જતીન પંચોલીએ દિયર અને ભાભીને ફ્લેટનું લખાણ કરી આપ્યા બાદ, તેમની જાણ બહાર બાનાખત રદ્દ કરી તે જ પ્રોપર્ટી અન્યને વેચી દઈ આશરે ૧૫ થી ૨૦ લાખ રૂપિયા પડાવી લીધા છે.

મૂળ નર્મદા જિલ્લાના વરખડ ગામના વતની અને હાલ માંજલપુરમાં રહેતા સંદીપભાઈ સોમાભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૧માં તેમણે તરસાલીની 'સમર્પણ' સ્કીમમાં ૮.૫૦ લાખમાં ફ્લેટ લેવાનું નક્કી કર્યું હતું. સંદીપભાઈએ બિલ્ડર જતીન પંચોલીને અમુક રકમ ચૂકવી હતી, પરંતુ ત્યારબાદ તેઓ ગંભીર બીમાર પડતા બિલ્ડરનો સંપર્ક કરી શક્યા ન હતા. તબિયત સુધરતા જ્યારે તેઓ સાઈટ પર તપાસ કરવા ગયા, ત્યારે જાણવા મળ્યું કે બિલ્ડરે ૨૧ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ તેમની ગેરહાજરીમાં એકતરફી બાનાખત રદ્દ કરી નાખ્યું હતું.

બિલ્ડરની આ કાવાદાવાખોરી અહીં જ અટકી ન હતી. સંદીપભાઈએ બુક કરાવેલો ફ્લેટ બિલ્ડરે સુરતના મનિષાબેન નામના ગ્રાહકને ૧૦ લાખમાં વેચી દીધો હતો. આટલું જ નહીં, સંદીપભાઈના ભાભી ભાવિસાબહેન પંકજભાઈ પટેલે પણ આ જ સ્કીમમાં ફ્લેટ લેવા માટે નાણાં ચૂકવ્યા હતા. બિલ્ડર જતીન પંચોલીએ તેમના ફ્લેટનું લખાણ હોવા છતાં તેને પણ બારોબાર અન્યને વેચી માર્યો હતો. આમ, દિયર અને ભાભી પાસેથી કુલ ૧૫ થી ૨૦ લાખ રૂપિયા મેળવી બિલ્ડરે વિશ્વાસઘાત કર્યો છે. મકરપુરા પોલીસે સમર્પણ ડેવલોપર્સના બિલ્ડર જતીન શાંતિલાલ પંચોલી વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આરોપી બિલ્ડર હાલ પોલીસ પકડથી દૂર છે, પરંતુ તેની શોધખોળ તેજ કરવામાં આવી છે.

### ભક્તિ અને શક્તિનો ત્રિવેણી સંગમ

## ચૈત્રી નવરાત્રી, ગુડી પડવો અને ચેટીચાંદનો પ્રારંભ

(એજન્સી) વડોદરા । તા. 18

સંસ્કારી નગરી વડોદરામાં આવતીકાલથી આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક ઉત્સવોનો અનોખો સંગમ જોવા મળશે. હિન્દુ ધર્મમાં અત્યંત પવિત્ર ગણાતી ચૈત્રી નવરાત્રીનો શુભારંભ થવા જઈ રહ્યો છે. તેની સાથે જ મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા ગુડી પડવો અને સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવશે. શહેરના માઈ મંદિરોથી લઈને સોસાયટીઓ સુધી ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું છે અને વિવિધ કાર્યક્રમોની આખરી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ચૈત્રી નવરાત્રી નિમિત્તે શહેરના અંબાજી મંદિર, બહુચરાજી મંદિર અને કાલિકા માતાજીના મંદિરોમાં આવતીકાલે વહેલી સવારે શાસ્ત્રોક્ત વિધિ મુજબ કળશ સ્થાપન કરવામાં આવશે. નવ દિવસ સુધી ચાલનારા આ મહાપર્વમાં મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, ભક્તિ સંગીત, આરતી અને ભંડારાનું આયોજન કરાયું છે. અનેક



સ્થળોએ નવચંડી યજ્ઞ અને હવન દ્વારા વિશ્વ શાંતિની પ્રાર્થના કરવામાં આવશે. ભક્તોમાં માતાજીની આરાધના માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્ર સમાજ દ્વારા નવા વર્ષના પ્રતિક સમાન ગુડી પડવાની ઉજવણી કરાશે. પરંપરા મુજબ લોકો પોતાના ઘરની છત કે પ્રવેશદ્વાર પર ગુડીનું સ્થાપન કરી પૂજન કરશે અને સાંજે વિસર્જન બાદ નવા વર્ષના વધામણાં કરશે. બીજી તરફ, સિંધી સમાજ દ્વારા ઈષ્ટદેવ ભગવાન ઝૂલેલાલ (દરિયા લાલ) ના જન્મોત્સવ એટલે કે ચેટીચાંદની ભવ્ય ઉજવણી કરાશે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ
અમદાવાદ એક્સપ્રેસ
THURSDAY • 19-03-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમારા પ્રિયપાત્રની બાહોંમાં તમને આરામ મળશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમારા પ્રિયપાત્રની બાહોંમાં તમને આરામ મળશે.

**મિથુન : ક. છ. ઘ.**

રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો- તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે.

**સિંહ : મ. ટ.**

બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લડ પ્રેશરના દરદીઓ. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટેન્શન ઘટાડશે.

**તુલા : ર. ત.**

આલ્કોહોલનું સેવન ન કરો કેમ કે એનાથી તમારી ઊંઘમાં બગાડ થશે અને ગાઢ આરામ લેવાથી તમને વંચિત કરશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે.

**વૃશ્ચિક : ન. ય.**

ઘરે કામ કરતી વખતે ખાસ કાળજી રાખો. ઘરની કોઈક ચીજ-વસ્તુ સાથે બેદરકારીપૂર્વક કામ લેવાથી તમારી માટે સમસ્યા નિર્માણ થઈ શકે છે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

બ્લડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રેડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે.

**મકર : ખ. જ.**

ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે.

---

### શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ કરવામાં આવશે

# ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચનો નવમો પૂર્ણાંક હવે 20 થી 22 ધરમપુરમાં તખુભાઈ સાંડસુરના સંયોજન હેઠળ આયોજન

(એજન્સી) ભાવનગર | તા.18




ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચના માધ્યમથી દર વર્ષે ગુજરાતના વિવિધ જિલ્લાના ઈનોવેટિવ અને રચનાત્મક કામ કરનારા પ્રવૃત્ત શિક્ષક ભાઈ બહેનોને પોતાની કાર્યરીતિને વધુ સુસજ્જ બનાવવા ત્રણ દિવસનો એક શૈક્ષણિક કાર્યક્રમ દર છ માસે યોજવામાં આવે છે. જેમાં જે તે પ્રદેશની શૈક્ષણિક સ્થિતિ, પોતાની શાળાઓમાં થતા વિવિધ પ્રયોગો, આગામી આયોજનો તથા વિદ્વાન વક્તાઓના જ્ઞાનલાભ મેળવીને શિક્ષકોને સમૃદ્ધ કરવાનો આયામ થઈ રહ્યો છે. તેનો આગામી નવમો મણકો કે જે પૂર્ણાંક કહી શકાય તે ધરમપુરના આદિજાતિ વિસ્તારમાં યોજાઈ રહ્યો છે.આ અંગેની માહિતી અને વિગતો આપતા કાર્યક્રમ સંયોજકો સર્વશ્રી લીલાબેન ઠાકરડા અને હરેશભાઈ સોડવડિયાએ જણાવ્યું હતું કે છે કે તારીખ 20 બપોરે ત્રણ કલાકે આ સંગોષ્ઠિના તમામ સાધકો શ્રીમદ રાજચંદ્ર આશ્રમની ધરમપુર ખાતે મુલાકાત લેશે.ત્યારબાદ ત્યાંથી 22 કિલોમીટર દૂર ચાસ માંડવા નામનું અંતરિયાળ ગામ છે ત્યાં તે શાળાઓની આદિજાતિ શાળાઓની, તેના વિદ્યાર્થીઓની પણ મુલાકાત કરશે. સાચ માંડવાના સનાતન નિસર્ગધામ નામના આશ્રમમાં તારીખ 20, 21 અને 22 ના રોજ વિવિધ કાર્યક્રમનું આયોજન થશે. જેમાં આ વખતની સંગોષ્ઠિનો વિષય "અધ્યાત્મ શિક્ષણ" નિયત કરવામાં આવ્યો છે. ગીતા, રામાયણ, ભાગવત, મહાભારત જેવા ગ્રંથો તથા ઉપનિષદ, પુરાણોના સંદર્ભો ટાંકીને ગુજરાતના વિવિધ વિદ્વાનો પોતાના વૈચારિક પરિપાકને પ્રસ્તુત કરશે.તારીખ 21 ના રોજ સવારે 9:00 કલાકે યોજનાર ઉદઘાટન સત્રમાં ફોરમ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ કરવામાં આવશે. ચાલુ વર્ષે માંગરોળના અધ્યાપક અને સતત ચાલીસ વર્ષ સુધી સેવા અને શિક્ષણના ક્ષેત્રમાં સમર્પણથી પોતાની જાતને આહુત કરનાર શ્રી પ્રશાંતભાઈ વ્હાવાલાને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ થશે. જોડીયાના સુશ્રી મમતાબેન જોશી, સારસા આણંદના ડો. કિરીટ ચૌહાણ, વીરનગર રાજકોટના સુશ્રી દેવકુબેન બોરીચા, અને ભાવનગર પરવડીના શ્રી પરેશભાઈ હિરાણીને ફોરમ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત થશે. આ કાર્યક્રમમાં મંચના સહસંયોજક અને લેખક શ્રી શ્યામજીભાઈ દેસાઈનું પુસ્તક 'અધ્યાત્મ અને શિક્ષણ' નું રૂપ દર્શન થશે.

---

### જૂનાગઢમાં ગરવા ગિરનારની ગોદમા

## કાશ્મીરી બાપુ આશ્રમ ખાતે ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરવામાં આવશે

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.18

ગરવા ગિરનાર ગોદમાં આવેલ આમકુ આશ્રમ ખાતે બ્રહ્મલીન શ્રી કાશ્મીરી બાપુની તપોભૂમિમા આવેલ શ્રી ખોડીયાર માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રિ પર્વ નિમીતે 1008 મંહતશ્રી નર્મદાપુરી માતાજીના સાન્નિધ્યમાં ઉજવાશે. સમગ્ર દેશમાં નવરાત્રિ પર્વની



ઉજવણી કરવામાં આવે છે ત્યારે ગરવા ગિરનારની ગોદમાં આવેલ આમકુમાં આવેલા કાશ્મીરી બાપુ ના આશ્રમ ખાતે ખોડીયાર માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરવામાં આવશે. જેમાં 19 માર્ચ ચૈત્ર સુદ એકમે કુંભ સ્થાપન, 28 માર્ચ શનિવારે ચૈત્ર સુદ દશેરા દિવસે બીડું હોમાશે ત્યારે માઈ ભક્તોને ચૈત્રી નવરાત્રિ પર્વે ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. દરેક માઈ ભક્તોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ભક્તિમાં તરબોળ થવા અને માતાજીની સેવાનો લાભ લેવા 1008 મંહતશ્રી નર્મદાપુરી માતાજી તથા સેવકગણ દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આવનાર તમામ માઈ ભક્તોને રોજ પૂજા અને મહા આરતીનો લાભ મળશે. ચૈત્ર સુદ એકમ ગુરૂવાર 19 માર્ચે સવારે શુભ મુહૂર્તમાં કુંભ સ્થાપન કરવામાં આવશે. નવ દિવસ હોમાત્મક નવચંડી યજ્ઞ પણ યોજાશે.

---

### પ્રોત્સાહન

## જૂનાગઢમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનરોની પરીક્ષા યોજાઈ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ ,તા.18

જૂનાગઢ જિલ્લા ઝોન કોઓર્ડિનેટર ચેતનાબેન ગજેરા, મનપા કોડીનેટર વૈશાલીબેન ચુડાસમા, જિલ્લા કોઓર્ડિનેટરશ્રી જયંતિ કાછડીયા, સોનલબેન બગડા ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં કાર્યરત યોગ ટ્રેનરો માટે એક પરીક્ષા યોજવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ ૪૫ યોગ ટ્રેનરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ પરીક્ષાનો મુખ્ય હેતુ યોગ ટ્રેનરોના જ્ઞાન, કુશળતા અને પ્રયોગાત્મક સમજણનું મૂલ્યાંકન કરવાનું હતું. જેથી યોગ શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય અને સમાજમાં યોગનો વ્યાપ વધુ મજબૂત બને.જિલ્લા યોગ કોઓર્ડિનેટરશ્રી એ જણાવ્યું હતું કે, આ પ્રકારની પરીક્ષાઓ દ્વારા યોગ ટ્રેનરોને વધુ પ્રોત્સાહન મળે છે. અને તેઓ પોતાના કાર્યમાં વધુ નિષ્ણાત બને છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નવા યોગ ટ્રેનરની જૂનાગઢ સ્પોર્ટ સંકુલ ગાંધીગ્રામમાં એક્ઝામ લેવામાં આવી હતી. આ એક્ઝામ આપીને ટ્રેનરને લોકોને યોગના મહત્વ વિશે સમજ આપવા અને યોગ વિશે જાગૃતિ ફેલાવવા પણ જિલ્લા યોગ કોઓર્ડિનેટરશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

### જૂનાગઢ ખોરાક અને ઔષધ તંત્રની કાર્યવાહી: ફૂડ સેફટી હેઠળ કેશોદમાં દૂધનુ સેમ્પલ લેવામાં આવ્યુ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ ,તા.18

જૂનાગઢ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને એસઓજી જૂનાગઢની સંયુક્ત ટીમ દ્વારા આજરોજ બાતમીના આધારે કેશોદ ખાતે આવેલ શ્રી શક્તિ ડેરી ચીલીંગ સેન્ટરમાંથી ફૂડ સેફટી અન્વયે દૂધનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. આ દૂધનું સેમ્પલ આગળની કાર્યવાહી માટે લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવેલ છે. સેમ્પલનો રિપોર્ટ આવ્યેથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે એમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર જૂનાગઢના દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### પોલીસ ફરિયાદ

## ડેડીયાપાડા ના બાબદા ગામે યુવતી ને લગ્ન કરવાની લાલચ આપી શરીર સબંધ બાંધી પ્રેગ્નન્ટ કરતા ફરિયાદ

રાજપીપલા : નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના બાબદા ગામમાં બનેલી ઘટનામાં એક પરણિત પુરુષે યુવતી ને લગ્ન ની લાલચ આપી શરીર સંબંધ બાંધી પ્રેગ્નન્ટ કરતા યુવતિ એ પોલીસ ફરિયાદ કરી છે . પ્રાપ્ત માહિતી મુજબ બાબદા ગામમાં બનેલી ઘટના મા પ્રતિકભાઈ નારસીંગભાઈ વસાવા, રહે.રોઝઘાટ, તા.ચિકદા જી.નર્મદાનાઓએ એક યુવતી સાથે એકાદ વર્ષ પહેલા ફેસબુક મારફતે પરીચય કરી પોતે પરણિત હોવાની ઓળખ છુપાવી પોતે પરણિત હોવા છતા ભોગબનનારને" હું કુંવારો છું. અને મને તારી સાથે પ્રેમ છે. હું તારી સાથે લગ્ન કરી મારી પત્ની તરીકે રાખવાનો છું." તેવા ખોટા વચનો આપી ભોગબનનાર સાથે છેતરપીંડી કરી બાબદા ગામે તથા કોસંબા ખાતે ભોગ બનનાર સાથે વારંવાર શરીર સબંધ બાંધી યુવતી પ્રેગનન્ટ થતા અને છેતરાયા નો એહસાસ થતા યુવક વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે .

---

### આંતરજ્ઞાતિય લગ્નનો સમાજિક વિવાદ વકર્યો

## ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની પાટીદાર યુવતીને પરત આપવા માટે સમાજની બેઠક



નડિયાદ : ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની ૧૯ વર્ષીય પાટીદાર યુવતીએ રબારી સમાજના યુવક સાથે પરિવારની મરજી વિરૂદ્ધ લગ્ન કરી લેતા પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી છે. આ બનાવને પગલે સામાજિક વાતાવરણ ડહોળાય નહીં તે માટે પાટીદાર અને રબારી સમાજના અગ્રણીઓએ મધ્યસ્થી શરૂ કરી છે. દીકરીની માતાએ ભાવુક અપીલ કરી હોવા છતાં મામલો ગૂંચવાયો છે, જેને પગલે વિવિધ સંગઠનોના આગેવાનોએ યુવતીને સુરક્ષિત પરત લાવવા માટે કવાયત હાથ ધરી છે.જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની ૧૯ વર્ષીય યુવતીએ રબારી સમાજના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હોવાની વિગતો બહાર આવતા જ પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા પાસ અને સરદાર પટેલ ગ્રુપના અગ્રણીઓ દોડી આવ્યા હતા. તેમણે પીડિત પરિવાર સાથે મુલાકાત કરી સાંત્વના પાઠવી હતી અને દીકરીને પરત લાવવા માટેના પ્રયાસો તેજ કર્યા છે. યુવતીની માતાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશ દ્વારા રબારી સમાજના વડીલોને પોતાની દીકરી સોંપી દેવા વિનંતી કરી છે. પરિવારનો આક્ષેપ છે કે, દીકરીનું વર્તન ક્યારેય શંકાસ્પદ રહ્યું નહોતું, જેથી તેની સાથે કોઈ છેતરપિંડી થઈ હોવાની પૂરેપૂરી આશંકા છે. સામાજિક સુલેહ જળવાઈ રહે તે માટે સામે પક્ષના આગેવાનો સાથે વાતચીત શરૂ કરી છે. અગ્રણીઓએ જણાવ્યું કે, સંતાનોએ આવા નિર્ણયો લેતા પહેલા માતા-પિતાના વિશ્વાસને પ્રાથમિકતા આપવી જોઈએ. રબારી સમાજે અગાઉ પણ સામાજિક પ્રશ્નોમાં પરિપક્વતા દાખવી છે, તેથી આ કિસ્સામાં પણ હકારાત્મક પ્રતિસાદ મળે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. હાલમાં કાયદાકીય પ્રક્રિયા કરતા સામાજિક સૌહાર્દ જાળવીને દીકરીને રૂબરૂ લાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. પંથકમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે અને કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે પોલીસ તંત્ર પણ સતર્ક બન્યું છે.સમગ્ર રાજ્યમાં આંતરજ્ઞાતિય લગ્નોના વધતા કિસ્સાઓ વચ્ચે આ ઘટનાએ સામાજિક મર્યાદાઓ અને કાયદાકીય સુધારાની ચર્ચા ફરી જીવંત કરી છે. પાટીદાર અગ્રણીએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ઘણીવાર લાલચ આપીને દીકરીઓને ભોળવવામાં આવતી હોય છે. જોકે, રબારી સમાજના અગ્રણીઓએ હકારાત્મક અભિગમ અપનાવીને યોગ્ય ઉકેલની ખાતરી આપી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## પાલનપુર સર્કિટ હાઉસ ખાતે પાલનપુર શહેરનાં પેરાશૂટ કોંગ્રેસ પ્રમુખ વિરુધ્ધ સિનિયર કાર્યકર્તાઓ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

(એજન્સી) પાલનપુર | તા.18



પાલનપુર સર્કિટ હાઉસ ખાતે નવનીયુક્ત પેરાશૂટ કોંગ્રેસ પ્રમુખ નાં વિરોધ માં શહેર કોંગ્રેસ નાં પુર્વ પ્રમુખોની હાજરીમાં સિનિયર કાર્યકર્તાઓ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે પાર્ટી એ આઠ મિહિના પહેલા રાહુલ ગાંધી નાં સુચન મુજબ શહેર પ્રમુખ અને તાલુકા પ્રમુખશ્રી નાં સેન્સ લેવા મા આવ્યા હતાં ગુજરાત કોંગ્રેસ નાં પ્રભારીઓ ની હાજરીમાં આજે આઠ મહિના પછી પાર્ટી એ પાલનપુર શહેર પ્રમુખ ની નિયુક્તિ કરી છે એ પણ જે કોંગ્રેસ પાર્ટી નાં પ્રાથમિક સભ્ય નથી સાથે એમને કોઈ શહેર સંગઠનના કાર્યકરો ઓળખતા નથી આવનાર સમયમાં નગરપાલિકા ની ચૂંટણી આવી રહી છે શહેરીજનો ભાજપના ભષ્ટ્રાચાર થી ત્રાહિમામ પોકારી ગઈ છે ત્યારે શહેરની જનતાને કોંગ્રેસ પાર્ટી પાસે ઘણી બધી આશાઓ છે ત્યારે કોંગ્રેસ પાર્ટીના નેતાઓ જીલ્લા નાં સાસંદ ખુદ પોતે પોતાના માનીતા એવાં માણસને પાલનપુર શહેર જેવાં મહત્ત્વનાં સંગઠનના પ્રમુખ તરીકે નિમણૂક આપવા આવી છે ત્યારે આવાં મહત્વના હોદ્દા પર કોઈ પણ જવાબદાર વ્યક્તિ ને વિશ્વાસ માં લેવામાં નથી આવ્યા પાલનપુર શહેર નાં સિનિયર કાર્યકર્તાઓ જેઓ પાર્ટીના કપરાં સંજોગોમા જીન્દાબાદ નાં નારા લગાવ્યા છે ત્યારે એમનાં માટે અન્યાય છે નવાં પ્રમુખ તરીકે જેમની નિયુક્તિ કરવામાં આવી છે તેઓ ક્યારેય પાર્ટી સાથે જોડાયેલ રહ્યા નથી માટે અમે ૭૦ વધું કાર્યકરો આજે આ પત્રકાર વાર્તા બોલાવી છે અમે અગાઉ પણ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રીને રજુઆત કરી છે પણ અમારું કોઈ સાંભળતું નથી એક હથ્થું સાસન ચાલી રહ્યું છે કાર્યકર્તાઓ થી પાર્ટી ચાલે છે નથી કોઈ નેતાથી કાર્યકર્તાઓ છે તો નેતાઓ છે નેતાઓ ની મનમાની સામે અમારો વિરોધ છે અગામી સમયમાં નગરપાલિકા માં ચૂંટણી યોજાશે ત્યારે પાર્ટી ને સત્તા નથી જોઈતી એવું દેખાય છે કારણકે નેતાઓ ની ગોઠવણી દેખાય છે આ રિતે પાર્ટી સત્તા તો નાં મેળવે પણ આગામી દિવસોમાં સમાપ્ત થઈ શકે છે સિનિયર કાર્યકર્તાઓ ની માંગણી છે કે પાંચ વર્ષ થી વધું સમય પાર્ટી સાથે કામ કર્યું છે એવાં કાર્યકર્તા માંથી શહેર પ્રમુખ તરીકે નિમણૂક આપવામાં આવે જો અમારી માંગ સ્વિકારવામાં નથી આવતી તો અગામી દિવસોમાં કાર્યકર્તાઓ જરુરી પગલાં ભરવા તૈયાર છે.

### શંભુભાઈ ગરવા અનુસૂચિત જાતિ ભાજપ મોરચાના કારોબારી સભ્ય બન્યા

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લાના ડગાળા ગામના જાણીતા સામાજિક આગેવાન શ્રી શંભુભાઈ વેલજીભાઈ ગરવા ને અનુસૂચિત જાતિ ભાજપ મોરચાના કારોબારી સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.શંભુભાઈ ગરવા



હાલમાં અખિલ કચ્છ ગરવા ગુરૂ બ્રાહ્મણ સમાજ યુવક મંડળ (પાવર પટ્ટી વિભાગ) ના પ્રમુખ તરીકે તેમજ સંકલ્પ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ડગાળા ના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેઓ સમાજ સેવા ક્ષેત્રે સતત સક્રિય રહી અનેક સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રણિ ભૂમિકા ભજવી રહ્યા છે.તેમની આ નિમણૂકને પગલે સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી વ્યાપી છે. સમાજના આગેવાનો, મિત્રવર્તુળ તથા શુભેચ્છકો દ્વારા તેમને હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

### સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવમાં આવી હતી

## માળિયા હાટીના ખાતે કન્યા શાળામાં 'સેવાસેતુ' કાર્યક્રમ યોજાયો: આરોગ્યલક્ષી સેવાઓનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો

| નરેન્દ્ર દવે | જૂનાગઢ ,તા. 18



જૂનાગઢ જિલ્લાના માળિયાહાટીના ખાતે આવેલી કન્યા શાળા ખાતે 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા વિવિધ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવમાં આવી હતી. સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ કેમ્પનું આયોજન કરી લાભાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને સારવાર પૂરી પાડવામાં આવી હતી. જેમાં બિનચેપી રોગોના નિદાન માટે BP (બ્લડ પ્રેશર) અને ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી. તેમજ આયુષ્માન ભારત યોજના અંતર્ગત નવા કાર્ડ કાઢવા તેમજ તેને લગતી કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત ગર્ભાશયના કેન્સર સામે રક્ષણ આપતી HPV વેક્સિન અંગે મહિલાઓને વિગતવાર જાણકારી આપી જાગૃત કરવામાં આવ્યા હતા. આ તકે આ કાર્યક્રમમાં માળિયાહાટીના મામલતદારશ્રી કે.કે.વાળા ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા હેલ્થ ઓફિસર ડો.ડાભી, ભંડુરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. સ્વપ્ના ભરડા, તાલુકા MTS નિકુંજ વ્યાસ તથા આરોગ્ય વિભાગનો અન્ય સ્ટાફ હાજર રહ્યા હતા. મામલતદારશ્રીએ ઉપસ્થિત ગ્રામજનોને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

---

### કડક કાર્યવાહી

## અંબાજી મંદિર ખાતે દારૂ અને નોનવેજ ની ઘટનામાં સામેલ ૬ શખ્સો સામે FIR થશે : કલેક્ટર

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.18

ગિરનાર પર્વત પર સ્થિત સુપ્રસિદ્ધ અંબાજી માતાજીના મંદિર પરિસર માં દારૂ અને નોનવેજનું સેવન કરનાર ૬ શખ્સો અને અંબાજી મંદિરમાં દાનપેટીની આવક સાથે ચેડા કરી નાણાકીય ગેરરીતિ આચરનાર ૫ પાંચ શખ્સો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ આ ઘટના સંદર્ભે પ્રેસ કોન્ફરન્સ યોજી જાણકારી આપી હતી કે, અંબાજી મંદિર ખાતેની ઘટનાને રાજ્ય સરકારે પણ ગંભીરતાથી લીધી હતી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા પણ તટસ્થ તપાસ કરી કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. અંબાજી મંદિરની ઘટના અંગેના જે સમાચાર માધ્યમો દ્વારા અહેવાલ પ્રસિદ્ધ થયા હતા ત્યારબાદ તાત્કાલિક ધોરણે પ્રાંત અધિકારીશ્રીને તપાસ અધિકારી તરીકે નિમણૂક કરીને ઘટનાની જરૂરી તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન આ સમગ્ર ઘટના તા.૨૨- ૧૦- ૨૦૨૫ની હોવાનું સામે આવ્યું છે, જેમાં મુખ્યત્વે ૬ લોકો સામેલ છે. જે પૈકી ૨ સગીર છે. આ ઘટનાના મુખ્ય વ્યક્તિ મંદિરના મુખ્ય પૂજારી કિશોરસિંહ ચૌહાણના પુત્ર અભિષેક કિશોરસિંહ ચૌહાણ છે. એ લગભગ આ ઘટના પૂર્વે એક અઠવાડિયા પહેલા ત્યાં જ હતા. અન્ય જે લોકો છે તે તેમના મિત્ર તરીકેની ઓળખાણ આપી રહ્યા છે. જેમાં છગનભાઈ ડાભી જે નોનવેજ અને દારૂ શહેર વિસ્તારમાંથી મંદિર સુધી લઈ જવામાં તેમનો મુખ્ય રોલ હતો. ઘટનામાં અન્ય લોકો છે એ સીડીના મારફતે મંદિરે પહોંચ્યા હતા. જે મંદિરની ગોખ છે એના આગળના ભાગમાં એ લોકોએ ત્યાં રાત્રિ દરમિયાન દારૂનું સેવન કર્યું હતું અને ત્યારબાદ અભિષેક ચૌહાણ તેમને મંદિરના ભંડાર ખાતે જમવા માટે લઈ ગયેલો હતો ત્યાં તેમણે મટનનું સેવન કરેલું હતું. આ સમગ્ર ઘટનામાં વહીવટદારશ્રી તરફથી આ લોકોને કોઈપણ પ્રકારની મંદિરમાં જવાની, ત્યાં રાત્રિ રોકાણ કરવાની, પૂજા પાઠ કરવાની કોઈ પણ પ્રકારની મંજૂરી આપેલ ન હતી.

### ૫૦ જેટલા સ્ટોલ્સના માધ્યમથી વેચાણ પ્રદર્શન રાખવામાં આવશે

## જૂનાગઢમાં પરંપરાગત અને આરોગ્યપ્રદ જાડા ધાન્યને પ્રોત્સાહન આપવા તા.૨૧ અને ૨૨ માર્ચે મિલેટ એક્ષ્પો યોજાશે

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.18



પોષક તત્વોથી ભરપૂર અને સ્વાસ્થ્ય માટે વિશેષ ફાયદારૂપ એવા આપણા પરંપરાગત બાજરી, જુવાર, રાગી, કાંગ વગેરે જાડા ધાન્ય લોકો અપનાવવા માટે પ્રેરિત થાય તેવા આશય સાથે રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા જૂનાગઢ ખાતે તા. ૨૧ તથા ૨૨ માર્ચના રોજ મિલેટ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મિલેટ એક્ષ્પોના સુચારું આયોજન સંદર્ભે જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનરશ્રી તેજસ પરમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી, જેમાં મિલેટ એક્ષ્પોના આયોજન અને જરૂરી વ્યવસ્થાઓ કરવા સંદર્ભે માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. જૂનાગઢમાં સરદાર બાગ સ્થિત ઝાંસીની રાણી સર્કલ પાસે હવેલી વાડીના ગ્રાઉન્ડમાં બે દિવસીય મિલેટ મેળામાં ૫૦ જેટલા સ્ટોલ્સના માધ્યમથી વેચાણ પ્રદર્શન રાખવામાં આવશે. ખાસ કરીને આ સ્ટોલ્સ ના માધ્યમથી જુદા જુદા પરંપરાગત મેલેટ્સ માંથી બનતી જુદી જુદી પ્રોડક્ટ -વાનગીઓ ઉપરાંત મિલેટ્સ થતા આરોગ્યના ફાયદાઓને ઉજાગર કરવામાં આવશે. મિલેટ્સ બેઈઝ્ડ રેડી ટુ ઈટ, અવનવી ખાણી પીણી માટે લાઈવ ફૂડ આઈટમ વગેરે પણ રાખવામાં આવશે. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોના ઉત્પાદનો, સખી મંડળના બહેનોની હાથ બનાવટની કલાત્મક વસ્તુઓ વગેરેનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવશે. આ ઉપરાંત આઈ.સી.ડી.એસ., આયુર્વેદ, કૃષિ યુનિવર્સિટી સહિતના વિભાગના પણ સ્ટોલ રાખવામાં આવશે. આ બેઠકમાં ડેપ્યુટી કમિશનરશ્રી ડી.જે.જાડેજા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી જીગર ભટ્ટ, આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી દિપક રાઠોડ, મનપા.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ચેતન સોજીત્રા સહિતના સંલગ્ન વિભાગના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય મિલેટ યર -૨૦૨૩ અને મિલેટ ડેવલપમેન્ટ યોજના અંતર્ગત મિલેટ્સ નો આહારમાં વધુ ઉપયોગ કરે અને લોકોનું જીવન તંદુરસ્ત બને તેવા શુભઆશય સાથે જૂનાગઢ સહિત રાજ્યની ૧૭ મહાનગર પાલિકા માં મિલેટ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.

### મોટી જાનહાની ટળી

## દેશલપર (ગુંતલી)માં એસ.ટી. બસના બ્રેક ફેલ, વીજ પોલ સાથે અથડાઈ





| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામે આજે સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં ગુજરાત એસ ટી નિગમ ની બસના બ્રેક ફેલ થતાં બસ રોડ પાસે આવેલા વીજ પોલ સાથે અથડાઈ ગઈ હતી.આ ઘટના એવા વિસ્તારમાં બની છે જ્યાં બાજુમાં જ માનવ વસવાટ આવેલો છે. અકસ્માતની તીવ્રતા જોતા મોટી જાનહાની થવાની શક્યતા હતી, પરંતુ સદનસીબે કોઈ જાનહાની થઈ નથી અને મોટો અકસ્માત ટળી ગયો છે. ઘટનાની જાણ થતા જ પી જી વી સી એલ રવાપર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેથી વીજ પુરવઠો વહેલી તકે સામાન્ય થઈ શકે.સ્થાનિક લોકોમાં ઘટનાને લઈ ચિંતા અને રોષનો માહોલ જોવા મળ્યો હતો. લોકોએ તંત્ર પાસે બસોની યોગ્ય તપાસ અને જાળવણી સાથે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની માંગ ઉઠાવી છે.

# શેરબજાર તેજી સાથે બંધ, સેન્સેક્સમાં 612.84 પોઇન્ટનો વધારો

(એજન્સી) મુંબઈ | તા 18

તેલના ભાવમાં ઘટાડો અને વૈશ્વિક સંકેતોને કારણે શેરબજારમાં તેજી જોવા મળી. સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉછાળો આવ્યો, જેનાથી રોકાણકારોની સંપત્તિમાં 6 લાખ કરોડનો વધારો થયો, જ્યારે IT શેરોમાં સૌથી વધુ ઉછાળો નોંધાયો. ભારતીય શેરબજારમાં આજે સકારાત્મક વલણ જોવા મળ્યું, મુખ્ય સૂચકાંકો તેમના દિવસના ઉચ્ચતમ સ્તરની નજીક ટ્રેડિંગ કરતા જોવા મળ્યા. મજબૂત રોકાણકારોના વિશ્વાસ અને પસંદગીના ક્ષેત્રોમાં ખરીદી પ્રવૃત્તિને કારણે બજારમાં મજબૂત તેજી જોવા મળી.ટ્રેડિંગ સત્ર દરમિયાન, નિફ્ટી50 એ મજબૂતાઈ દર્શાવી, 1.07 ટકા - અથવા 252.20 પોઈન્ટ - વધીને 23,833.35 ના સ્તરે પહોંચ્યો. તેવી જ રીતે, સેન્સેક્સ 76,890.68 ના સ્તર પર ટ્રેડિંગ કરતો જોવા મળ્યો, જે 1.08 ટકા



- અથવા 819.84 પોઈન્ટ વધીને 1.08 ટકા - અથવા 819.84 પોઈન્ટ થયો. આ સૂચવે છે કે બજારમાં રોકાણકારોની ભાવના હાલમાં હકારાત્મક છે.બપોરે 3.30 કલાકની વાત કરીએ તો, સેન્સેક્સ 612.84 પોઈન્ટના વધારા સાથે 76,683.69 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 182.95 પોઈન્ટના વધારા સાથે 23,764.10 અંકે બંધ થયો. બજારને વ્યાપક રીતે જોતાં, મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં વધુ ઉત્સાહ જોવા મળ્યો. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સમાં આશરે 1.70 ટકાનો વધારો નોંધાયો, જ્યારે નિફ્ટી સ્મોલ-કેપ ઈન્ડેક્સમાં લગભગ 1.54 ટકાનો વધારો થયો. આ સૂચવે છે કે રોકાણકારોનો રસ ફક્ત લાર્જ-કેપ કંપનીઓ સુધી મર્યાદિત નથી; તેના બદલે, રોકાણકારો નાના અને મધ્યમ કદના શેરોમાં પણ રસ દર્શાવી રહ્યા છે.વૈશ્વિક સ્તરે, રોકાણકારોનું ધ્યાન હવે યુએસ સેન્ટ્રલ બેંક - ફેડરલ રિઝર્વની - નાણાકીય નીતિ બેઠકના પરિણામ પર કેન્દ્રિત છે, જેનો નિર્ણય આજે જાહેર થવાનો છે. અપેક્ષાઓ સૂચવે છે કે ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કરશે નહીં. જોકે, રોકાણકારો માટે સૌથી મહત્વપૂર્ણ પાસું સેન્ટ્રલ બેંકના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ હશે, જે યુએસ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવની ભવિષ્યની નીતિઓ પર સંભવિત અસર અંગે સંકેતો આપી શકે છે. એશિયન બજારોમાં પણ સકારાત્મક ભાવના જોવા મળી હતી. જાપાનનો નિક્કી 225 2 ટકાથી વધુના વધારા સાથે ટ્રેડિંગ કરતો જોવા મળ્યો હતો. નવીનતમ માહિતી અનુસાર, ફેબ્રુઆરીમાં જાપાનની નિકાસ વાર્ષિક ધોરણે 4.2 ટકા વધી હતી, જે બજારને ટેકો પૂરો પાડતો વિકાસ હતો. દક્ષિણ કોરિયાના કોસ્પીએ લગભગ 4 ટકાના મજબૂત વધારા સાથે પ્રાદેશિક બજારોનું નેતૃત્વ કર્યું. દરમિયાન, ચીનનો CSI 300 અને હોંગકોંગનો હેંગ સેંગ પણ સાધારણ વધારા સાથે ટ્રેડિંગ કરતો જોવા મળ્યો હતો.

## ક્રૂડમાં તેજીથી ઓઈલ કંપનીઓને ફાયદો રોકાણકારો માટે ખુશખબર

નવી દિલ્હી: વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવી રહેલા ઉછાળા વચ્ચે ભારતની અપસ્ટ્રીમ ઓઈલ અને ગેસ કંપનીઓ માટે મોટા સારા સમાચાર મળી રહ્યા છે. એક તાજા મીડિયા અહેવાલ અનુસાર, આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના વધતા ભાવ ભારતીય તેલ ઉત્પાદન કંપનીઓ માટે વરદાન સાબિત થશે. યસ સિક્યોરિટીઝના અહેવાલમાં જણાવાયું છે કે, વૈશ્વિક બેન્ચમાર્ક સાથે સીધું જોડાણ હોવાને કારણે ભારતની એક્સપ્લોરેશન અને પ્રોડક્શન કંપનીઓના નફામાં તોતિંગ વધારો થવાની પૂરી સંભાવના છે. ખાસ કરીને જ્યારે ઉત્પાદન ખર્ચ સ્થિર હોય ત્યારે વધારાની આવક સીધી કંપનીઓના ઓપરેટિંગ નફામાં પરિણમે છે, જે તેમના નાણાકીય માળખાને વધુ મજબૂત બનાવશે.અહેવાલ મુજબ, ભારતની અપસ્ટ્રીમ કંપનીઓ માટે અત્યારે 'ઓપરેટિંગ લિવરેજ' સૌથી મોટું હથિયાર સાબિત થઈ રહ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ વધે છે અને કંપનીનો ઉત્પાદન ખર્ચ વધતો નથી, ત્યારે દરેક વધારાના ડોલરની કમાણી સીધી જ 'EBITDA' માર્જિનમાં વધારો કરે છે. આનાથી કંપનીઓ પાસે મુક્ત રોકડ પ્રવાહ (Free Cash Flow) વધશે, જેનો ઉપયોગ તેઓ નવા સંશોધનો, ઉત્પાદન વિસ્તરણ અને દેવું ઘટાડવા માટે કરી શકશે. આ ઉપરાંત, રોકાણકારો માટે પણ આ સારા સમાચાર છે કારણ કે મજબૂત નફાને કારણે કંપનીઓ તગડું ડિવિડન્ડ જાહેર કરી શકે છે.

# એસ્ગાર્ડ અલ્કોબેવ લિમિટેડે તેની પેટાકંપની સીએમજે બ્રુઅરીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા બ્રુઝ એન્ડ બ્લિસ એલએલપી સાથે વ્યૂહાત્મક ઉત્પાદન જોડાણની જાહેરાત કરી

(એજન્સી) મુંબઈ | તા 18

એસ્ગાર્ડ અલ્કોબેવ લિમિટેડ (અગાઉ બાણગંગા પેપર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતી) ('કંપની') એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે તેની પેટાકંપની સીએમજે બ્રુઅરીઝ પ્રાઈવેટ લિમિટેડે બ્રુઝ એન્ડ બ્લિસ એલએલપી સાથે એક વ્યૂહાત્મક ઉત્પાદન કરાર કર્યો છે જેથી સમગ્ર ઉત્તર પૂર્વ ક્ષેત્રમાં વેચાણને વેગ આપી શકાય અને મોહન




મીકિન લિમિટેડ (સોલન) ના પ્રતિષ્ઠિત ગોલ્ડન ઈગલ બીયર્સના જાદુને ફરીથી બનાવી શકાય. બે પ્રખ્યાત જૂથો વચ્ચેનું આ ભવ્ય જોડાણ દરેક ભાગીદારની તાકાતને મજબૂત બનાવે છે જેથી ગ્રાહકોને તેઓ લાયક ઉત્તમ બીયર પૂરા પાડી શકે. સમગ્ર પૂર્વ પૂર્વ ઝોન / ભૂટાન માટે ગોલ્ડન ઈગલ પોર્ટફોલિયોનું ઉત્પાદન અને વિતરણ કરવા માટેનો એક વિશિષ્ટ કરાર હોવાથી માત્ર બંને ભાગીદારો માટે જ નહીં પરંતુ ગ્રાહક અને શેરધારકો બંને માટે મોટા આર્થિક લાભો લાવશે. મોહન મીકિન લિમિટેડના અધિકૃત ભાગીદાર બ્રુઝ એન્ડ બ્લિસ એલએલપી (જે ચોક્કસ બ્રાન્ડ્સના ઉત્પાદન, માર્કેટિંગ અને વેચાણના વિશિષ્ટ અધિકારો ધરાવે છે) દ્વારા હાથ ધરવામાં આવેલી આ ભાગીદારી, સીએમજે બ્રુઅરીઝને મેઘાલયના બાયર્નિહાટમાં સ્થિત તેની અત્યાધુનિક સુવિધા પર પ્રતિષ્ઠિત બીયરનું ઉત્પાદન કરવા સક્ષમ બનાવે છે.

# News Brief

## દવા ઉત્પાદન એકમો પર અસર ગેસ પૂરવઠો ખોરવાયો

મુંબઈ : વૈશ્વિક સ્તરે ચાલી રહેલા યુદ્ધ અને ભૂ-રાજકીય અસ્થિરતાની સીધી અસર હવે ભારતના ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર પર પડવા લાગી છે. ઇંધણના પુરવઠામાં સર્જાયેલા વિક્ષેપને કારણે દેશના ઔદ્યોગિક હબ ગણાતા ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના વિવિધ રાજ્યોમાં દવા ઉત્પાદન એકમો પર અસર જોવા મળી રહી છે. ખાસ કરીને રિએક્ટર્સ અને સ્ટીમ જનરેશન માટે અત્યંત આવશ્યક એવા પ્રોપેન ગેસની ભારે



અછત સર્જાતા અનેક ફાર્મા કંપનીઓમાં ઉત્પાદન પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે. જો આ પરિસ્થિતિ વધુ થોડા દિવસો ચાલુ રહેશે તો આગામી દસ દિવસમાં બજારમાં જીવનરક્ષક દવાઓની મોટી અછત ઊભી થવાની ગંભીર શક્યતા સેવાઈ રહી છે. ફાર્મા ઉદ્યોગના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, પ્રોપેન ગેસના પુરવઠામાં થયેલા ઘટાડાને કારણે પેરાસિટામોલ, વિવિધ પ્રકારના વિટામીન્સ અને અન્ય આવશ્યક દવાઓના ઉત્પાદન પર માઠી અસર પડી છે. દવા બનાવવા માટે વપરાતા બોઈલરની કામગીરી ઈંધણ વગર અટકી પડી છે. ભારત વિશ્વમાં એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રીડિયન્ટ્સ (API) નો મોટો ઉત્પાદક દેશ છે.

## ઈરાન યુદ્ધ બાદ બજારની સ્થિતિમાં પલટો આવ્યો

મુંબઈ: વૈશ્વિક રાજકારણમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા ભીષણ સંઘર્ષના પરિણામે આંતરરાષ્ટ્રીય રોકાણ બજારમાં એક અત્યંત આશ્ચર્યજનક વલણ જોવા મળી રહ્યું છે. સામાન્ય રીતે જ્યારે પણ યુદ્ધ જેવી અનિશ્ચિત પરિસ્થિતિ ઊભી થાય છે, ત્યારે રોકાણકારો સુરક્ષિત ગણાતા સોના અને ડોલર તરફ વળતા હોય છે, પરંતુ આ વખતે ચિત્ર તદ્દન અલગ છે. મીડિયા અહેવાલ અનુસાર, વર્તમાન કટોકટીમાં સોનાની ચમક ફીકી



પડી રહી છે અને રોકાણકારો ડિજિટલ એસેટ એટલે કે બિટકોઈન તરફ વધુ આકર્ષાયા છે. સોનાના વૈશ્વિક ભાવમાં પાંચ ટકા જેટલું મોટું કરેક્શન જોવા મળ્યું છે, જ્યારે બીજી તરફ ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં તોતિંગ ઉછાળો નોંધાયો છે, જે દર્શાવે છે કે આધુનિક રોકાણકારો માટે હવે બિટકોઈન એક મજબૂત 'સેફ હેવન' તરીકે ઉભરી રહ્યું છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન પર ઈઝરાયેલ અને અમેરિકાના આક્રમણ બાદ વૈશ્વિક શેરબજારોમાં મોટો કડાકો બોલી ગયો હતો. યુદ્ધના પ્રારંભિક કલાકોમાં બિટકોઈન પણ ગબડીને ૬૩,૦૦૦ ડોલરની સપાટીએ પહોંચ્યો હતો, પરંતુ ત્યારબાદ તેમાં અસાધારણ રિકવરી જોવા મળી છે. તેનાથી વિપરીત, સોનામાં આવેલી તેજી લાંબો સમય ટકી શકી નથી.

## હોર્મુઝની સામુદ્રધુનીમાં ટ્રાફિક ઠપ ઉર્જા સંકટ ઘેરાયું

નવી દિલ્હી : વૈશ્વિક ઉર્જા સુરક્ષા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવરમાં મોટો ઘટાડો નોંધાયો છે, જેના કારણે વિશ્વભરમાં તેલ અને ગેસના પુરવઠા પર ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે. એસ એન્ડ પી ગ્લોબલ એનર્જી દ્વારા બુધવારે આયોજિત એક વેબિનારમાં જણાવવામાં આવ્યું હતું કે, ૨ માર્ચથી આ દરિયાઈ માર્ગે દરરોજ પસાર થતા જહાજોની સંખ્યા ઘટીને માત્ર ૧૦થી પણ ઓછી થઈ ગઈ છે, જે ફેબ્રુઆરીમાં સરેરાશ ૧૩૫ હતી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના પરિણામે સર્જાયેલી આ સ્થિતિ ઉર્જા બજાર માટે એક 'સીસ્મિક શોક' સમાન છે. મીડિયા અહેવાલ મુજબ, આ માર્ગ સામાન્ય રીતે દરરોજ ૧૪.૧ મિલિયન બેરલ ક્રૂડ અને ૫.૪ મિલિયન બેરલ રિફાઈન્ડ ઉત્પાદનોનું વહન કરે છે, જે હવે લગભગ ઠપ જેવી સ્થિતિમાં છે. ટ્રાફિક ધીમો પડવાને કારણે આ ક્ષેત્રમાં ભારે ગીચતા સર્જાઈ છે અને લગભગ ૮૫૦ જેટલા તેલ ટેન્કરો દરિયામાં કતારબદ્ધ ઉભા છે. સામાન્ય રીતે દરરોજ ૬૦ ટેન્કરો આ માર્ગ પાર કરતા હતા, જેની સંખ્યા હવે ઘટીને માત્ર બે થી ત્રણ રહી ગઈ છે. એસ એન્ડ પી ગ્લોબલ એનર્જીના અંદાજ મુજબ, આશરે ૧૨૫ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ હાલમાં ગલ્ફમાં ફસાયેલું છે અને હોર્મુઝમાંથી પસાર થવા માટે મંજૂરીની રાહ જોઈ રહ્યું છે. માર્ચ મહિનામાં મધ્ય પૂર્વના દેશોમાંથી તેલનું શિપમેન્ટ ઘટીને ૭.૪ મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ ગયું છે, જે ફેબ્રુઆરીના અંતની સરખામણીએ અડધાથી પણ ઓછું છે.ભારત માટે હોર્મુઝની સામુદ્રધુની વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વની છે, કારણ કે દેશની કુલ એલપીજી (LPG) આયાતનો ૯૦ ટકા હિસ્સો આ જ માર્ગે આવે છે. વધુમાં, ભારતની ક્રૂડ ઓઈલ આયાતનો આશરે ૪૨ ટકા ભાગ આ માર્ગ પર નિર્ભર છે, જે પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે પ્રભાવિત થયો છે.

### સીસીપીએના આદેશ સામે કાનૂની જંગ

# મેટાએ દિલ્હી હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા સીસીપીએ સામે પડકાર

નવી દિલ્હી: સોશિયલ મીડિયા જાયન્ટ મેટા (Meta) પ્લેટફોર્મ્સે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA) ના એક આદેશને પડકારતા દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. મેટાએ દલીલ કરી છે કે ફેસબુક માર્કેટપ્લેસને ખોટી રીતે ઈ-કોમર્સ પ્લેટફોર્મ ગણીને તેના પર નિયમનકારી જવાબદારીઓ લાદવામાં આવી રહી છે, જે ઓથોરિટીના અધિકારક્ષેત્રની બહાર છે. મીડિયા અહેવાલ અનુસાર, આ વિવાદ ૧ જાન્યુઆરીના એક આદેશથી શરૂ થયો હતો, જેમાં સીસીપીએ દ્વારા ફેસબુક માર્કેટપ્લેસ પર વોકી-ટોકીના લિસ્ટિંગ અંગે ગ્રાહક અને આઈટી કાયદાના ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ઓથોરિટીએ માત્ર વોકી-ટોકી જ નહીં, પરંતુ તમામ વૈધાનિક મંજૂરી માંગતા ઉત્પાદનો માટે કડક નિયમોનું પાલન કરવાનો આદેશ આપ્યો હતો, જેને મેટાએ હવે કાયદેસર રીતે પડકાર્યો છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મેટા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલો મુકુલ રોહતગી અને અરવિંદ દાતરે કોર્ટમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે ફેસબુક માર્કેટપ્લેસ એ એમેઝોન કે ફ્લિપકાર્ટ જેવા પરંપરાગત ઈ-કોમર્સ પ્લેટફોર્મ કરતા સાવ અલગ છે. મેટાની દલીલ છે કે આ એક 'ડિજિટલ નોટિસ બોર્ડ' સમાન છે, જ્યાં યુઝર્સ પોતાની રીતે વસ્તુઓની યાદી મૂકે છે. ફેસબુક આ પ્લેટફોર્મ પર કોઈ પણ પ્રકારનું પેમેન્ટ પ્રોસેસિંગ, ડિલિવરી કે ઓર્ડર મેનેજમેન્ટ કરતું નથી, તેમજ કોઈ કમિશન પણ વસૂલતું નથી. વ્યવહારો પ્લેટફોર્મની બહાર સીધા ખરીદનાર અને વેચનાર વચ્ચે થાય છે, તેથી તેને ઈ-કોમર્સના કડક નિયમો હેઠળ લાવવું કાયદેસર રીતે અયોગ્ય છે.

# 20 દિવસમાં 20 શોરૂમ્સ, મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ્સે રૂ. 1,580 કરોડના જંગી રોકાણ સાથે વ્યાપક વિસ્તરણની જાહેરાત કરી

અમદાવાદ : વિશ્વના સૌથી મોટા અને સૌથી વધુ વિશ્વસનીય જ્વેલરી રિટેલર પૈકીના એક મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ્સ માત્ર 20 દિવસમાં 20 નવા શોરૂમ્સના નિર્માણ દ્વારા વ્યાપક રિટેલ વિસ્તરણની જાહેરાત કરી છે. જે ભારતીય જ્વેલરી ક્ષેત્રમાં અત્યાર સુધીના સૌથી ઝડપી શોરૂમ વિસ્તરણ અભિયાનો પૈકીનું એક છે. આ નવા અભિયાન સાથે કંપનીના વિશ્વભરમાં કુલ શોરૂમની સંખ્યા 445 પર પહોંચી જશે, જે 14 દેશોમાં ફેલાયેલા હશે. ભારતમાં 22 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાજરી ધરાવતી, મલાબારગોલ્ડ વિશ્વની સૌથી ભરોસાપાત્ર અને વિસ્તૃત જ્વેલરી રિટેલ ચેઈન તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત કરશે. આ વિસ્તરણ અંતર્ગત કુલ 1,580 કરોડનું રોકાણ કરવામાં આવશે અને તેનાથી રોજગારીની 725થી વધુ તકો ઊભી થવાની અપેક્ષા છે. આ પગલું ભારતના આર્થિક વિકાસ, રોજગાર સર્જન અને રિટેલ ક્ષેત્રના વિકાસ પ્રત્યે ગ્રૂપની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે.આ નવા શોરૂમ્સ ઝાંસી, કલાકુરિચી, ગ્વાલિયર, ચિત્તૂર, હલ્દવાની, થેની, જામનગર, રાંચી, વીઆઈપી રોડ કોલકાતા, અલીગઢ, કેઆર પુરમ (બેંગલુરુ), ઈનઓર્બિટ મોલ વાઈઝાગ, કાંચરાપાડા, શ્રીરામપુર, ગોકુળ રોડ હુબલી, મણિનગર, ગુરુગ્રામ સેક્ટર 14, જુબિલી હિલ્સ (હૈદરાબાદ), સંગારેડ્ડી અને ગુવાહાટીમાં શરૂ કરવામાં આવશે. આ વિસ્તરણ દ્વારા કંપની ઉભરતા અને સ્થાપિત એમ બંને પ્રકારના જ્વેલરી માર્કેટમાં પોતાની પકડ વધુ મજબૂત બનાવશે. તાજેતરમાં ભારતે ટી20 વર્લ્ડ કપમાં મેળવેલાં ભવ્ય વિજયને પગલે દેશમાં જે ગર્વનો માહોલ છે, તેવા સમયે જ આ મહત્વની સિદ્ધિ હાંસલ થઈ છે. આ સફળતા ભારતની મહત્વાકાંક્ષા, મજબૂતી અને સામૂહિક શ્રેષ્ઠતાની ભાવનાને દર્શાવે છે, જે ભારતની વિકાસયાત્રાને સતત વેગ આપી રહી છે. આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ વિશે વાત બોલતાં મલાબાર ગ્રૂપના ચેરમેન એમ.પી. અહમદે જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે ભારતના થઈ રહેલાં ઉદય પાછળ દેશના લોકોનો આત્મવિશ્વાસ, તેમની આકાંક્ષાઓ અને સાહસિક વૃત્તિ રહેલી છે. માત્ર 20 દિવસમાં 20 શોરૂમ લોન્ચ કરવાનો અમારો નિર્ણય દેશની લાંબા ગાળાની વિકાસ ક્ષમતામાં રહેલા અમારા મજબૂત વિશ્વાસ અને વિશ્વસ્તરીય જ્વેલરી શોપિંગનો અનુભવ વધુ લોકો સુધી પહોંચાડવાની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે. મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સમાં અમારી યાત્રા હંમેશા વિશ્વાસ, મૂલ્યો અને ગ્રાહકો, કર્મચારીઓ તેમજ સમાજ માટે કાયમી પ્રભાવ ઊભો કરવાના વિઝન સાથે આગળ વધતી આવી છે.

## રિફાઈન્ડ ઇંધણની ભારે અછત ક્રૂડ કરતા સ્થિતિ વધુ ગંભીર

નવી દિલ્હી : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષના કારણે વૈશ્વિક ઉર્જા બજારમાં એક નવું અને અત્યંત ગંભીર સંકટ ઊભું થયું છે. પીએલ કેપિટલના તાજા અહેવાલ મુજબ, આગામી સમયમાં કાચા તેલ (Crude Oil) કરતા રિફાઈન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનો એટલે કે પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસની અછત વધુ તીવ્ર બની શકે છે. અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે કાચા તેલનું ઉત્પાદન ઝડપથી પુનઃસ્થાપિત કરી શકાય છે, પરંતુ જો રિફાઈનરીઓના માળખાકીય સુવિધાઓને નુકસાન પહોંચે અથવા લોજિસ્ટિક્સમાં અવરોધ આવે, તો રિફાઈન્ડ ઉત્પાદનોની લાંબા ગાળાની અછત સર્જાઈ શકે છે. મીડિયા અહેવાલ અનુસાર, ૧ એપ્રિલ, 2026 સુધીમાં વૈશ્વિક સ્તરે દરરોજ અંદાજે 10 મિલિયન બેરલ ઈંધણની ખાધ ઊભી થવાની આશંકા છે.મધ્ય પૂર્વના પાંચ મુખ્ય તેલ ઉત્પાદક દેશો દરરોજ આશરે 20 મિલિયન બેરલ કાચા તેલનું ઉત્પાદન કરે છે અને તેમની રિફાઈનિંગ ક્ષમતા 5 મિલિયન બેરલની છે. યુદ્ધના કારણે રિફાઈનરીઓ બંધ થવાથી અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થવાથી આ પુરવઠો ખોરવાઈ રહ્યો છે.

# ઓડી દ્વારા ભારતમાં Q રેન્જ મજબૂત બનાવાઈ: પરફોર્મન્સ કેન્દ્રિત ઓડી SQ8 લોન્ચ કરાઈ

(એજન્સી) મુંબઈ | તા 18

જર્મન લક્ઝરી કાર ઉત્પાદક ઓડી દ્વારા આજે ભારતમાં નવી ઓડી SQ8 લોન્ચ કરાઈ, જે સંતુલિત પરફોર્મન્સ અને પ્રિસિશન એન્જિનિયરિંગમાં દાખલો બેસાડે છે. ઓડી SQ8 ઓડી Q8 લાઈન-અપમાં સિંગ્યુલર સ્થાન જમાવે છે, જે કમાન્ડિંગ હાજરી, રોમાંચક પરફોર્મન્સ અને રોજબરોજની પ્રેક્ટિકાલિટી એક, અત્યંત વર્સેટાઈલ પેકેજમાં સંમિશ્રિત કરે છે.ઓડી SQ8 ભારતમાં INR xxxxxxxની આરંભિક કિંમત (એક્સ- શોરૂમ)માં મળી રહેશે. તે આકર્ષક કોમ્પ્રીહેન્સિવ મેઈનટેનન્સ અને સર્વિસ પેકેજીસ સાથે 10 વર્ષના કોમ્પ્લિમેન્ટરી રોડસાઈડ આસિસ્ટન્સ સાથે આવે છે. ઓડી Q8 અને ઓડી RS Q8 પરફોર્મન્સ વચ્ચે સ્વીટ સ્પોટ તરીકે ઓડી Q8 પરિવારમાં પરફોર્મન્સ SUV જોડાઈ.373 kW અને 770 Nm સાથે શક્તિશાળી 4.0 લિટર V8 TFSI એન્જિન અત્યંત ઝડપી 4.1 સેકંડ્સમાં 0-100 km/h પ્રદાન કરે છે.સેલ્ફ- લોકિંગ સેન્ટર ડિફરન્શિયલ, એડપ્ટિવ એર સસ્પેન્શન સ્પોર્ટ અને




ઓલ- વ્હીલ સ્ટીયરિંગ સાથે ક્વેટ્રો.ઓડી લેઝર લાઈટ, S-સ્પેસિફિક સ્ટાઈલિંગ, પેનોરમિક સનરૂફ, ફ્રેમલેસ અને પાવર લેચિંગ ડોઅર્સ સાથે HD મેટ્રિક્સ LED હેડલાઈટ્સ.S એમ્બોસિંગ, સ્પોર્ટ કોન્ટુર લેધર ફ્લેટ-બોટમ સ્ટીયરિંગ વ્હીલ અને 4- ઝોન ક્લાઈમેટ કંટ્રોલ સાથે ડાયનેમિકા ફિક્વન્સી માઈક્રાઈબર/ લેધરસાથે સ્પોર્ટ સીટ્સ.કર્ણપ્રિય સાઉન્ડ અનુભવ માટે 17 સ્પીકર્સ અને 730- વેટ આઉટપુટ સાથે બેન્ગ એન્ડ ઓલુફસેન 3D પ્રીમિયમ સાઉન્ડ સિસ્ટમ.આઠ એક્સટીરિયર કલર વિકલ્પો અને વૈકલ્પિક ઓડી એક્સક્લુઝિવ કલર્સ.INR xxxxxxxની આરંભિક કિંમતે (એક્સ- શોરૂમ) મળશે.

## ઓપ્ટિમો કેપિટલ એમએસએમઈ ધિરાણ ક્ષેત્રે ક્રાંતિ લાવવા સજ્જ

નવી દિલ્હી: ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) માટે ધિરાણ મેળવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવાના હેતુથી ટેકનોલોજી આધારિત એનબીએફસી (NBFC) ઓપ્ટિમો કેપિટલે એક મોટી નાણાકીય સફળતા હાંસલ કરી છે. મીડિયા અહેવાલ અનુસાર, કંપનીએ પંજાબ નેશનલ બેંક (PNB) પાસેથી રૂ. ૧૦૦ કરોડનું ભંડોળ સુરક્ષિત કર્યું છે. આ ઉપરાંત, ઓપ્ટિમોએ ગોદરેજ ફાઈનાન્સ લિમિટેડ સાથે વ્યૂહાત્મક 'કો-લેન્ડિંગ' ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા છે, જે અંતર્ગત આગામી ૧૨ મહિનામાં અંદાજે રૂ. ૨૦૦ કરોડનું ધિરાણ વિતરણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ જાહેરાત બ્લૂમ વેન્ચર્સ અને ઓમ્નિવોર દ્વારા કરવામાં આવેલા રૂ. ૧૫૦ કરોડના ઈક્વિટી ફંડિંગના માત્ર છ મહિના બાદ કરવામાં આવી છે, જે કંપનીની ઝડપી વૃદ્ધિ દર્શાવે છે. ઓપ્ટિમો કેપિટલ ભારતની પ્રથમ એવી સંસ્થા છે જે એમએસએમઈ (MSME) માટે પ્રોપર્ટી સામે ડિજિટલ સિક્યોર્ડ લોન (LAP) પૂરી પાડે છે.

# પ્રમાણિત ટકાઉ એરંડા બીજનું ઉત્પાદન વધીને ૧.૭૦ લાખ ટન થયું




(એજન્સી) અમદાવાદ | તા 18

જયંત એગ્રો-ઓર્ગેનિક લિમિટેડ તેની લાંબા સમયથી ચાલી આવતી ટકાઉપણા પહેલ દ્વારા ગુજરાતમાં એરંડાનું ઉત્પાદન કરતાં ખેડૂતોને સશક્ત બનાવવાનું ચાલુ રાખ્યું છે, જેમાં પ્રોજેક્ટ પ્રગતિનો સમાવેશ થાય છે, આ પ્રોજેક્ટે તેના નવમા વર્ષમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કર્યું છે. પ્રદેશમાં એરંડાની ખેતી માટે ઔપચારિક ટકાઉપણું ધોરણો રજૂ કરવા માટે 2016 માં શરૂ કરાયેલ, પ્રોજેક્ટ પ્રગતિ જવાબદાર અને શોધી શકાય તેવી સપ્લાય ચેઈન માટે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત મોડેલ બની ગયું છે. આ પહેલનું નેતૃત્વ જયંત એગ્રો-ઓર્ગેનિક લિમિટેડ, આર્કેમા અને BASF દ્વારા સોલિડેરિડાડના સહયોગથી સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે. સમાંતર રીતે, જયંત એગ્રો-ઓર્ગેનિક લિમિટેડની પેટાકંપની, ઈહસેડુ એગ્રોકેમ પ્રાઈવેટ લિમિટેડ સાથે મળીને, પ્રોજેક્ટ i પ્રગતિને ચલાવી રહી છે, જે ટકાઉ ખેતી પદ્ધતિઓની પહોંચ અને અસરને વધુ વિસ્તૃત કરે છે. આ કાર્યક્રમો ખેડૂતોની ભાગીદારીને સ્કેલ કરવાનું, પ્રમાણિત ટકાઉ ઉત્પાદન વધારવાનું અને જવાબદારીપૂર્વક સંચાલિત ખેતીની જમીનને વિસ્તૃત કરવાનું ચાલુ રાખે છે અને ટકાઉ એરંડાની ખેતીમાં ભારતના વૈશ્વિક નેતૃત્વને મજબૂત બનાવે છે.વર્ષ 9: મજબૂત સ્કેલ અને ઊંડી અસર : પ્રોજેક્ટ પ્રગતિ અને આઈ-પ્રગતિએ 2025 માં ખેડૂત ભાગીદારી, પ્રમાણિત ઉત્પાદન અને ટકાઉ જમીન કવરેજમાં માપી શકાય તેવા વિસ્તરણ સાથે તેનો વિકાસ ચાલુ રાખ્યો. બંને પ્રોજેક્ટ્સે હવે 13,500 થી વધુ ખેડૂતોને SuCCESS® ટકાઉપણું કોડ હેઠળ ખેતીલાયક 16,000 હેક્ટરથી વધુ જમીન સાથે પ્રમાણિત કર્યા છે. કુલ મળીને, આ પહેલોએ લગભગ 1,70,000 ટન પ્રમાણિત એરંડા બીજનું ઉત્પાદન કર્યું છે. પ્રગતિના ખેડૂતોએ પ્રાદેશિક સરકારી બેન્ચમાર્કની તુલનામાં 32% વધુ ઉપજ નોંધાવી હતી અને પરંપરાગત ખેતીની તુલનામાં નિદર્શન પ્લોટમાં 30% ઓછો પાણીનો વપરાશ દર્શાવવામાં આવ્યો હતો. પ્રમાણિત વાવેતર વિસ્તાર અને બીજ ઉત્પાદનમાં વિસ્તરણ વૈશ્વિક વિશેષ રાસાયણિક બજારોમાં જવાબદારીપૂર્વક મેળવેલા એરંડાના પુરવઠામાં નોંધપાત્ર વધારો કર્યો છે, જેણે ટકાઉ એરંડા ઉત્પાદનના કેન્દ્રમાં ભારતની ભૂમિકાને વધુ મજબૂત બનાવી છે. વર્ષ-દર-વર્ષે, ટકાઉપણું કોડ હેઠળ જમીનના વ્યાપમાં વધારો એ સ્પષ્ટ સૂચક છે કે એરંડા એક નફાકારક, આબોહવા-સ્થિતિસ્થાપક પાક છે જે અર્ધ-શુષ્ક પરિસ્થિતિઓ માટે યોગ્ય છે અને તેના કારણે ખેડૂતોનો વિશ્વાસ વધી રહ્યો છે.

### વિમાનમાં સીટ પસંદગી હવે મફત થશે , ભારત સરકારના નવા નિયમો લાગુ થયા

# હવાઈ મુસાફરોને મોટી રાહત સીટ પસંદગીના ચાર્જમાંથી મુક્તિ

(એજન્સી) નવી દિલ્હી | તા 18

ભારત સરકારના સિવિલ એવિએશન મંત્રાલય દ્વારા દેશના કરોડો વિમાન મુસાફરો માટે એક ઐતિહાસિક અને અત્યંત આનંદદાયક નિર્ણય લેવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, હવે વિમાનમાં પોતાની મનપસંદ સીટ પસંદ કરવા માટે મુસાફરોએ ખિસ્સા હળવા નહીં કરવા પડે. લાંબા સમયથી એરલાઈન્સ કંપનીઓ દ્વારા વેબ ચેક-ઈન અથવા સીટ સિલેક્શનના નામે ઉઘાડી લૂંટ ચલાવવામાં આવતી હતી, જેના પર સરકારે હવે કડક લગામ કસી છે. નવા જાહેર કરાયેલા નિર્દેશો અનુસાર, દરેક એરલાઈન્સે હવે તેમની ફ્લાઈટની કુલ બેઠકોમાંથી ઓછામાં ઓછી 60% સીટો કોઈપણ પ્રકારના વધારાના શુલ્ક વગર મુસાફરો માટે ઉપલબ્ધ કરાવવી ફરજિયાત રહેશે. આ નિર્ણયથી મધ્યમ વર્ગીય પરિવારો માટે હવાઈ સફર વધુ આર્થિક અને સુવિધાજનક બનશે.



સરકારના આ નવા આદેશમાં એક મહત્વપૂર્ણ પાસું એ પણ છે કે હવે એક જ પી.એન.આર. (PNR) પર ટિકિટ બુક કરાવનારા મુસાફરોને ફરજિયાતપણે સાથે અથવા આસપાસની બેઠકો જ ફાળવવી પડશે. અત્યાર સુધી પરિવારો અથવા મિત્રોના જૂથોએ સાથે બેસવા માટે મજબૂરીમાં વધારાના પૈસા ચૂકવવા પડતા હતા, પરંતુ હવે એરલાઈન્સે આ પ્રથા બંધ કરવી પડશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મંત્રાલયે એરલાઈન્સ કંપનીઓને રમતગમતના સાધનો, સંગીતના વાદ્યો અને પાલતુ પ્રાણીઓને મુસાફરીમાં સાથે લઈ જવા માટેની નીતિઓ પણ વધુ પારદર્શક અને ગ્રાહક લક્ષી બનાવવા માટે કડક સૂચના આપી છે.

મુસાફરોની સુવિધાને સર્વોપરી ગણતા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે જો ફ્લાઈટ મોડી પડે અથવા રદ થાય, તો તેવા સંજોગોમાં મુસાફરોના અધિકારોનું ચુસ્તપણે પાલન થવું જોઈએ. એરલાઈન્સે હવે ફરજિયાતપણે મુસાફરોના હિતોની જાણકારી પોતાની વેબસાઈટ અને એરપોર્ટ પરના કાઉન્ટર પર ગુજરાતી સહિતની પ્રાદેશિક ભાષાઓમાં આપવી પડશે. ભારતનું સ્થાનિક ઉડ્ડયન ક્ષેત્ર આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું બજાર બની ગયું છે, ત્યારે સરકાર 'ઉડાન યાત્રી કેફે' અને મફત વાઈ-ફાઈ જેવી સુવિધાઓ દ્વારા સામાન્ય માનવી માટે ઉડાન ભરવાનું સપનું સાકાર કરવા કટિબદ્ધ દેખાઈ રહી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ચૈત્ર સુદ - 1

# યુદ્ધની આગ વચ્ચે કેટલાક દેશો અબજોની કમાણી કરી રહ્યા છે

રશિયાએ તેના ક્રૂડ અને ગેસ ઉપર જે વ્યપક ડિસ્કાઉન્ટ આપ્યું હતું તે અટકાવી દીધું અને ઘણા કિસ્સામાં સાવ ઓછું કરી દીધું. માર્ચ મહિનાની જ વાત કરીએ તો તેણે 15 દિસવમાં ક્રૂડ અને ગેસ વેચીને અંદાજે 6 અબજ યૂરો એટલે કે અંદાજે 54,000 કરોડ રૂપિયાની વધારાની કમાણી કરી લીધી છે: નોર્વેએ પણ બજાર ભાવ અને વગર ડિસ્કાઉન્ટે જ ક્રૂડ અને ગેસ આપવાની શરૂઆત કરી દીધી છે. માર્ચના પંદર દિવસમાં નોર્વેની પણ ક્રૂડ અને ગેસ વેચીને થતી કમાણીમાં 14 ટકાનો વધારો થયો છે. તેવી જ રીતે માર્ચના પંદર દિવસમાં જ કેનેડાની સૌથી મોટી ક્રૂડ કંપની કેનેડિયન નેચરલ રિસોર્સિસનો નફો અંદાજે 19 ટકા વધી ગયો: નોર્થ કોરિયાએ રશિયા સાથે પણ હથિયારોની મોટી સિક્રેટ ડીલ કરેલી છે. તેના દ્વારા જ તેને 20 અબજ ડોલરની કમાણી થઈ છે. યૂક્રેન પણ ઓછા બજેટમાં વધારે ઘાતક ડ્રોન બનાવી શકે છે. ગત વર્ષના અંત દરમિયાન જ તેણે હથિયારો વેચવાની શરૂઆત કરી છે. 2026થી તેણે યુરોપના ઘણો દેશોમાં પોતાની ડિફેન્સ ઓફિસ શરૂ કરીને વિવિધ રેન્જના ડ્રોનનું વેચાણ શરૂ કર્યા હોવાના પણ અહેવાલો છે.દુનિયાભરમાં સામાન્ય રીતે કોઈની આફત કોઈના માટે અવસર બનતી જ હોય છે. લોકો તેનો લાભ લેવાનું ચુકતા જ નથી. ઈરાન-અમેરિકા યુદ્ધને પગલે હાલમાં દુનિયામાં જે તંગદિલી ફેલાયેલી છે તેના કારણે અનેક દેશો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી તરફ આ જ યુદ્ધ કેટલાક દેશો માટે અવસર સમાન સાબિત થઈ છે. ઈરાન, ઈઝરાયેલ, લેબેનોન અને અન્ય ખાડી દેશો વચ્ચે તણાવ વધતા અને યુદ્ધની સ્થિતિ વકરતા ક્રૂડના સપ્લાય ઉપર મોટું જોખમ આવી ગયું છે. દુનિયાભરમાં ક્રૂડ અને ગેસની અછત સર્જાઈ રહી છે. ખાસ કરીને એશિયા અને યુરોપના દેશો મુશ્કેલીમાં આવ્યા છે. બીજી તરફ એવા પણ દેશો છે જેમને આ યુદ્ધ સાથે કોઈ લેવા દેવા નથી અને તેમને ક્રૂડ અને ગેસના અધધ ઓર્ડર મળી રહ્યા છે અને તેઓ ધૂમ કમાણી કરી રહ્યા છે. માત્ર ક્રૂડ જ નહીં. કેટલાક દેશો તેમના હથિયારો વેચીને પણ અબજો રૂપિયાની કમાણી કરી રહ્યા છે. એક તરફ યુદ્ધ માટે હથિયારો વેચે છે અને જે દેશો યુદ્ધથી પીડાય છે તેમને ક્રૂડ અને ગેસ પણ બજાર ભાવે વેચીને અધધ નફો રળી રહ્યા છે.આ યાદીમાં સૌથી પહેલો દેશ રશિયા આવે છે. યૂક્રેન સાથે ચાર વર્ષ પહેલાં રશિયાએ યુદ્ધ શરૂ કર્યું ત્યારે પશ્ચિમી દેશોએ તેના ઉપર આર્થિક પ્રતિબંધ મુક્યો હતો. અમેરિકા પણ તેમાં રંગેચંગે જોડાયું હતું. રશિયાને એકલું પાડવાનો અને તેના અર્થતંત્રને તોડી પાડવાનો આશય હતો. આ રીતે તે યૂક્રેન સામે યુદ્ધ અટકાવી દે તેવું પશ્ચિમી દેશો અને યુરોપનું આયોજન હતું. તેમાં થોડાઘણા અંગે આ દેશો સફળ થયા હતા પણ ત્યાં જ અમેરિકાએ અને ઈઝરાયેલે ઈરાન ઉપર હુમલો કરી દીધો અને સ્થિતિ સાવ પલટાઈ ગઈ.રશિયા પાસે ગેસ અને ક્રૂડનો વિશાળ જથ્થો છે. છેલ્લાં ચાર વર્ષથી રશિયા તેના મિત્ર દેશો અને તેની સાથે વેપાર કરવા માગતા દેશોને સસ્તા ભાવે ક્રૂડ અને ગેસ આપતું હતું જેથી તેનું અર્થતંત્ર ગતિશિલ રહે. હવે સ્થિતિ તેના હાથમાં છે. રશિયાએ ક્રૂડના ભાવ વધારી દીધા અને દરેકને જણાવી દીધું કે, બજાર ભાવે ક્રૂડ અને ગેસ મળશે જેણે ખરીદવા હોય તેમણે ખરીદવાના બાકી કોઈ ડિસ્કાઉન્ટ મળશે નહીં. રશિયાએ જે રીતે વેપાર શરૂ કર્યો તેના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડની કિંમતો વધી ગઈ. તેમાંય એશિયા અને યૂરોપના દેશો વૈકલ્પિક સપ્લાય શોધી રહ્યા હતા તેમને રશિયાનો સાથ તો મળ્યો પણ શરતો રશિયાની હતી. રશિયાએ તેના ક્રૂડ અને ગેસ ઉપર જે વ્યાપક ડિસ્કાઉન્ટ આપ્યું હતું તે અટકાવી દીધું અને ઘણા કિસ્સામાં સાવ ઓછું કરી દીધું. માર્ચ મહિનાની જ વાત કરીએ તો તેણે ૧૫ દિવસમાં ક્રૂડ અને ગેસ વેચીને અંદાજે ૬ અબજ યૂરો એટલે કે અંદાજે ૫૪,૦૦૦ કરોડ રૂપિયાની વધારાની કમાણી કરી લીધી છે. બીજી તરફ ક્રૂડના ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા છે. તેના કારણે પણ રશિયાને દરરોજ ૧૫૦૦ કરોડ રૂપિયાની વધારાની કમાણી થઈ રહી છે.બીજી બાજુ જોઈએ તો મિડલ ઈસ્ટમાં જ્યારે પણ તણાવ ફેલાય કે યુદ્ધની સ્થિતિ આવે એટલે યુરોપ ઉપર જોખમ સર્જાય છે. આ વખતે પણ યુરોપના દેશો આ યુદ્ધને પગલે ક્રૂડ અને ગેસ મુદ્દે અટવાયા છે. યુરોપના દેશો પાસે ક્રૂડ અને ગેસનો સપ્લાય ઓછો છે. તેઓ તેની વ્યાપક રીતે આયાત કરે છે. યુરોપના દેશો હાલમાં નજર નોર્વે તરફ દોડાવી છે. યુરોપના દેશોનું સજ્જન અને શાંત પડોશી નોર્વે પાસે ક્રૂડ અને ગેસના વિશાળ ભંડાર છે. તે ભૂતકાળમાં પણ યુરોપના દેશોનો ક્રૂડ અને ગેસ આપતું હતું પણ હાલમાં તો યુરોપે તેની પાસેથી ક્રૂડ અને ગેસ લેવા સિવાય વિકલ્પ જ નથી. હોર્મુઝની ખાડી બંધ થતા યુરોપનો સપ્લાય અટકી ગયો અને યુરોપે મદદ માગી તો નોર્વેએ તૈયારી બતાવી. તેણે પોતાના સપ્લાયમાં ૧૨ ટકા સુધીનો વધારો કરી દીધો.

# પાલનપુર ખાતે જિલ્લા કક્ષાનો રોજગાર ભરતીમેળો યોજાયો






૩૮૭ યુવાનોને સ્થળ પર જ નોકરીની ઓફર અપાઈ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લાના યુવાનોને ઘર આંગણે રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના ઉમદા આશય સાથે જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર દ્વારા આજે નગરપાલિકા હોલ ખાતે જિલ્લા કક્ષાનો ભવ્ય રોજગાર ભરતીમેળો યોજવામાં આવ્યો હતો. આ ભરતીમેળામાં વોલ્ટાસ બેકો પ્રા.લી. (વિઠલાપુર), મિત્સુબિશી ઈલેક્ટ્રિક ઓટોમોટિવ ઈન્ડિયા પ્રા.લી. (સાણંદ), ટાટા ઓટોકોમ્પ ગોટીન ગ્રીન એનર્જી પ્રા. લી. (સાણંદ), જે.બી.એમ. પ્રા.લી. (વિઠલાપુર), અરવિંદ મિલ્સ લિમિટેડ (ખાત્રેજ), વેલસ્પન લિવિંગ પ્રા.લી. (અંજાર), યુનો મિંડા લાઈટિંગ પ્રાઈવેટ લિમિટેડ (વિઠલાપુર) અને જે.એન.એસ. પ્રા.લી. (વિઠલાપુર) જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સહિત કુલ ૧૫ નોકરીદાતાઓ હાજર રહ્યા હતા.

આ ભરતીમેળામાં બનાસકાંઠા જિલ્લાના કુલ ૬૩૫ જેટલા ઉત્સાહી ઉમેદવારોએ ભાગ લીધો હતો. જેમાંથી સઘન ઈન્ટરવ્યૂ પ્રક્રિયાના અંતે કુલ ૩૮૭ ઉમેદવારોને વિવિધ કંપનીઓ દ્વારા નોકરી માટેની ઓફર આપવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા રોજગાર અધિકારી શ્રી એમ.જે. પ્રજાપતિએ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે, રોજગાર ભરતીમેળા સ્થાનિક યુવાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યા છે અને રોજગાર કચેરી દ્વારા આવા આયોજનો સતત કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, યુવાનોએ નોકરી મેળવ્યા બાદ પણ આજના આધુનિક યુગમાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને અન્ય ટેકનિકલ કોર્સ શીખવા પર ભાર મૂકવો જોઈએ, જેથી ભવિષ્યમાં પ્રમોશન અને કારકિર્દીના વિકાસમાં સરળતા રહે.

આ ભરતીમેળાની એક વિશેષતા એ રહી હતી કે, વર્ષ દરમિયાન સહયોગ આપનાર નોકરીદાતાઓનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ નવતર અભિગમ બદલ નોકરીદાતાઓએ પણ સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર આયોજન બનાસકાંઠાના યુવાનો માટે રોજગારલક્ષી દિશામાં એક મહત્વનું કદમ બની રહ્યું છે.

## નર્મદા જિલ્લા પંચાયત ની મુદત પૂર્ણ થતા વહીવટદાર તરીકે કલેકટરે ચાર્જ સંભાળ્યો

### રાજપીપલા નગરપાલિકા ના વહીવટદાર તરીકે પ્રાંતઅધિકારી ની નિમણુંક

રાજપીપલા | નર્મદા જિલ્લાપંચાયત તેમજ જિલ્લા ની પાંચ તાલુકા પંચાયતો અને રાજપીપલા નગરપાલિકા ની મુદત પૂર્ણ થતા રાજ્ય સરકારે ઉપરોક્ત તમામ સંસ્થાઓ માં વહીવટદાર ની નિમણુંક કરી છે . પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતભર માં સ્થાનિક સ્વરાજ ની સંસ્થાઓ ની મુદત પૂર્ણ થતા અને હજુ ચૂંટણીઓ જાહેર નહિ થતા સરકારે તમામ સ્થાનિક સ્વરાજ ની સંસ્થાઓ માં વહીવટદાર ની નિમણુંક કરીછે. જે મુજબ નર્મદા જિલ્લા પંચાયત ની મુદત પૂર્ણ થતા તેના વહીવટદાર તરીકે નર્મદા જીલ્લા કલેકટર સંજય મોદી એ ચાર્જ સંભાળી લીધો છે. જ્યારે જિલ્લાની નાંદોદ તા . પં . ની મુદત પૂર્ણ થતા તેના વહીવટદાર તરીકે જિલ્લા પુરવઠા અધિકારીએ તેમજ ગરુડેશ્વર અને તિલકવાડા તાલુકા પંચાયત ના વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી રાજપીપલા તેમજ ડેડીયાપાડા અને સાગબારા તા .પં . ની મુદત પૂર્ણ થતા પ્રાંતઅધિકારી ડેડીયાપાડા એ વહીવટદાર તરીકે ચાર્જ સાંભળી લીધો છે ઉપરાંત જિલ્લા ની એકમાત્ર નગરપાલિકા રાજપીપલા ના વહીવટદાર તરીકે પણ પ્રાંતઅધિકારી રાજપીપલા એ હવાલો સંભાળી લીધો છે.

## હવામાન વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૧૮ થી ૨૧ માર્ચ દરમિયાન કમોસમી વરસાદની આગાહી કરાઈ

### કમોસમી વરસાદની આગાહીને પગલે વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના પગલાં લેવા માર્ગદર્શિકા જાહેર કરાઈ

પાલનપુર | હવામાન વિભાગ, અમદાવાદની આગાહી મુજબ બનાસકાંઠા જિલ્લામાં આગામી તારીખ ૧૮/૦૩/૨૦૨૬ થી ૨૧/૦૩/૨૦૨૬ દરમિયાન કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે માવઠું પડી શકે છે. ખાસ કરીને તારીખ ૧૮ અને ૧૯ માર્ચના રોજ પવનની ગતિ ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાક રહેવાની અને સાથે વરસાદ થવાની સંભાવના છે.આ પરિસ્થિતિને ધ્યાને લેતા બનાસકાંઠા નિવાસી અધિક કલેક્ટરશ્રી દ્વારા જિલ્લાના તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (APMC) અને સબ સેન્ટરોને સૂચના આપવામાં આવી છે કે, ખુલ્લામાં રાખવામાં આવેલ અનાજ કે બોરીઓ પલળી ન જાય તે માટે સુરક્ષિત વ્યવસ્થા કરવામાં આવે. વધુમાં, ખેડૂતો અને વેપારીઓને અનાજ પરિવહન દરમિયાન પણ ખાસ સાવચેતી રાખવા જણાવાયું છે. વરસાદ અને તેજ પવનની આગાહીને જોતા નાગરિકોને સાવચેતીના પગલા લેવા તથા વાવેતર અને બાગાયતી પાકોને નુકસાન થવાની ભીતિ હોવાથી યોગ્ય પગલાં લેવા વહીવટી તંત્ર દ્વારા જણાવ્યું છે.

## યાત્રાધામ અંબાજીમાં ૧૯ માર્ચથી ચૈત્રી નવરાત્રિની ઉજવણી, જાણો ઘટ સ્થાપન અને દર્શનનો સંપૂર્ણ સમય

પાલનપુર | શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની યાદીમાં જણાવ્યા અનુસાર, મંદિરની પ્રચલિત પરંપરા મુજબ આગામી ચૈત્ર સુદ ૧ (એકમ) ને ગુરુવાર, તા.૧૯/૦૩/૨૦૨૬ થી ચૈત્ર સુદ ૮ (આઠમ) ને ગુરુવાર, તા.૨૬/૦૩/૨૦૨૬ સુધી માતાજીની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસે એટલે કે ૧૯ માર્ચના રોજ સવારે ૭:૩૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિ સાથે ઘટ સ્થાપન કરવામાં આવશે. નવરાત્રિ દરમિયાન દરરોજ સવારે આરતી ૭:૦૦ થી ૭:૩૦ કલાકે અને દર્શન સવારે ૭:૩૦ થી ૧૧:૩૦ કલાક સુધી કરી શકાશે. બપોરે ૧૨:૦૦ કલાકે રાજભોગ ધરાવવામાં આવશે, ત્યારબાદ બપોરે ૧૨:૩૦ થી ૧૬:૩૦ સુધી દર્શન ખુલ્લા રહેશે. સાંજના સમયે આરતી ૧૯:૦૦ થી ૧૯:૩૦ અને દર્શન ૧૯:૩૦ થી ૨૧:૦૦ કલાક સુધી ચાલુ રહેશે.

વધુમાં જણાવવાનું કે, ચૈત્ર સુદ-૮ (આઠમ) તા. ૨૬ /૦૩ /૨૦૨૬ અને ચૈત્ર સુદ-૧૫ (પુનમ) તા.૦૨/૦૪/૨૦૨૬ના ખાસ દિવસોએ સવારની આરતી ૦૬:૦૦ કલાકે યોજાશે. તા.૨૭/૦૩/૨૦૨૬ થી તમામ દર્શન અને આરતીનો સમય રાબેતા મુજબ થશે, જાહેર જનતા અને માઈભક્તોને આ સમયપત્રકની નોંધ લેવા ટ્રસ્ટ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# નર્મદા ઉત્તરવાહિની પરિક્રમા માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ

રાજપીપલા | નર્મદા જિલ્લા માં નર્મદા નદી જ્યાં ઉત્તરવાહિની રૂપે વહે છે તેની ચૈત્ર મહિના માં એક મહિના સુધી ચાલનારી પંચકોષી પરિક્રમા માટે જિલ્લા વહીવટી તંત્ર એ તમામ કામગીરી પૂર્ણ કરી દીધી છે . નર્મદા નદી ની શરૂ થતી ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમાનો 19 માર્ચથી વિધિવતથી પ્રારંભ થવા જઈ રહ્યો છે.પરંતુ ભક્તો દ્વારા તો 18 મી માર્ચની રાત્રીના 12 વાગ્યાથી ચૈત્ર અમાસની શરૂઆત થતી હોય એટલે આજ રાત્રિથી જ પરિક્રમા ચાલુ થઈ જશે.

નર્મદા પરિક્રમા માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર એકદમ સજ્જ છે અને જરૂરી તમામ સુવિધાઓ પૂર્ણ કરી દેવાઈ છે.શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન સર્જાય તે માટે જરૂરી આયોજન કરી દેવાયું છે. પરિક્રમા માર્ગ પર પૂરતી લાઈટિંગ, નિયમિત સફાઈ અને કચરા વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવું, પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા કરવી તેમજ રૂટ પર પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા આવ્યો છે. ઉપરાંત મગરથી બચવા સાવધાની સૂચક બોર્ડ લગાવવા, જરૂરી સ્થળોએ સાઇન બોર્ડ મુકવા, પીવાના પાણીની વ્યવસ્થા, મેડિકલ સુવિધા, બસ વ્યવસ્થા તેમજ સીસીટીવી કેમેરાથી આખા પરિક્રમા માર્ગ સજ્જ કરવામાં આવ્યા છે.

આજથી શરૂ થનારી નર્મદા પરિક્રમાને પ્રારંભ કરાવવા મળતી માહિતી મુજબ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રામપુરા આવશે.તેઓ શહેરાવ થી તિલકવાડાને જોડતો બ્રીજનું ખાતમુહૂર્ત કરશે.પરિક્રમાને લઈને તંત્ર સજ્જ છે એવી રીતે શહેરાવથી તિલકવાડાને જોડતો નર્મદા સેતુ પણ તૈયાર છે.બીજી બાજુ ગોવાથી 15 જેટલી સ્પેશિયલ સ્પીડ બોટ પણ લાવવામાં આવી છે.જે એક સાથે એક બાજુ 450 લોકોને ઉતારવાની કેપેસીટી ધરાવે છે.

19 માર્ચથી શરૂ થઈ રહેલી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, પરિક્રમા દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ટ્રાફિફ ડાયવર્ઝન/વન વે અંગેનું જાહેરનામું બહાર પાડ્યું છે.જાહેરનામામાં દર્શાવેલી ટ્રાફિક ડાયવર્ઝનની વિગતો મુજબ, પોઈચા - રૂંઢ ચોકડીથી શહેરાવ-લાછરસ-માંગરોલ-રામપુરા રૂટ વાહનવ્યવહાર માટે બંધ રહેશે.

## નર્મદા જિલ્લા કલેકટરે પરિક્રમા માર્ગ નું નિરીક્ષણ કર્યું

તા-19 માર્ચ થી શરુ થનારી ઉત્તરવાહિની પરિક્રમા માટે યાત્રાળુઓ ની સુવિધાઓ નું જિલ્લા કલેકટર સંજય મોદી એ અધિકારીઓ અને એજન્સીઓ સાથે રાખી નિરીક્ષણ કર્યું હતું . કલેકટર નર્મદા એ પરિક્રમા માર્ગ , ઉપરાંત CCTV કેમેરા , પાર્કિંગ વ્યવસ્થા , વિસામા માટે ડોમ , સ્નાનઘર , લાઈટિંગ , સુરક્ષા વ્યવસ્થા , અને ખાસ જેટી તેમજ યાત્રાળુઓ ની સલામતી માટે બેરિકેડ વગેરે નું ખાસ નિરીક્ષણ કરી અધિકારીઓ અને એજન્સીઓ ને જરૂરી સૂચના આપી હતી . પોઈચાથી રામપુરા જતાં વાહનો રૂંઢ ચોકડી-રાજપીપળા-વાવડી ચોકડીથી રામપુરા તરફ જશે.પરિક્રમા પુરી કર્યા બાદ રામપુરાથી સમારીયા ચોકડી તરફના વન વે રસ્તે બહાર નિકળવાનું રહેશે.માંગરોલ તથા શહેરાવના ગ્રામજનોએ લાછરસ થઈ રાજપીપળા તરફ જવાનું રહેશે.સમગ્ર મહિના દરમ્યાન પરિક્રમા માટે 10 લાખથી વધુ યાત્રાળુઓ આવવાનો અંદાઝ છે.

## અમરેલી જિલ્લા પંચાયતની મુદત પૂર્ણ થતાં વહીવટી તરીકે જિલ્લા કલેકટર શ્રી ની નિમણૂક

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



અમરેલી જિલ્લા પંચાયતની નિયત સમય મર્યાદાની મુદત પૂર્ણ થતા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા હુકમ અન્વયે અમરેલી જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે કલેક્ટરશ્રી, અમરેલીની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકનો હુકમ થતા મંગળવારે તા. ૧૭ માર્ચના રોજ જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે અમરેલી જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો.રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૭૮ અન્વયે પંચાયત અધિનિયમની કલમ-૧૩ અનુસાર ૧૬-૧૯ માર્ચ, ૨૦૨૬ દરમિયાન મુદત પૂર્ણ થનારા જિલ્લા તથા તાલુકા પંચાયતોમાં ચૂંટણીઓ પૂર્ણ થાય અને બેઠક મળે નહીં ત્યા સુધી વહીવટદારશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે.આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરીમલ પંડ્યા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અર્પણ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

# એક દિવસીય એક્સપોઝર શૈક્ષણિક પ્રવાસ - ચાલો પાટનગર જોઈએ

કમલેશ પટેલ | સંખેડા



વર્ષ 2025- 26 માં બાળવાર્તા,કલા ઉત્સવ, કલા મહાકુંભ,ખેલ મહાકુંભ બાળવૈજ્ઞાનિક પ્રદર્શન વગેરેમાં ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ લોકશાહીના મંદિર એવા ગુજરાત વિધાનસભા, GCERT,મહાત્મા મંદિર તથા અક્ષરધામ વગેરે સ્થળોએ એક દિવસીય પ્રવાસ યોજાયો જેમાં ગુજરાત વિધાનસભાની લોકશાહી પ્રક્રિયાને નજીકથી નિહાળવાનો આ અનોખો અવસર વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક રહ્યો.વિધાનસભામાં પ્રશ્નોત્તરી, ચર્ચા તથા નિર્ણય પ્રક્રિયાને જીવંત રીતે જોવાનો મોકો મળતા વિદ્યાર્થીઓએ રાજકીય વ્યવસ્થાનો વ્યવહારુ અનુભવ મેળવ્યો. આ યાદગાર ક્ષણોને વિધાનસભા સત્ર દરમિયાન રાજ્ય કક્ષા શિક્ષણ મંત્રી માન્ રિવાબા જાડેજા, ધારાસભ્ય શ્રી અભેસિંહ તડવી તાલુકા સંખેડાના (પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ 119, શિક્ષકો -9) ઉમળકા ભેર વિદ્યાર્થીઓનું સ્વાગત તથા ફોટોગ્રાફી કરી હતી જેમાં મંત્રીશ્રી, ધારાસભ્યશ્રી એ તાલુકાના વિદ્યાર્થીઓને વિધાનસભા લોકશાહીના મંદિરે વિદ્યાર્થીઓની મુલાકાતનો અવસર આપવા બદલ સમગ્ર શિક્ષા કચેરીને અભિનંદન પાઠવ્યા હતા. સચીવશ્રી જીસીઈઆરટી વિદ્યાર્થીઓને મોટીવેટ કર્યા હતા.પ્રવાસમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડનાર તમામ માર્ગદર્શક શિક્ષક ગણ આચાર્યશ્રીઓ,સી.આર.સી કો તથા વ્યવસ્થાપક તમામ ટીમનો ખુબ ખુબ હૃદયથી કચેરી વતી આભાર વ્યક્ત કરીએ છીએ.

## આઈટીઆઈ, કેશોદના તાલીમાર્થીઓ હવે ઈલેક્ટ્રિક વાહનોની ટેક્નોલોજીમાં બનશે સજ્જ: રાજ્ય સરકાર દ્વારા EV કાર ફાળવાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૧૮ રાજ્યના યુવાનોને આધુનિક ટેક્નોલોજી સાથે સુસંગત પ્રાયોગિક તાલીમ મળી રહે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગ્રીન મોબિલિટી તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને શ્રમ અને રોજગાર તથા કૌશલ્ય વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા દ્વારા તાજેતરમાં રાજ્યની વિવિધ આઈટીઆઈ માટે ૪૦ ઈલેક્ટ્રિક વ્હિકલ (EV) કારને ફ્લેગ ઓફ આપી ફાળવવામાં આવી હતી. આ પહેલના ભાગરૂપે આઈટીઆઈ, કેશોદને તાલીમ માટે અદ્યતન ટાટા ટિઆગો ઈલેક્ટ્રિક કાર મળી છે જે સંસ્થાના તાલીમાર્થીઓ માટે ટેક્નિકલ કૌશલ્ય વર્ધનનું નવું માધ્યમ બનશે. આઈટીઆઈ,કેશોદ ખાતે ઈવી કાર ઉપલબ્ધ થવાથી હવે અહીંના તાલીમાર્થીઓને ઈલેક્ટ્રિક વાહનોના સંચાલન, જાળવણી (મેન્ટેનન્સ) અને જટિલ ટેક્નિકલ કામગીરી અંગે પ્રત્યક્ષ 'હેન્ડ્સ-ઓન' પ્રેક્ટિકલ તાલીમ મળી શકશે.વર્તમાન સમયમાં ઓટોમોબાઈલ ક્ષેત્રે જે રીતે ઈલેક્ટ્રિક વાહનોનો વ્યાપ વધી રહ્યો છે.

## કમોસમી વરસાદની આગાહી : જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને ખેત પેદાશોને સુરક્ષિત સ્થળે ખસેડવા અનુરોધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮ હવામાન ખાતા દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ, આગામી તા. ૧૮-૦૩-૨૦૨૬ થી તા. ૨૦-૦૩-૨૦૨૬ દરમિયાન ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લા ઓમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આ વાદળછાયા વાતાવરણ અને વરસાદી માહોલને ધ્યાને રાખીને રાજ્યના ખેડૂતોને તેમના તૈયાર પાકના રક્ષણ માટે જરૂરી સાવચેતીના પગલાં લેવા ખેતીવાડી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.કમોસમી વરસાદથી થતા સંભવિત પાક નુકસાનને રોકવા માટે ખેડૂતોએ ખેતરમાં કાપણી કરેલ પાક જો ખુલ્લામાં હોય, તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવો અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવો. વરસાદનું પાણી ઢગલાની નીચે ન ઉતરે તે માટે ઢગલાની ફરતે માટીનો પાળો બનાવવો. વરસાદી વાતાવરણને ધ્યાને રાખી આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવાઓનો છંટકાવ અને ખાતરનો ઉપયોગ કરવાનું ટાળવું. ઉપરાંત ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહીં તે રીતે સુરક્ષિત સ્થળે રાખવા. માર્કેટિંગ યાર્ડમાં વેપારીઓ અને ખેડૂતોએ અનાજ તથા ખેતપેદાશોને શેડ નીચે રાખવા અથવા તાડપત્રીથી ઢાંકીને સુરક્ષિત રાખવા.

## કામધેનુ યુનિવર્સિટીની વેટરનરી કોલેજ, જૂનાગઢ દ્વારા હડકવા જેવા જીવલેણ રોગ અંગે જાગૃતિ માટે પ્રાથમિક શાળામાં જાગૃતિ કાર્યક્રમ તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ




જૂનાગઢ તા.૧૮ ધોરાજી તાલુકાના મોટા ગુન્દાણા ગામની પ્રાથમિક શાળામાં તા.૧૭ માર્ચ ૨૦૨૬ના રોજ વેટરનરી કોલેજ, જૂનાગઢ ના એન.એસ.એસ. યુનિટ દ્વારા હડકવા જેવા જીવલેણ રોગ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓને હડકવા શું છે, તે કેવી રીતે ફેલાય છે અને તે કેટલો જોખમી બની શકે છે તેની સરળ અને સમજાય તેવી રીતે માહિતી આપવામાં આવી હતી, કાર્યક્રમ દરમિયાન ડૉ.અવિનાશ બિલવાલ અને ડૉ.એસ.વી.માવદીયા દ્વારા વિદ્યાર્થીઓને રેબિઝના લક્ષણો, પ્રાથમિક સારવાર, ખાસ કરીને "કૂતરા કરડવા કે સ્ક્રેચ થાય તો તરત જ સાબુ અને પાણીથી ધોવું" જેવી જીવનરક્ષક માહિતી આપી હતી. તેમણે હડકવાથી બચવા માટેના મહત્વપૂર્ણ પગલાં જેમ કે સમયસર રસીકરણ, અજાણ્યા પ્રાણીઓથી દૂર રહેવું અને તરત જ તબીબી સારવાર લેવાની જરૂરિયાત અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓમાં વધુ રસ અને સમજ વિકસે તે હેતુસર હડકવા જાગૃતિ વિષયક ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનું સંચાલન ડૉ.પિયુષ ડોડીયા, ડો.ડી.સી.પટેલ, ડૉ.દેવાશી બોરખતરીયા તથા ડૉ.માનીની ગેલટ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લઈને હડકવા અંગે જાગૃતિ ફેલાવતાં સુંદર અને સંદેશાત્મક ચિત્રો રજૂ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવક વિદ્યાર્થીઓએ પણ સક્રિય ભાગ ભજવી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ માં જાગૃતિ સાથે સાથે રસપ્રદ શૈક્ષણિક વાતાવરણ ઉભું થયું હતું.

## માણાવદર તાલુકાના માંડોદરા પ્રાથમિક શાળામાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના માંડોદરા પ્રાથમિક શાળામાં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન વહિવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા વિવિધ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આવેલ,ગત્કે સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ વિકાસ શાખા દ્વારા મનરેગા SBMG, PMYJ, NRLM, BPL દાખલા વગેરે યોજનાઓનું માર્ગદર્શન તેમજ સીધોજ લાભ પૂરો પાડવામાં આવ્યો હતો.તાલુકા પંચાયત, માણાવદર દ્વારા જાતિ, આવક , નોન ક્રિમિલિયર તેમજ EWS ના દાખલા લાભાર્થીઓને સ્થળ પર જ કાઢી આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત આંબલીયા સબ સેન્ટર આરોગ્યની ટીમ દ્વારા વિશેષ કેમ્પનું આયોજન કરી લાભાર્થીઓને NCD , OPD, ABHA, PMJAY નું માર્ગદર્શન અને સારવાર પૂરી પાડવામાં આવી હતી. આ તકે કાર્યક્રમમાં માણાવદરના મામલતદારશ્રી શુક્લ ઉપસ્થિત રહ્યા હતા . અર્થે લાવવામાં આવતી પેદાશો ટાળવી અથવા સંપૂર્ણ સુરક્ષા સાથે લાવવી. આ અંગે વધુ માહિતી કે માર્ગદર્શન માટે ખેડૂતોએ સંલગ્ન વિસ્તારના ગ્રામસેવક મામલતદારશ્રી એ ઉપસ્થિત પંદર ગ્રામજનો ને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

અમદાવાદ એક્સપ્રેસ
THURSDAY • 19-03-2026

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ



138 વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અને શાળાને ફર્નિચર અર્પણ

# સાંગોલ પ્રાથમિક શાળામાં NGSL કંપની ના સહયોગથી વિદ્યાર્થીઓને દાન અને શાળા ને સુવિધાઓનો સંગમ

અશેષ વ્યાસ | ખેડા



શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જ્યારે સમાજ અને ઉદ્યોગ જગત હાથ મિલાવે છે, ત્યારે તેના પરિણામો ખૂબ જ સુખદ હોય છે. આવો જ એક પ્રેરણાદાયી કિસ્સો સાંગોલ પ્રાથમિક શાળામાં જોવા મળ્યો છે પ્રાથમિક શાળા સાંગોલ ના આચાર્ય શ્રી રજનીકાંત પટેલ નો ઉત્સાહ અનેશ્રી અજીતસિંહ રાઉલજીના વિશેષ પ્રયત્નોના ફળસ્વરૂપે, NGSL કંપની દ્વારા શાળાના બાળકો અને સંસ્થા માટે ઉદાર હાથે દાન આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના કુલ 138 વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે નીચે મુજબની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું:

* બાટા (Bata) કંપનીના બૂટ: 138 નંગ
* સેલો (Cello) કંપનીની સ્ટીલની પાણીની બોટલ (1 લીટર): 138 નંગ
* સેલો (Cello) કંપનીના ટિફિન બોક્સ: 138 નંગ

વિદ્યાર્થીઓની સુવિધાની સાથે સાથે શાળાના માળખાગત સદભરતા માટે પણ કંપની દ્વારા મહત્વનું યોગદાન આપવામાં આવ્યું છે, જેમાં:

* વોટર કૂલર: 08 નંગ
* ટેબલ: 08 નંગ
* ખુરશી: 08 નંગ
* કૂલિંગ ફેન: 10 નંગ

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી રજનીકાંત એમ. પટેલે તથા શાળા ના શિક્ષકો દ્વારા દાતાઓનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ પ્રકારના સહયોગથી ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં ઉત્સાહ વધે છે અને શાળાની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. NGSL કંપની અને શ્રી અજીતસિંહ રાઉલજીની આ ઉમદા કામગીરીને સમગ્ર ગ્રામજનો અને સ્ટાફ દ્વારા બિરદાવવામાં આવી હતી.

# સંખેડાના ગુંડીચા થી રામપુરા રોડ ઉપર ભુવો પડતા વાહન ચાલકો પટકાયા



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના ગુંડીચા થી રામપુરા જવાના રોડ ઉપર મોટો ભૂવો છેલ્લા ૧૫ દિવસથી પડેલો હોય રોજેરોજ અસંખ્ય વાહનો આ ખાડામાં ખાસ કરીને ટુ વ્હીલર ચાલક પટકાય છે ત્યારે માર્ગ વિભાગના પીડબ્લ્યુડી દ્વારા વહેલી તકે આ ભુવાને રીપેર કરવા વાહન ચાલકોની લોક માંગ ઉઠી છે. સંખેડા તાલુકાના ગુંડીચા નજીક છેલ્લા ૧૫ દિવસથી રોડ ઉપર મોટો ભુવો પડી જતા અવળ-જવર કરતા વાહન ચાલકો પટકાયા કરે છે જેમાં મોટાભાગે ટુ વ્હીલર વાહન ચાલકો ભોગ બને છે ત્યારે કોઈ મોટા વાહન અકસ્માત ન સર્જાય જેથી કરી વહેલી તકે રોડ વિભાગના પી ડબ્લ્યુ ડી દ્વારા આ ભુવાને રીપેર કરવા વાહનચાલકોની લોકમાંગ ઉઠવા પામી છે.

વાહન ચાલકોનો તકલીફો પડી રહી છે ભૂવૌ પડયો છે પણ પૂરવાનું કામ અધિકારીઓને દેખાતું નથી ખાડાના કારણે અકસ્માતો પણ દિવસે દિવસે વધી રહ્યા છે ક્યારે અધિકારીઓ જાગશે કે પછી આવી લોલમ લોલ જ ચાલશે.

# બોગસ એનજીઓનો પર્દાફાશ :આદિવાસી ખેડૂતો પાસેથી લાખો રૂપિયાની છેતરપિંડી

## બોરિંગ સબસિડીના નામે પ્રતિ લાભાર્થી દીઠ ₹21,800 વસૂલ્યા; અગાઉની ફરિયાદ છતા તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલો

ડાંગ | ડાંગ જિલ્લામાં ફરી એકવાર બોગસ એનજીઓ દ્વારા આદિવાસી ખેડૂતોને નિશાન બનાવી મોટી છેતરપિંડી આચરાઈ હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.જેમાં "જેરીકો યુનિવર્સલ વર્લ્ડ" નામની એક એનજીઓએ આહવા તાલુકાના માલેગામ વિસ્તારમાં ખેડૂતોને ખેતી માટે સબસિડીયુક્ત બોરિંગ સુવિધા અપાવવાની લાલચ આપી પ્રતિ લાભાર્થી દીઠ રૂપિયા 21,800 મુજબ નાણાં વસૂલ્યા હોવાનું બહાર આવ્યું છે.મળતી માહિતી મુજબ, 11થી વધુ ખેડૂતો પાસેથી લાખો રૂપિયાની ઉઘરાણી કરવામાં આવી છે. એનજીઓ દ્વારા બોરિંગનું કામ કરાવી આપવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ ન તો કોઈ કામગીરી હાથ ધરાઈ અને ન તો ખેડૂતોને નાણા પરત આપવામાં આવ્યા. પરિણામે પીડિત આદિવાસી ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે.વિશેષ નોંધનીય બાબત એ છે કે, આ જ એનજીઓ દ્વારા અગાઉ પણ આહવા વિસ્તારમાં સમાન પ્રકારની છેતરપિંડી કરવામાં આવી હતી. તે સમયે પોલીસ ફરિયાદ નોંધાઈ હોવા છતાં અસરકારક તપાસ હાથ ધરવામાં આવી નહોતી.જેના કારણે આ ટોળકી ફરી સક્રિય થઈ હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.જિલ્લા તંત્રની આ નિષ્ક્રિયતા સામે હવે ગંભીર સવાલો ઊભા થયા છે. ઘટનાની જાણ થતાં જ ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે અને જવાબદાર તંત્ર સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. પીડિત ખેડૂતો દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરી દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તથા છેતરાયેલા નાણાં પરત અપાવવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે.છેતરપિંડીનો ભોગ બનેલા ખેડૂતોની યાદી જોઈએ તો: (1) રામદાસભાઈ ગોવિંદભાઈ હડસ - 21,800.(2)પાંડુભાઈ મંગળ્યાભાઈ ગાયકવાડ - 21,800 .(3)પીન્ટુભાઈ આનંદભાઈ ભોયે - 21,800.(4) દેવરાજભાઈ બદાભાઈ ચોયો - 21,800.(5)બાલુભાઈ રતનભાઈ ઠાકરે - 21,800.(6)મીરાબેન પાંડુભાઈ ઠાકરે - 21,800.

# 'ઓપરેશન મિલાપ' મહારાષ્ટ્રમાં સંપર્કવિહોણા થયેલા ૨૦ મજૂરોનું પરિવારો સાથે સુખદ મિલન..



ડાંગ | ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. આર.એસ.પટેલની ટીમ દ્વારા 'ઓપરેશન મિલાપ' અંતર્ગત પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. મહારાષ્ટ્ર ખાતે મજૂરી અર્થે ગયેલા અને છેલ્લા એક અઠવાડિયાથી સંપર્કવિહોણા થયેલા કડમાળ ગામના ૨૦ મજૂરોને શોધી કાઢી, આહવા પોલીસે તેમને સુરક્ષિત રીતે તેમના પરિવાર સાથે મિલાપ કરાવ્યો છે.આહવા પોલીસ સ્ટેશન વિસ્તારના કડમાળ ગામના ૨૦ જેટલા મજૂરો મહારાષ્ટ્ર રાજ્યના નાશિક જિલ્લાના સટાણા તાલુકાના બામણગાવ ખાતે મજૂરી કામ માટે ગયા હતા. છેલ્લા એક સપ્તાહથી આ મજૂરોનો તેમના પરિવાર સાથે કોઈ સંપર્ક થઈ શકતો ન હતો.આ ગંભીર બાબતે ગામના સામાજિક અગ્રણી સુરેશભાઈ ચૌધરીએ ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પુજા યાદવનો સંપર્ક સાધ્યો હતો.રજૂઆત મળતા જ પોલીસ અધિક્ષક પુજા યાદવ (IPS) એ તાત્કાલિક ધોરણે આહવા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ.પટેલને કાર્યવાહીના આદેશ આપ્યા હતા.નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરીના માર્ગદર્શન હેઠળ આહવા પોલીસની ખાસ ટીમો બનાવવામાં આવી હતી.આહવા પોલીસે મહારાષ્ટ્રની સટાણા પોલીસની મદદ મેળવી તપાસ હાથ ધરી હતી. અંતે, આ તમામ ૨૦ મજૂરોને શોધી કાઢી આહવા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા અને ત્યાં તેમના ચિંતાતુર પરિવારજનો સાથે તેમનું મિલન કરાવવામાં આવ્યું હતુ. અહી વતન પરત ફરતા જ સૌ કોઈનાં મોઢા પર સ્મિત રેલાયું હતુ. અને ડાંગ જિલ્લા પોલીસની કામગીરીને બિરદાવી હતી..

## બહાદરપુરની સાત વર્ષની અફસા એ રમઝાન માસમાં રોજો રાખ્યો

કમલેશ પટેલ | સંખેડા

પવિત્ર રમઝાન માસ દરમિયાન મુસ્લિમ ધર્મના લોકો પોતાના રબ ને રાજી કરવા માટે રોજા રાખી નમાજ પઢી અને ઈબાદત કરીને ખુદાની બંદગી કરતા હોય છે,ત્યારે હાલ ચાલી રહેલા રમઝાન માસમાં મોટેરા તો રોજા રાખી રહ્યા છે પરંતુ તેની સાથે નાના બાળકો પણ ભૂખ્યા તરસ્યા રહી રોજા રાખીને ઈબાદત કરી ખુદાની બંદગી કરી રહ્યા છે, ત્યારે સંખેડા તાલુકા ના બહાદરપુર માં રહેતા મન્સૂરી યુનુસભાઈ ની સાત વર્ષની પુત્રી અફસા એ પણ રમઝાન માસમાં રોજો રાખ્યો હતો.

# વેપારી બંદરથી ગ્લોબલ હબ સુધી: સુરત બન્યું ભારતનું આર્થિક પાવરહાઉસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

તાપીના કિનારે વસેલું સુરત શહેર આજે ઐતિહાસિક વેપારી બંદરથી વિકસીને વૈશ્વિક ડાયમંડ અને ટેક્સટાઇલ હબ તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે. 16મી સદીના દરિયાઈ વેપારના વૈભવથી 21મી સદીની ઔદ્યોગિક શ્રેષ્ઠતા સુધીની સુરતની સફર દેશના ગતિશીલ વિકાસનું જીવંત પ્રતિબિંબ બની છે. ટૂંક સમયમાં યોજાનારી 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ' (દક્ષિણ ગુજરાત) આ વિકાસયાત્રાને વૈશ્વિક મંચ પૂરું પાડશે. એક સમયના આંતરરાષ્ટ્રીય વેપારના પ્રવેશદ્વાર તરીકે ઓળખાતા સુરતે આજે હીરા અને કાપડ ઉદ્યોગના બળ પર વિશ્વમાં વિશેષ સ્થાન મેળવ્યું છે. વિશ્વના અંદાજે 90 ટકા કુદરતી હીરા અને 25 ટકા લેબ-ગ્રોન હીરાનું પ્રોસેસિંગ સુરતમાં થતું હોવા ઉપરાંત, શહેર એશિયાના સૌથી મોટા ટેક્સટાઇલ કેન્દ્ર તરીકે પણ વિકસ્યું છે. હજારો એમએસએમઈ એકમો લાખો લોકોને રોજગારી પૂરી પાડતા આર્થિક સશક્તિકરણના મજબૂત આધાર બની રહ્યા છે. સુરતની આ ક્ષમતાને ધ્યાનમાં રાખીને નીતિ આયોગે તેને 'ગ્રોથ હબ' તરીકે પસંદ કરી 'સુરત ઈકોનોમિક રીજન વિકસાવવાનો દૃષ્ટિપત્ર તૈયાર કર્યો છે. 2047 સુધી દક્ષિણ ગુજરાતના વિસ્તારોને સંકલિત આર્થિક પટ્ટા તરીકે વિકસાવવાનો આ પ્રયાસ પ્રાદેશિક વિકાસને નવી દિશા આપશે. આધુનિક શહેરી સુવિધાઓ, મજબૂત કનેક્ટિવિટી અને ટકાઉ વિકાસના માપદંડો સાથે સુરત આજે દેશના અન્ય શહેરો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે. આવનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ શહેરને નવા રોકાણો અને રોજગારીના અવસરોથી વધુ ગતિ આપશે, તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

# ઝિલીયા ખાતે ફાર્મ હાઉસના હિંસક હુમલાના આરોપીઓનું રીકન્સ્ટ્રકશન કરાયું

## પોલિસ મથક બહારથી બસ મથક રોડ સુધી આરોપીઓને મેથીપાક ચખાડી કાયદાનું ભાન કરાવ્યું

નિતીન ઠાકર ચાણસ્મા



ઝિલીયા ચકચારી ઘટનાના આરોપીઓનું બુધવારે સાંજે ૩.૩૦ વાગ્યાના આરસામાં પોલીશ મથકથી પોલિશ કાફલા સાથે આરોપીઓનું સરઘસ કાઢવામાં આવ્યું હતું ઝિલીયા ગામે પોલીસ પર હુમલો કરી ફાર્મ હાઉસ પર હુમલો કરનાર આરોપીઓને જાહેરમાં લાઠીચાર્જ કરી મેથીપાક ચખાડી કાયદાનું ભાન કરાવ્યું હતું આરોપીઓના પોલિશ મથકથી બસ મથક સુધીનાં રોડ પર આરોપીઓને જોવા લોકોની ભીડ એકઠી થઈ જવા પામી હતી જ્યારે લાઠીચાર્જ દરમિયાન આરોપીઓ હવે આવુ કૃત્ય નહી કરીયે તેવી બે હાથ જોડી આજીજી કરતા જોવા મળ્યા હતા બસ મથક સામે આરોપીઓના રી કંન્સ્ટ્રકશન દરમિયાન આરોપીઓને જાહેરમાં ઉઠક-બેઠક. કરાવી હતી બાદમાં આરોપીઓને પોલિશ કાફલા સાથે ઝિલિયા ઘટનાસ્થળે લઈ જવાયા હતા જ્યાં ઘટનાનું રી કંન્સ્ટ્રકશન કરાયા બાદ આરોપીઓને લઈ પોલિશ રવાના થઈ હતી એલસીબી એસઓજી સહીત સમી હારીજ શંખેશ્વર પોલિશનો કાફલો ખડકાયો હતો

## અમદાવાદની 'માતાની પછેડી'ને GI ટેગ, 400 વર્ષ જૂની હસ્તકળાને વૈશ્વિક ઓળખ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદની ઐતિહાસિક હસ્તકળા 'માતાની પછેડી'ને જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન ટેગ મળતા ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત ઓળખ મળી છે. આ માન્યતા માત્ર કળાનું સન્માન નહીં, પરંતુ મૂળ કારીગરોને કાયદાકીય સુરક્ષા અને આર્થિક લાભ સુનિશ્ચિત કરતું મહત્વપૂર્ણ પગલું છે. 'માતાની પછેડી'–અર્થાત્ માતાજીના પાછળ ધારણ કરાતું પવિત્ર કાપડ–400 વર્ષ જૂની આસ્થા અને સર્જનાત્મકતાની અનોખી પરંપરા છે. સામાજિક પ્રતિબંધોની વચ્ચે દેવીપૂજક સમુદાયે સાદા કાપડને "હરતા-ફરતા મંદિર"માં રૂપાંતરિત કરીને ભક્તિને જીવંત રાખી હતી, જે આજે વૈશ્વિક કલા જગતમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ હસ્તકળામાં કુદરતી રંગો અને પરંપરાગત તકનીકોનો ઉપયોગ કરીને માતાજીના દ્રશ્યો, લોકદેવીઓ અને ઐતિહાસિક પ્રતીકોને જીવંત કરવામાં આવે છે. 'માતાનો ચંદરવો' તરીકે ઓળખાતી આ કૃતિઓ આંતરરાષ્ટ્રીય સ્તરે "ટેમ્પલ હેંગિંગ્સ" તરીકે પ્રસિદ્ધ છે અને યુરોપ સહિતના મ્યુઝિયમોમાં સ્થાન મેળવી ચૂકેલી છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી ના પ્રયાસોથી મળેલ આ જીઆઈ ટેગ 70થી 80 જેટલા સ્થાનિક કારીગરો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. 'વોકલ ફોર લોકલ'ના સૂત્રને સાકાર કરતી આ હસ્તકળા હવે વૈશ્વિક બજારમાં સુરક્ષિત અને પ્રતિષ્ઠિત સ્થાન મેળવશે.

અંબાજીને 'મોડેલ ટેમ્પલ ટાઉન' બનાવવાનો માસ્ટર પ્લાન: વિશ્વકક્ષાની સુવિધાઓથી સજ્જ બનશે આદ્યશક્તિ ધામ અંબાજી

# પાલનપુર ખાતે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને અંબાજી કૉરિડોર પ્રોજેક્ટ સદર્ભે સમીક્ષા બેઠક યોજાઇ

## આવનારા ભાદરવી પૂનમના પવિત્ર મેળાને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે મુજબ વિકાસના કાર્યને પ્રાધાન્ય અપાશે




પાલનપુર | બનાસકાંઠા જિલ્લાના પ્રખ્યાત યાત્રાધામ અંબાજી મંદિરને વિશ્વકક્ષાના આધુનિક સુવિધાઓથી સજ્જ "મૉડલ ટેમ્પલ ટાઉન" તરીકે વિકસાવવાના દ્રષ્ટિકોણ સાથે રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ.૧૬૩૨ કરોડના ખર્ચે ભવ્ય મેગા માસ્ટર પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના સુચારૂ અને ઝડપી અમલીકરણ માટે આજે કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ અંબાજી કૉરિડોર સહિતની તમામ વિકાસ કામગીરીની વિગતવાર સમીક્ષા કરી અને નિર્ધારિત સમયમર્યાદામાં ગુણવત્તાપૂર્વક કામ પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સરકારશ્રીની સીધી દેખરેખ હેઠળ ચાલી રહેલા આ પ્રોજેક્ટને બે તબક્કામાં વહેંચવામાં આવ્યો છે, જેમાં પ્રથમ તબક્કાની કામગીરીને પ્રાથમિકતા આપીને ઝડપથી પૂર્ણ કરવા પર ભાર મુકાયો હતો. બેઠક દરમિયાન ખાસ કરીને આવનારા ભાદરવી પૂનમના પવિત્ર મેળાને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે સુવ્યવસ્થિત આયોજન કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી. ટ્રાફિક વ્યવસ્થા, પાર્કિંગ, પીવાનું પાણી, સ્વચ્છતા અને સુરક્ષા જેવી આધારભૂત સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં પણ ચર્ચા કરવામાં આવી હતી.આ યોજના અંતર્ગત અંબાજી મંદિરથી ગબ્બર પર્વત સુધી "શક્તિ કૉરિડોર"નું નિર્માણ કરવામાં આવશે, જે યાત્રાળુઓ માટે આધ્યાત્મિક અને સુવિધાસભર અનુભવ સર્જશે. સાથે જ ચાચર ચોકનું વિસ્તરણ કરીને તેનું કદ ત્રણ ગણું વધારવામાં આવશે, સતી સરોવરનું આધુનિકીકરણ અને સૌંદર્યીકરણ કરવામાં આવશે, તેમજ યાત્રાળુઓ માટે આધુનિક યાત્રી નિવાસ, સુવિધાસભર ધર્મશાળાઓ, ઈવેન્ટ પ્લાઝા, માર્ગદર્શન કેન્દ્રો અને સ્માર્ટ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અંતર્ગત માર્ગોનું વિસ્તરણ, સ્ટ્રીટ લાઈટિંગ, ડ્રેનેજ સિસ્ટમ અને પર્યાવરણમૈત્રીક વિકાસ પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં અંબાજી યાત્રાધામને વૈશ્વિક સ્તરે એક આદર્શ ધાર્મિક પર્યટન કેન્દ્ર તરીકે નવી ઓળખ મળશે અને સ્થાનિક રોજગારી તથા આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળશે. આ બેઠકમાં યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવશ્રી રમેશ મેરજા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે. દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે તેમજ સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહી પ્રોજેક્ટના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

# "ચૈત્રી નવરાત્રિ"ની શુભ શરૂઆત સાથે ગુડી પડવો પર્વની ઉજવણી

હિન્દુ ધર્મ અનુસાર કેલેન્ડર માં ચૈત્ર પક્ષ શુક્લ પ્રતિપદા એટલે "ચૈત્રી નવરાત્રિ" ની શુભ શરૂઆત સાથે ગુડી પડવો પર્વ ની ઉજવણી.વર્ષ ૨૦૨૬ માં ૧૯ માર્ચ થી ચૈત્ર શુક્લ પ્રતિપદાના શુભ દિવસ થી માતાજી ની ભક્તિ અને આરાધનામાં ગુંજ બધાના અંતર આત્મા માં ગુંજશે. આમ તો વર્ષ માં કુલ ચાર નવરાત્રિ આવે છે સિદ્ધો અને યોગીઓ બે ગુપ્ત અને બે પ્રગટ નવરાત્રિ વિધિવિધાન થી કરતા હોય છે.ચાર નવરાત્રિ ચૈત્રી,આસો,અષાઢ અને માઘ માં માઘી અને અષાઢી ગુપ્ત નવરાત્રિ નું તાંત્રિક સિદ્ધિઓ માટે ખાસ મહત્વ છે.આસો અને ચૈત્રી નવરાત્રિ ને સાત્વિક પૂજા આરાધના થી સિદ્ધ થયેલ માતાજી ની ભક્તિ નો શુભ પર્વ માનવામાં આવે છે ચૈત્રી નવરાત્રિ માં ભક્તો આરાધના દ્વાર સિદ્ધિ અને સફળતા પ્રાપ્ત કરતા હોય છે. આમ તો નવરાત્રિ નો અર્થ "નવ દિવસ" ની રાત્રિ માં માઁ દુર્ગા ચંડી ચામુંડા એ "અસુરો" નો સંહાર કર્યો હતો એટલે જ માતાજી નું એક નામ "આરાસુરી" પણ પડ્યું છે. ચૈત્રી નવરાત્રી અને શારદીય નવરાત્રિ ના નવમાં નોરતે રામ નૌમી અને દશેરાનો તહેવાર "સીતાજી ના શૌર્ય" ને અનુમોદન આપવા માટે "રામ નામ સ્મરણમાં" ઉજવવા માં આવે છે.જ્યારે માઘી અને અષાઢીય ગુપ્ત નવરાત્રિ ના નવમાં નોરતે તંત્ર વિદ્યા,સાધના સિદ્ધિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ગુપ્ત રીતે દસ મહાવિદ્યાની પૂજા અર્ચના બાદ કન્યા પૂજન થતું હોય છે.

ચૈત્ર માસ માં સૂર્ય ના પ્રભાવ સાથે બે ઋતુ વસંત અને પાનખર નું સંગમ પણ થાય છે એટલે તો "ચૈત્રી નવરાત્રિ" નું મહત્વ વિશેષ માનવામાં આવે છે. આ નવરાત્રિ એ માતાજીની ઉપાસના અને ભક્તિ ની છે એટલે તો આ નવ દિવસ માં ગરબા ના ઘોંઘાટ વગર પણ "સાત્વિક વાતાવરણ" નો એહસાસ થાય છે. શક્તિ ની આરાધના કરવાથી "સિદ્ધિ સફળતા" પ્રાપ્ત થાય છે નો બીજો અર્થ કરીએ તો "માતૃત્વ" ધારણ કરનાર નું માનસન્માન અને જીવન પૂરી શ્રદ્ધા ભક્તિ થી આજીવન સ્વીકારીએ તો "નવરાત્રી ની ભક્તિ" સફળ થાય છે.આ સૃષ્ટી માં "સ્ત્રી(માદા)" એક જ એવું પ્રાણી છે જેમના માં બે પગવાળા,ચાર પગવાળા કે સો પગવાળા નું સર્જન કરવાની તાકાત છે. ભાગવતજી માં પૂતના ને બાળ ઘાતીની કીધી છે છતાંય મૃત્યુ બાદ ભગવાન કૃષ્ણ એ એને મોક્ષ આપ્યો હતો. શુકદેવજી ના મુખે પૂતના ક્થા સાંભળી ને આશ્ચર્ય સાથે પરીક્ષિત મહારાજ એ પૂછ્યું હતું કે પ્રભુ,જેમણે હજારો બાળકો ને સ્તન માં વિષ લગાડી ને માર્યા છતાંય એ મોક્ષની અધિકારી કેવી રીતે? ત્યારે શુકદેવજી એ પરીક્ષિત મહારાજ ને સમજાવ્યું હતું કે પૂતના નું હૃદય એ ક્રૂર અને શત્રુતા થી ભરેલું હતું પરંતુ નંદબાબા ની હવેલી મા પ્રવેશી ત્યારે માતૃત્વનું રૂપ ધારણ કરીને સ્તન પાન કરવાના હેતુ થી આવી હતી.સૃષ્ટી નો નિયમ છે પ્રકૃતિ "પોષણ અને વિનાશ"બન્ને લીલા નું સર્જન છે છતાંય "પ્રકૃતિ" ને માતા જ માનવામાં આવે છે. પ્રકૃતિ એ ઈશ્વર ની વિવિધ લીલા માં સહયોગી "માયા" નું સ્વરૂપ છે "માયા" ના સહયોગ વગર પરમાત્મા અસુરો નો સંહાર કરી શકતા નથી.ક્રૂર કંસ ના હાથ માંથી છટકી ને અષ્ટભુજા ધરાવનાર "માઁ દુર્ગા" ની સ્તુતિ કરીને પૂર્ણ પરમાત્મા એ સંકેત કર્યો હતો કે જે આ સૃષ્ટી માં "માઁ " માતૃશ્વરૂપની આરાધના કરશે એની સહાયતા સ્વયં ઈશ્વર હું કરીશ.



ચૈત્રી નવરાત્રિ અને ગુડી પડવો

- રુપાલી દવે

રક્તબીજ વધે દેવી ચંડમુંડ વિનાશની,

રૂપં દેહી જયં દેહી યશો દેહી.

રામાયણ માં રાવણ ના ભાઈઓ સેનાપતિ,દિકરાઓ અને સૈન્ય નો વિનાશ ભગવાન રામચંદ્રજી એ કર્યો હતો પરંતુ સુર પંખા ના નાક કાન કાપી ને છોડી દીધી હતી.કેમ? રામાયણજી ના રચેતા તુલસીદાસજી કહે છે કે પૂર્ણ પુરુષોતમ સંયમી અને પરાક્રમી ભગવાન રામચંદ્રજી એ "માતૃભક્તિ" ઉદાહરણ સ્થાપિત કરવા માટે તો અપર માતા કૈક્યી ના વચનો "ખુલ્લા પગે વલ્કલ ધારણ કરીને વનવાસ" નો સ્વીકાર્યો હતો. આ સૃષ્ટી માં જે માણસ એની માતા ના સમર્પણ અને ત્યાગ નું સન્માન કરીને એના વચનો નુ દલીલ વગર પાલન કરે એને "જીવન" માં સફળતા ક્યારેય માંગવી પડતી નથી "સફળતા" ખુદ એના દાસ બની જાય છે. જેમની માતાઓ કૌશલ્યા અને સુમિત્રા હોય એના "સંસ્કાર" ત્યાગ ના જ હોવાના.ચૌદ વર્ષ વનવાસ ભોગવી ને પણ ભગવાન રામચંદ્રજી અને લક્ષ્મણજી ના ચહેરા પર "વનવાસ" નો થાક નહતો. ચૈત્રી નવરાત્રિ એ "સહસ્ત્ર વદન રાવણ" નામના અસુર ના વધ ની મૂક સાક્ષી માનવામાં આવે છે.

જે લોકો "સીતાજી ની અગ્નિ પરીક્ષા" ની ક્થા દર્દ અને દયા સાથે વર્ણવે છે એને સમજવાની જરૂર છે કે માઁ જગદંબા નો અંશ માતા સીતાજી એ "રામ અવતાર"ના સહાયક હતા.માતા સીતા ધારત તો દૃષ્ટિ માત્ર થી રાવણ ને ભસ્મ કરી શકત પરંતુ પ્રભુ શ્રી રામના અવતાર કાર્ય રાવણ નો વધ હતુ. સ્ત્રી શક્તિ સ્વરૂપા પરમાત્મા ના સર્જન ની સહાયક હોય છે એટલે ધારે એ બધુજ કરવાની એનામાં તાકાત હોય છે.મોટાભાગે પત્નીઓ પતિ ની સહાયક ની ભૂમિકા માં રહેવાનું પસંદ કરતી હોય છે.

ચૈત્રી નવરાત્રિ ની ક્થા : ભગવાન શ્રી રામ નું બ્રહ્માજી નું વરદાન પ્રાપ્ત કરીને ઉદ્ધત થયેલ રાવણ સાથે ભયાનક યુદ્ધ થયું ત્યારે એક પ્રસંગ માં અચાનક પુષ્પક વિમાન માં ભગવાન રામ મૂર્છિત થઈ જતા રાવણ નો પિતરાઈ ભાઈ સહસ્ત્રવદન રાવણ જે રાવણ કરતા પણ સો ગણો તાકતવર હતો.મૂર્છિત થઈને નિંદ્રા માં પોઢેલ ભગવાન શ્રી રામ સાથે સહસ્ત્રવદન રાવણ આવ્યો ત્યારે માતા સીતા એ મહાકાળી નું વિકરાળ સ્વરૂપ ધારણ કરીને એનો વધ કર્યો હતો. સહસ્ત્ર વદન રાવણ ના વધ ની ક્થા પૂર્ણ પરમાત્મા ભગવાન શ્રી રામ આગળ ગુપ્ત રહે એ માટે તુલસીદાસજી એ ક્થાનો પ્રભાવ રામાયણ માં વધારે વર્ણવ્યો નથી. પ્રભુ શ્રી રામનામ ના પરાક્રમો ની ગાથા ગવાય એટલે જ યુદ્ધ બાદ ધરામાં સમાઈ ને સીતાજી એ અવતાર કાર્ય પૂર્ણ કર્યું હતું.

પૂર્ણ પુરુષોતમ ભગવાન શ્રી રામ એ અંતર્યામી છે એટલે મૂર્છિત અવસ્થા માં "પત્ની ના મહાકાળી" સ્વરૂપ ના દર્શન કર્યા હતા. સહસ્ત્ર વદન રાવણ ના વધ બાદ ભગવાન સ્વયં ભગવાન શ્રી રામ એ પત્ની સીતાજી ના એક હજાર નામ થી સ્તુતિ કરી હતી. ચૈત્રી નવરાત્રિ માં માતા સીતાજી ના આવેશ માં પ્રગટ થયેલ મહાકાળીસ્વરૂપ ની ગુપ્ત શૌર્ય ગાથા "સહસ્ત્રવદન રાવણના વધ" ની છે. આપણા શાસ્ત્રો કહે છે કે સ્ત્રી એ ઉદભોગ નું સાધન નથી, સ્ત્રી એ સંતતિ ની ઉત્પતિ માટે નું માધ્યમ છે સ્ત્રી ની દેવી સમજી ને આરાધના કરવાથી પુરુષ ધારે એ પરિણામ પ્રાપ્ત કરી શકે છે સ્ત્રી જે પુરુષ પર પ્રસન્ન થઈ જાય છે એની સાત પેઢી ના ધન,ધાન્ય સમૃદ્ધિ અને સંપતિ નું રક્ષણ સ્વયં માઁ મહાકાલી જગદંબા કરે છે સ્ત્રી ના ક્રોધ સ્વયં પરમાત્મા પણ મનુષ્ય ને બચાવી શકતા નથી. ચૈત્ર સુદ એકમ ના દિવસે મહારાષ્ટ્રીયન લોકો ગુડી પડવા ના તહેવાર ને નવા વર્ષ નિમિતે ધામધૂમ થી ઉજવતા હોય છે.ગૂડી પડવો પર્વ પાછળ બે ક્થા નું વિશેષ મહત્વ છે એક આ દિવસે બ્રહ્માજી એ પૃથ્વી ની રચના કરી હતી ને પ્રથમ વાર પૃથ્વી પર સૂર્યોદય થયો હતો.બીજી ક્થા ત્રેતા યુગ માં ભગવાન શ્રી રામે વાલી નો વધ ચૈત્ર સુદ એકમ ના દિવસે કરીને એના આતંક ની સમાપ્તિ કરી હતી.આ ખુશીમાં ત્યારે લોકો એ ઘરે ઘરે સુંદર આંગણે રંગોળી અને "ગુડી" લટકાવીને એની પૂજા કરીને ભગવાન શ્રી રામ ના વિજય નો ધ્વજ ફરકાવ્યો હતો.



# પહેલા ભાગ કરતાં પણ લાંબી હશે 'ધુરંધર 2'

## સેન્સર બોર્ડે 21 ફેરફારો કરાવ્યા; ગાળોવાળા ડાયલોગ મ્યૂટ, 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો જોઈ શકશે નહીં

(એજન્સી) મુંબઈ | તા.18

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'ને સેન્સર બોર્ડ તરફથી સર્ટિફિકેટ મળી ગયું છે. 19 માર્ચે રિલીઝ થઈ રહેલી આ મોસ્ટ અવેટેડ ફિલ્મને સેન્સર બોર્ડ તરફથી પણ સર્ટિફિકેટ મળી ગયું છે. તાજેતરમાં આવેલા વેરાયટી ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને ફિલ્મને A (એડલ્ટ ઓન્લી) સર્ટિફિકેટ આપ્યું છે. એટલે કે 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો આ ફિલ્મ જોઈ શકશે નહીં. 'ધુરંધર'ના પહેલા ભાગનો રનટાઈમ 214 મિનિટ એટલે કે 3 કલાક 34 મિનિટ હતો, જોકે હવે 'ધુરંધર 2' આનાથી પણ લાંબી થવાની છે. રિપોર્ટ અનુસાર, 'ધુરંધર: ધ રિવેન્જનો રનટાઈમ' 229 મિનિટનો થવાનો છે. એટલે કે આ ફિલ્મ 3 કલાક 49 મિનિટની હશે. આ સાથે ધુરંધર 2, બોલિવૂડની સૌથી લાંબી ફિલ્મોની યાદીમાં 6ઠ્ઠા નંબર પર સ્થાન મેળવી ચૂકી છે.

### 19 માર્ચે રિલીઝ થશે ધુરંધર 2

ફિલ્મ 'ધુરંધર 2' 19 માર્ચના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આજ રાત 8 વાગ્યાથી તેનું પેઈડ પ્રિવ્યૂ શરૂ કરવામાં આવશે. ફિલ્મમાં રણવીર સિંહ, સારા અર્જુન, સંજય દત્ત, અર્જુન રામપાલ મહત્વના પાત્રોમાં છે. આદિત્ય ધરે ફિલ્મનું નિર્દેશન કર્યું છે. તેનો પહેલો ભાગ સુપરહિટ રહ્યો હતો. ફિલ્મ ભારતમાં સૌથી વધુ કલેક્શન કરનારી બોલિવૂડ ફિલ્મ રહી. જ્યારે ધુરંધર 2025ની પણ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે.

### ફિલ્મમાં આ સીનમાં ફેરફારની માંગ

- મૂવીમાં હિંસક દ્રશ્યો અને વિચલિત કરનારા દ્રશ્યોને ટેગ કરવામાં આવ્યા છે.
- ડ્રગ્સ સંબંધિત તમામ સીનમાં ચેતવણી ઉમેરવામાં આવી છે.
- અપશબ્દોનો અવાજ મ્યૂટ કરવામાં આવ્યો.
- કેટલાક અપશબ્દો બદલવામાં આવ્યા.
- હથોડાથી માથા પર મારવાના દ્રશ્યો ટૂંકા કરવામાં આવ્યા.
- માથું કાપવાના અને લાત મારવાના દ્રશ્યો ઘટાડવામાં આવ્યા.
- સિમેન્ટના પથ્થરથી માથા પર મારવાના દ્રશ્યો ઘટાડવામાં આવ્યા.
- આંખ ફોડવાનું દ્રશ્ય ટૂંકું કરવામાં આવ્યું.
- એક વાંધાજનક શબ્દ બદલવામાં આવ્યો.
- એક શબ્દનો અવાજ દૂર કરવામાં આવ્યો.
- એક નામ બદલવામાં આવ્યું.
- સબટાઈટલમાં નોટબંધીની તારીખો સુધારવામાં આવી.
- વડાપ્રધાન સંબંધિત સંદર્ભો અને ન્યૂઝ ફૂટેજના ઉપયોગની મંજૂરી આપવામાં આવી.
- ડ્રગ્સવાળા દ્રશ્ય પર કાયમી ચેતવણી ઉમેરવામાં આવી.
- અંગ્રેજી સબટાઈટલ સુધારવામાં આવ્યા અને ખોટો/અયોગ્ય ટેક્સ્ટ દૂર કરવામાં આવ્યો.
- માહિતીવાળા ભાગમાં "લાહોર" ની જગ્યાએ "દિલ્હી" કરવામાં આવ્યું.
- ફિલ્મની સ્ક્રિપ્ટને દ્રશ્યો, સંવાદો અને ગીતો અનુસાર સુધારવામાં આવી.
- ફિલ્મનું મુખ્ય ટાઈટલ ઉમેરવામાં આવ્યું.
- વારાણસીના ભાગમાં હિન્દી ટેક્સ્ટ ઉમેરવામાં આવ્યો.
- બધા ગીતોમાં સબટાઈટલ ઉમેરવામાં આવ્યા અને એન્ડ ક્રેડિટ 1 મિનિટ ઓછી કરવામાં આવી.
- પ્રાણીઓના દ્રશ્યો માટે જરૂરી પ્રમાણપત્ર જમા કરવામાં આવ્યું.
- ફિલ્મનો રનટાઈમ 1 મિનિટ 34 સેકન્ડ ઓછો થયો

# પ્રેમ, સંગીત અને ડ્રામાનો ધમાકેદાર ડોઝ'...!

## વાંકી ચૂકી લવ સ્ટોરી'નું ટીઝર રિલીઝ, ધર્મેશ વ્યાસ, પૂજા જોષી સહિતાના કલાકારોની મસમોટી ફોજ

(એજન્સી) મુંબઈ | તા.18

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અવનવા પ્રયોગો અને ભવ્ય ફિલ્મો આપવા માટે જાણીતા ડિરેક્ટર ધ્વનિ ગૌતમ ફરી એકવાર દર્શકોને પ્રેમની સફર પર લઈ જવા તૈયાર છે. હાલમાં જ તેમની આગામી ફિલ્મ 'વાંકી ચૂકી લવ સ્ટોરી'નું ટીઝર સોશિયલ મીડિયા પર રિલીઝ કરવામાં આવ્યું છે, જેને જોઈને લાગી રહ્યું છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે.

ફિલ્મના મેકર્સ દ્વારા ટીઝર સાથે એક સુંદર મેસેજ પણ શેર કરવામાં આવ્યો છે. તેણે લખ્યું છે, 'પ્રેમમાં હંમેશા સીધો રસ્તો નથી હોતો. તેના વળાંકો જ વાર્તાને ખાસ બનાવે છે.' આ કેપ્શન પરથી જ સ્પષ્ટ થાય છે કે ફિલ્મમાં પ્રેમની સાથે સાથે જીવનના ઉતાર-ચઢાવ અને ઈમોશનલ ડ્રામા ભરપૂર પ્રમાણમાં જોવા મળશે.

ટીઝર જોતા લાગી રહ્યું છે કે- ફિલ્મનું શૂટિંગ ખૂબ જ મોટા પાયે અને આકર્ષક લોકેશન પર કરવામાં આવ્યું છે. આ રોમેન્ટિક વાર્તાનું લેખન પ્રેમ ગઢવી, અદિતિ વર્મા અને નિકિતા શાહ દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મમાં સંગીત ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે. રાહુલ મુંજારિયા, ભાવિન ભાનુશાલી અને અઘોરી મ્યુઝિક જેવા દિગ્ગજોએ તેમાં સંગીત પીરસ્યું છે. મેઘ મહેતા, બંસરી મૈસુરિયા અને આમિર મીર જેવા ગાયકોના અવાજમાં રોમેન્ટિક ગીતો સાંભળવા મળશે, જ્યારે ક્રુઝ અને હાર્ડ.ડી જેવા રેપર્સ ફિલ્મમાં એનર્જી ઉમેરશે. પ્રોડ્યુસર્સ નીતિન ભાનુસાલી તથા વૈશાલી ભાનુસાલીએ નિતિસાલી પ્રોડક્શન હેઠળ આ ફિલ્મને પ્રોડ્યુસ કરી છે.

ફિલ્મમાં મુખ્ય કલાકારોની સાથે ગુજરાતી સિનેમાના કલાકારોની લાંબી યાદી જોવા મળે છે. જેમાં ધર્મેશ વ્યાસ, પૂજા જોષી, શેખર શુક્લ, ચેતન દૈયા, હેમાંગ દવે, અને મિલોની ઝોન્સા જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# શાહરુખ ખાન ફરી બનશે 'કિંગ ઓફ રોમાન્સ'

## એક્શન ફિલ્મો બાદ બિગ બજેટ વિન્ટેજ લવસ્ટોરી કરશે, DDLJ જેવો જાદુ ફરી જોવા મળશે...



(એજન્સી) મુંબઈ | તા.18

શાહરુખ ખાન ફરી એકવાર મોટા પડદા પર રોમાન્સનો જાદુ ફેલાવવાની તૈયારીમાં છે. તાજેતરના અહેવાલો અનુસાર, ફિલ્મ 'કિંગ' પછી કિંગ ખાન એક મોટા બજેટની રોમેન્ટિક ફિલ્મમાં જોવા મળી શકે છે. ખાસ વાત એ છે કે, આ ફિલ્મમાં તેનો લુક ઘણો અલગ અને વિન્ટેજ સ્ટાઈલનો હશે, જે દર્શકો માટે એક નવો અનુભવ લઈને આવશે.

'પિંકવિલા' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ના રિપોર્ટ અનુસાર, આ ફિલ્મ ક્લાસિક લવ સ્ટોરી પર આધારિત હશે, જેમાં લાગણીઓ અને જૂના જમાનાની ભાવનાઓને આધુનિક સ્પર્શ સાથે રજૂ કરવામાં આવશે. મેકર્સ આ પ્રોજેક્ટને મોટા પાયે બનાવવાની તૈયારી કરી રહ્યા છે, જેથી દર્શકોને એક ભવ્ય સિનેમેટિક અનુભવ મળી શકે.

રિપોર્ટ અનુસાર શાહરુખ આ ફિલ્મમાં એક પરિપક્વ અને ઊંડાણવાળા પાત્રમાં જોવા મળશે. તેનો આ અવતાર તેની જૂની રોમેન્ટિક ઈમેજની યાદ અપાવશે, જેને દર્શકોએ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'કુછ કુછ હોતા હૈ' અને 'વીર-ઝારા' જેવી ફિલ્મોમાં ખૂબ પસંદ કરી હતી. લાંબા સમય પછી તે આ જોનરમાં વાપસી કરી રહ્યો છે, જેનાથી ચાહકોની ઉત્સુકતા વધુ વધી ગઈ છે.

ફિલ્મની વાર્તા, ડિરેક્ટર અને બાકીના સ્ટારકાસ્ટ વિશે હાલમાં વધુ માહિતી સામે આવી નથી, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં આ પ્રોજેક્ટને લઈને ચર્ચા તેજ બની ગઈ છે. મેકર્સ આ ફિલ્મને ઈન્ટરનેશનલ લેવલ પર પ્રમોટ કરવાની યોજના બનાવી રહ્યા છે.

એક્શન ફિલ્મો બાદ ફરી રોમેન્ટિક રોલમાં જોવા મળશે

નોંધનીય છે કે, શાહરુખ ખાને છેલ્લા કેટલાક વર્ષોમાં 'પઠાણ' અને 'જવાન' જેવી એક્શન ફિલ્મોથી બોક્સ ઓફિસ પર શાનદાર વાપસી કરી છે. હવે તે ફરીથી પોતાના રોમેન્ટિક અંદાજમાં પાછો ફરવાનો છે, જે તેની કારકિર્દીની ઓળખ રહી છે.

જો બધું પ્લાન મુજબ રહ્યું, તો આ ફિલ્મ આવનારા સમયમાં બોલિવૂડની સૌથી ચર્ચિત અને બહુપ્રતીક્ષિત ફિલ્મોમાંથી એક સાબિત થઈ શકે છે. ચાહકોને હવે આ ફિલ્મની સત્તાવાર જાહેરાતની રાહ છે.

# 'સરકે ચુનર' ગીત વિવાદ પર સ્પષ્ટતા...

## 'ગીતનો સંદર્ભ સમજ્યા વિના જ વિરોધ થયો'; ડિરેક્ટરની પત્નીએ પૂછ્યું- 'શું ચોલી કે પીછે ગીત યોગ્ય હતું?'

(એજન્સી) મુંબઈ | તા.18

નોરા ફતેહી અને સંજય દત્ત સ્ટારર ફિલ્મ 'કેડી: ધ ડેવિલ'ના 'સરકે ચુનર તેરી સરકે'ને લઈને વિવાદ વધ્યો છે. વિરોધ અને ફરિયાદો બાદ હવે આ ગીતને યુટ્યુબ પરથી હટાવી દેવામાં આવ્યું છે. હવે આખરે આ વિવાદ પર ફિલ્મના ડિરેક્ટર પ્રેમ જોગીએ સ્પષ્ટતા કરી છે. તેમનું કહેવું છે કે, 'આ આખું ગીત બોટલ પર આધારિત છે, જેને પૂરું સાંભળ્યા વિના જ લોકો નિષ્કર્ષ પર પહોંચી ગયા છે.'

તેમનું એમ પણ કહેવું છે કે, 'જો કોઈની વિચારસરણી ખોટી હોય, તો તે ગીતને ખોટું જ સમજશે.' ડિરેક્ટર પ્રેમ ઉપરાંત તેની પત્ની રક્ષિતાએ પણ વિવાદ પર નારાજગી વ્યક્ત કરી. તેણે પ્રશ્ન ઉઠાવ્યો કે, 'જો આ ગીત અશ્લીલ છે તો જ્યારે 'ચોલી કે પીછે' જેવા ગીતો કે 'ડર્ટી પિક્ચર' આવી ત્યારે તેના પર વાંધો કેમ ન લેવાયો?'




ફિલ્મ 'કેડી: ધ ડેવિલ'ના ડિરેક્ટર પ્રેમ જોગીએ તાજેતરમાં 'બેંગ્લોર ટાઈમ્સ'ને આપેલા ઈન્ટરવ્યુમાં વિવાદ પર કહ્યું, 'જો કોઈનો દૃષ્ટિકોણ સાચો હોય, તો તે આ ગીતને ખોટી રીતે નહીં લે. જ્યારે પણ કોઈ મહિલાનો મામલો હોય છે, ત્યારે લોકો સૌથી ખરાબ કેમ વિચારી લે છે? લોકો અસલી વીડિયો જોયા વિના કે સંદર્ભ સમજ્યા વિના પ્રતિક્રિયા આપી રહ્યા છે.' ડિરેક્ટરે આગળ કહ્યું કે, 'સેન્સર બોર્ડ કોઈ કારણસર છે. મને તેમના પર વિશ્વાસ છે અને હું તેમના નિર્ણય સાથે ઊભો રહીશ. જો કેટલાક લોકો આ ગીતને કોઈ લેબલ આપવા માંગતા હોય, તો તેઓ સ્વતંત્ર છે. પરંતુ હું જાણું છું કે મારો ઈરાદો કોઈને નુકસાન પહોંચાડવાનો નથી.'

વાતચીતમાં પ્રેમ જોગીએ એ પણ કહ્યું છે કે, 'ભલે હિન્દી ગીત હટાવી દેવામાં આવ્યું હોય, પરંતુ તેનું કન્નડ વર્ઝન હટાવવામાં આવશે નહીં.' તે ટીકાને નકારી રહ્યા નથી, પરંતુ તેનું કહેવું છે કે તે આવા મામલાઓનો સામનો કરવા તૈયાર છે.

વિવાદ વચ્ચે ડિરેક્ટર પ્રેમની પત્ની રક્ષિતાએ પણ ઘણા પ્રશ્નો ઉઠાવ્યા છે. તેણે સોશિયલ મીડિયા પર ગીત અને ડિરેક્ટરના સમર્થનમાં ઘણા પોસ્ટ શેર કર્યા છે. આ સાથે તેણે લખ્યું છે કે, 'જ્યારે 'ફીલિંગ્સ' (પુષ્પા-2નું ગીત), 'ડ્રીમમ વેકઅપમ' (અય્યા મૂવીનું ગીત), 'ચોલી કે પીછે' (ખલનાયકનું ગીત) અથવા આવા જ 100 ગીતોમાં એક જેવી વાતો હતી, ત્યારે બધાને બરાબર લાગ્યું. જ્યારે આખી ફિલ્મ આવી, જેમાં બતાવવામાં આવ્યું કે કલાકારોએ આખી ફિલ્મમાં જાતીય સંબંધો બનાવ્યા, ત્યારે પણ બધાને બરાબર લાગ્યું. પરંતુ એક ગીત પર આટલો મોટો મુદ્દો બનાવી દેવામાં આવ્યો. હું ફક્ત તેને સમજવાનો પ્રયાસ કરી રહી છું, જેથી સમજી શકું કે આવું શા માટે થઈ રહ્યું છે.'

# શ્રીદેવીએ ખરીદેલી પ્રોપર્ટી માટે બોની, જાહ્નવી હાઈકોર્ટમાં

## ચેન્નઈમાં 1988માં પ્રોપર્ટી ખરીદી હતી : 37 વર્ષ પછી અચાનક એક મહિલા તથા તેના બે સંતાનોએ પ્રોપર્ટી પર દાવો કર્યો...



મુંબઈ : ચેન્નઈમાં શ્રીદેવીના નામની પ્રોપર્ટી પર કેટલાક લોકોએ દાવો કરી દેતાં આ અંગે ચાલી રહેલા કાનૂની વિવાદમાં બોની કપૂર, જાહ્નવી કપૂર, તથા ખુશી કપૂર મદ્રાસ હાઈકોર્ટમાં પહોંચ્યાં છે.

આ ૪.૭ એકર જમીન શ્રીદેવીએ ૧૯૮૮માં ખરીદી હતી. પરંતુ તેના પર ચંદ્રબાનુ નામની એક મહિલા તથા તેનાં બે સંતાનોએ દાવો કર્યો હતો. તેમણે ૨૦૨૫માં આ જમીન પર પોતાનો વારસાઈ હક્ક હોવાનું જણાવ્યું હતું. બોની કપૂરે તેમના આ દાવા સામે સ્થાનિક કોર્ટમાં અપીલ કરી હતી પરંતુ કોર્ટે તે ફગાવી દેતાં હવે બોનીએ હાઈકોર્ટનું શરણું લીધું છે.

બોની કપૂર દ્વારા અગાઉ એવી દલીલ કરાઈ હતી કે તેમણે આ જમીન જેમની પાસેથી ખરીદી હતી તે પરિવારની વ્યક્તિએ એક પત્ની હયાત હોવા છતાં પણ બીજાં લગ્ન કર્યાં હતાં. આ બીજાં લગ્ન કરનારી પત્ની કે તેમના સંતાનોનો આ વ્યક્તિની વારસાઈ મિલ્કતો પર કોઈ હક્ક બનતો નથી.

તેમણે ૧૯૮૮માં આ મિલ્કત માટે વેચાણ ખત રજિસ્ટર કરાવ્યું હતું અને તેનાં ૩૭ વર્ષ પછી અચાનક આ લોકોએ આ પ્રોપર્ટી પર દાવો માંડયો છે તે ખોટું છે.

# સાન્યા મલ્હોત્રા અને આદિત્ય રાવલ રોમેન્ટિક થ્રીલરમાં સાથે દેખાશે...





મુંબઈ : પરેશ રાવલના પુત્ર આદિત્ય રાવલ તથા સાન્યા મલ્હોત્રા એક રોમાન્ટિક થ્રીલર ફિલ્મમાં સાથે કામ કરી રહ્યાં છે. આ ફિલ્મને હાલ 'સુંદર પૂનમ' ટાઈટલ અપાયું છે.

ફિલ્મનું શૂટિંગ એપ્રિલમાં શરૂ કરવાની યોજના છે. આ ફિલ્મ એર રિયલ લાઈવ ઈવેન્ટથી પ્રેરિત હશે. ફિલ્મના શૂટિંગ કાશ્મીર, રાજસ્થાન, દિલ્હી અને મુંબઈમાં કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે સાન્યા મલ્હોત્રાએ તાજેતરમાં મુંબઈમાં જુહૂ ખાતે ૧૪.૩ કરોડનું સી ફેસિંગ ઘર ખરીદ્યું છે. તેણે તાજેતરમાં આ ઘરમાં ગૃહ પ્રવેશ વિધિની તસવીરો શેર



# LPG સિલિન્ડરની અછત પર અક્ષય કુમારનું રિએક્શન:પત્ની ટ્વિંકલે 2 ઈન્ડક્શન ઓર્ડર કર્યાં

(એજન્સી) મુંબઈ | તા.18 ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે ભારતમાં LPG સિલિન્ડરની અછત સર્જાઈ છે. દેશમાં કોમર્શિયલ સિલિન્ડર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેના કારણે સામાન્ય જનતામાં પણ સિલિન્ડર માટે પડાપડી થઈ રહી છે. આ દરમિયાન એક્ટર અક્ષય કુમારે આ અછત પર પ્રતિક્રિયા આપી છે. તેમનું કહેવું છે કે તેમની પત્ની ટ્વિંકલ ખન્નાએ સમાચાર મળતા જ ઈન્ડક્શન ખરીદી લીધું છે. અક્ષય કુમાર મંગળવારે BMC કમિશનર ભૂષણ ગગરાણીની પ્રેસ કોન્ફરન્સનો ભાગ બન્યા હતા. આ દરમિયાન તેને ગેસ સિલિન્ડરની અછત અંગે સવાલ પૂછવામાં આવ્યો, તો એક્ટરે કહ્યું- "જુઓ અત્યાર સુધી તો કોઈ સમસ્યા નથી. પરંતુ જે નવું ઓવન આવ્યું છે, જે ઈન્ડક્શન જેવું છે. અમે બે ખરીદી લીધા છે. તો તમે પણ ખરીદી લો." જ્યારે એક્ટરને પૂછવામાં આવ્યું કે- શું તે ઈન્ડક્શન તેના ઘરે પહોંચી ગયું છે, તો એક્ટરે કહ્યું, "હાલમાં તો મને આ ખબર નથી, પરંતુ મને એટલું ખબર છે કે મારી પત્નીએ તેને ઓર્ડર કરી દીધો છે. તે ઘરે પહોંચ્યું છે કે નહીં, તે મને હજુ સુધી ખબર નથી."

અક્ષય કુમાર પાસે હાલમાં ઘણી મોટી ફિલ્મો છે. તે ટૂંક સમયમાં ફિલ્મ 'ભૂત બંગલા'માં જોવા મળશે, જે એક હોરર કોમેડી ફિલ્મ છે. 2 એપ્રિલે રિલીઝ થનારી આ ફિલ્મમાં અક્ષય કુમાર સાથે વામિકા ગબ્બી, તબ્બુ, પરેશ રાવલ અને રાજપાલ યાદવ મુખ્ય ભૂમિકામાં છે. આ ઉપરાંત, અક્ષય 'વેલકમ ટુ ધ જંગલ', 'હેરાફેરી 3' અને 'હૈવાન'માં પણ જોવા મળશે.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# કુલદીપ યાદવનું ભવ્ય રિસેપ્શન લખનઉમાં જામ્યો સિતારાઓનો સંગમ

### ● મુખ્યમંત્રી યોગી અને અખિલેશ હાજર રહી નવદંપતીને આપ્યા આશીર્વાદ



(એજન્સી) લખનઉ । તા. 18

ભારતીય ક્રિકેટ ટીમના ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવના જીવનની નવી ઈનિંગનું શાનદાર સેલિબ્રેશન મંગળવારે નવાબોના શહેર લખનઉમાં યોજાયું હતું. ૧૪ માર્ચે મસૂરીના રમણીય પહાડોમાં પોતાની બાળપણની મિત્ર વંશિકા સાથે લગ્નગ્રંથિથી જોડાયા બાદ, કુલદીપ યાદવનું ભવ્ય રિસેપ્શન આજે આયોજિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉત્તર પ્રદેશની રાજધાનીમાં ક્રિકેટના દિગ્ગજો અને રાજકીય હસ્તીઓનો એવો જમાવડો જોવા મળ્યો હતો કે જાણે આખું આકાશ જમીન પર ઉતરી આવ્યું હોય. અત્યંત શાહી અંદાજમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સિતારાઓની ચમક અને મહેમાનોના ઉત્સાહથી હોટલનું વાતાવરણ મંગલમય બની ગયું હતું.

રાજકીય ક્ષેત્રની વાત કરીએ તો, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ખાસ સમય કાઢીને નવદંપતીને આશીર્વાદ આપવા પહોંચ્યા હતા. સીએમ યોગીએ કુલદીપ અને વંશિકા સાથે મુલાકાત કરી તેમને સુખી દાંપત્ય જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી અને પરિવાર સાથે તસવીરો પણ પડાવી હતી. બીજી તરફ, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ પણ આ રિસેપ્શનમાં સામેલ થયા હતા. કુલદીપ અને વંશિકાએ પરંપરાગત રીતે તેમના ચરણસ્પર્શ કરી આશીર્વાદ લીધા હતા.

## બાંગ્લાદેશ ક્રિકેટમાં ભૂકંપ સરકાર અને બોર્ડ સામસામે આઈસીસી પ્રતિબંધનો ખતરો

ઢાકા | બાંગ્લાદેશ ક્રિકેટ જગતમાં અત્યારે ભારે અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. રમત-ગમત મંત્રાલય અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) વચ્ચે ચાલી રહેલો ગજગ્રાહ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી ગયો છે. મંત્રાલય દ્વારા ગત વર્ષની બોર્ડની ચૂંટણીમાં થયેલી કથિત ગેરરીતિઓની તપાસ માટે પાંચ સભ્યોની કમિટીની રચના કરવામાં આવતા વિવાદ વકર્યો છે. બીસીબીએ સરકારને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો આ તપાસ સમિતિને તાત્કાલિક હટાવવામાં નહીં આવે, તો બાંગ્લાદેશ પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે. રમત-ગમત મંત્રાલયે ૧૧ માર્ચથી શરૂ કરીને ૧૫ દિવસમાં રિપોર્ટ સોંપવા માટે કમિટીને આદેશ આપ્યો છે. આ તપાસમાં મુખ્યત્વે ચૂંટણીમાં સત્તાનો દુરુપયોગ, મતોની હેરફેર અને વહીવટી ગેરરીતિઓ જેવા ગંભીર આરોપોની તપાસ કરવામાં આવનાર છે. બીસીબીના મતે, લોકશાહી ઢબે ચૂંટાયેલા બોર્ડમાં સરકારની આ પ્રકારની દખલગીરી આઈસીસીના પ્રોટોકોલ વિરુદ્ધ છે.

## KKRના 25 કરોડના ખેલાડી પર દબાણ ડુ પ્લેસીસે કેમરૂન ગ્રીનને લઈ કરી મોટી વાત



મુંબઈ | આઈપીએલ ૨૦૨૬ની સીઝન શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ત્રણ વખતની ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) માટે દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ બેટ્સમેન ફાફ ડુ પ્લેસીસે મહત્વના મંતવ્યો વ્યક્ત કર્યા છે. ડુ પ્લેસીસે ખાસ કરીને કેકેઆરના ૨૫.૨૦ કરોડના મોંઘા ખેલાડી કેમરૂન ગ્રીન અને ન્યુઝીલેન્ડની વિસ્ફોટક ઓપનિંગ જોડી અંગે રસપ્રદ વિશ્લેષણ કર્યું છે. કેકેઆર પોતાની પ્રથમ મેચ ૨૯ માર્ચે મુંબઈ ઈન્ડિયન્સ સામે રમીને અભિયાનની શરૂઆત કરશે. ગયા વર્ષની હરાજીમાં કેકેઆરે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીનને ૨૫.૨૦ કરોડ રૂપિયામાં ખરીદીને સૌને ચોંકાવી દીધા હતા. ડુ પ્લેસીસના મતે ગ્રીન નિવૃત્ત થયેલા આન્દ્રે રસેલનો શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ શકે છે. રસેલ હવે ટીમના પાવર-હિટિંગ કોચ તરીકે સેવા આપશે. ગ્રીન વિશે વાત કરતા ફાફએ જણાવ્યું કે, "ગ્રીન એક કમ્પ્લીટ પેકેજ છે, તે છ ફૂટ ઊંચો છે, સારા બાઉન્સર નાખે છે અને લાંબી સિક્સર મારવામાં સક્ષમ છે.



## કુસ્તીના મેદાનમાં મોટો ધડાકો

# મીનાક્ષીએ સ્ટાર પહેલવાન અંતિમ પંઘાલને આપી મ્હાત

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભારતીય કુસ્તીમાં મંગળવારે એક મોટો ઉલટફેર જોવા મળ્યો હતો. આગામી એશિયન ચેમ્પિયનશિપ માટે યોજાયેલી ટ્રાયલ્સમાં મીનાક્ષી ગોયતે સ્ટાર પહેલવાન અંતિમ પંઘાલને હરાવીને સૌને ચોંકાવી દીધા છે. બે વખતની વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલિસ્ટ અને એશિયન ગેમ્સની બ્રોન્ઝ મેડલિસ્ટ અંતિમ પંઘાલને હરાવીને મીનાક્ષીએ ૫૩ કિગ્રા વજન વર્ગમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. વિનેશ ફોગાટની વિદાય બાદ આ કેટેગરીમાં એકહથ્થુ શાસન ભોગવતી અંતિમ માટે આ હાર આંચકા સમાન છે.

મેચની શરૂઆતમાં અંતિમ પંઘાલે આક્રમક રમત બતાવી હતી, પરંતુ મીનાક્ષીએ મજબૂત બચાવ (ડિફેન્સ) કરીને તેને કોઈ તક આપી ન હતી. પ્રથમ પિરિયડમાં સ્કોર ૨-૨ ની બરાબરી પર હતો. બીજા પિરિયડમાં મીનાક્ષીએ સતત ટેક-ડાઉન મૂવ્સ કરીને ૬-૨ ની સરસાઈ મેળવી લીધી હતી. મેચની અંતિમ ૯ સેકન્ડ બાકી હતી ત્યારે મીનાક્ષીએ મજબૂત પકડ બનાવીને અંતિમને 'પિન' કરી દીધી અને 'વિન બાય ફોલ' દ્વારા ઐતિહાસિક વિજય મેળવ્યો હતો.

જીંદના એક ખેડૂતની દીકરી એવી ૨૫ વર્ષીય મીનાક્ષીએ અગાઉ ત્રણ વખત અંતિમ સામે હારનો સામનો કર્યો હતો. વિજય બાદ મીનાક્ષીએ જણાવ્યું કે, "મને હંમેશા મારી ક્ષમતાઓ પર શંકા રહેતી હતી, પરંતુ આજે મેં એ માનસિક અવરોધ પાર કરી લીધો છે.

## ઓર્લિયન્સ માસ્ટર્સમાં ભારતનો દબદબો આકર્ષી કાશ્યપની મુખ્ય ડ્રોમાં એન્ટ્રી



(એજન્સી) ઓર્લિયન્સ (ફ્રાન્સ) । તા. 18

ફ્રાન્સના ઓર્લિયન્સ ખાતે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત 'ઓર્લિયન્સ માસ્ટર્સ' બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતની સ્ટાર શટલર આકર્ષી કાશ્યપે શાનદાર પ્રદર્શન કર્યું છે. બુધવારે રમાનારા મુખ્ય ડ્રોના મુકાબલા પહેલા આકર્ષીએ પોતાની બંને ક્વોલિફાયર મેચો જીતીને મુખ્ય સ્પર્ધામાં સ્થાન નિશ્ચિત કરી લીધું છે. વિશ્વ ક્રમાંકમાં ૬૩મા ક્રમે રહેલી આકર્ષીએ મંગળવારે ફ્રાન્સના પેલેસ ડેસ સ્પોર્ટ્સ ખાતે રમાયેલી મેચમાં અદભૂત લડાયક મિજાજ દર્શાવ્યો હતો. ટુર્નામેન્ટની શરૂઆતમાં આકર્ષી કાશ્યપનો મુકાબલો ભારતની જ શ્રિયાંશી વાલીશેટ્ટી સામે થયો હતો. એક કલાકથી વધુ ચાલેલા આ રોમાંચક જંગમાં આકર્ષીએ ૨૧-૧૯, ૧૭-૨૧ અને ૨૧-૧૩ થી વિજય મેળવ્યો હતો. ત્યારબાદ તેણે ચાઈનીઝ તાઈપેઈની લી યુ-સુઆનને હરાવીને મુખ્ય ડ્રોમાં પ્રવેશ મેળવ્યો હતો. હવે મુખ્ય ડ્રોના પ્રથમ રાઉન્ડમાં આકર્ષીનો સામનો સિંગાપોરની મજબૂત ખેલાડી અને કોમનવેલ્થ ગેમ્સની બ્રોન્ઝ મેડલિસ્ટ યો જિયા મિન સામે થશે.

બુધવારથી પૂર્વ વર્લ્ડ નંબર ૧ કિદામ્બી શ્રીકાંત સહિત ભારતના અનેક યુવા ખેલાડીઓ આ સુપર ૩૦૦ ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. જેમાં આયુષ શેટ્ટી, માલવિકા બંસોડ, અનમોલ ખરબ અને તન્વી શર્મા જેવી ઉભરતી પ્રતિભાઓ પર સૌની નજર રહેશે. જોકે, પુરૂષ સિંગલ્સમાં શંકર સુબ્રમણ્યમ ક્વોલિફાયર રાઉન્ડમાં મલેશિયાના દિગ્ગજ લી ઝી જિયા સામે ૨૧-૧૨, ૨૧-૧૮ થી હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. ભારત માટે પુરૂષ ડબલ્સમાં સારા સમાચાર આવ્યા છે, જ્યાં એમ.આર. અર્જુન અને હરિહરન અમસાકરુનનની જોડી બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. ચેકિયાના ખેલાડીઓ નિવૃત્ત થતા ભારતીય જોડીને આગળ વધવાની તક મળી છે. જોકે, અશ્વિની ભટ અને શિખા ગૌતમની જોડીએ વોકઓવર આપતા મહિલા ડબલ્સમાં ભારતનો પડકાર વહેલો સમાપ્ત થયો છે. મીડિયા અહેવાલ મુજબ, પીવી સિંધુ, લક્ષ્ય સેન અને સાત્વિક-ચિરાગની જોડીએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો નથી.

# એબી ડી વિલિયર્સનું નિવેદન ધોની ખોટા કારણોસર ટીમમાં છે



(એજન્સી) દુબઈ । તા. 18

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની ૧૯મી સીઝન શરૂ થાય તે પહેલાં જ ક્રિકેટના મેદાનની બહાર એક મોટો વિવાદ છેડાયો છે. દક્ષિણ આફ્રિકાના પૂર્વ વિસ્ફોટક બેટ્સમેન અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના દિગ્ગજ એબી ડી વિલિયર્સે મહેન્દ્ર સિંહ ધોનીની ટીમમાં ભૂમિકાને લઈને એવું નિવેદન આપ્યું છે જેણે સોશિયલ મીડિયાથી લઈને ક્રિકેટ પંડિતો સુધી ભારે ખળભળાટ મચાવી દીધો છે. ૪૪ વર્ષીય ધોની હજુ પણ ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) માટે મેદાનમાં ઉતરી રહ્યો છે, પરંતુ તેની બેટિંગ ઓર્ડરમાં થઈ રહેલા ફેરફારો હવે વિરોધના સ્વરમાં ફેરવાઈ રહ્યા હોય તેમ જણાય છે. ડી વિલિયર્સના મતે ધોની જે સ્તરનો ખેલાડી છે, તે મુજબ તે હાલમાં ખોટી રીતે ટીમમાં સ્થાન રોકી રહ્યો છે.

### આઠમા નંબર પર બેટિંગ યોગ્ય નથી: ડી વિલિયર્સ

એબી ડી વિલિયર્સે એક ખાનગી વાતચીત દરમિયાન ધોનીના બેટિંગ ક્રમ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, મને એમએસ ધોની માટે ૮ કે ૯ નંબર પર બેટિંગ કરવી અને પર્યાપ્ત પ્રદર્શન ન કરવાની કોઈ તર્કબદ્ધ ભૂમિકા દેખાતી નથી. ડી વિલિયર્સના મતે જો ધોની કેપ્ટનશીપ નથી કરી રહ્યો અને માત્ર નીચલા ક્રમમાં એક-બે ઓવર રમવા માટે આવે છે, તો તે લગભગ ખોટા કારણોસર ટીમમાં સ્થાન બનાવી રહ્યો છે. ડી વિલિયર્સે વધુમાં ઉમેર્યું કે ધોની એ ક્ષમતા ધરાવે છે કે તેણે પોતે છઠ્ઠા નંબર પર અથવા ક્યારેક પાંચમા કે ચોથા નંબર પર ઉતરીને જવાબદારી સંભાળવી જોઈએ. આ પ્રકારના નિવેદને ચેન્નાઈના ચાહકોમાં રોષ પેદા કર્યો છે.

બીજી તરફ, ભારતના પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે ડી વિલિયર્સથી વિપરીત મત વ્યક્ત કર્યો છે. પઠાણનું માનવું છે કે ચેન્નાઈ સુપર કિંગ્સના યુવા ખેલાડીઓ પાસે ધોની જેવા અનુભવી ખેલાડી સાથે ડ્રેસિંગ રૂમ શેર કરવાની સુવર્ણ તક છે.

### ધોનીની આ છેલ્લી સીઝન હોઈ શકે છે?

આઈપીએલની આગામી સીઝનને લઈને અટકળોનું બજાર ગરમ છે. ધોનીના જૂના સાથી અને સીએસકેના પૂર્વ ઓપનર રોબિન ઉથપ્પાનું માનવું છે કે આ વર્ષ ધોની માટે આઈપીએલની છેલ્લી સીઝન સાબિત થઈ શકે છે. ધોનીની વધતી ઉંમર અને ઘૂંટણની સમસ્યાઓ છતાં તે જે રીતે વિકેટકીપિંગમાં ચપળતા બતાવી રહ્યો છે તે કાબિલેદાદ છે, પરંતુ બેટિંગમાં તેની ઓછી થતી ઓવરો પર હવે સવાલો ઉઠી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, ધોની પોતે પોતાની ભૂમિકા વિશે સ્પષ્ટ છે, પરંતુ વિદેશી ખેલાડીઓના આવા નિવેદનો ટીમ મેનેજમેન્ટ પર દબાણ વધારી શકે છે.

## કાંગારૂ ટીમ માટે સારા સમાચાર કેપ્ટન સોફી મોલિનક્સની મેદાનમાં વાપસી



(એજન્સી) કિંગટાઉન (સેન્ટ વિન્સેન્ટ) । તા. 18

આગામી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ પહેલા ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમ માટે રાહતના સમાચાર આવ્યા છે. ટીમની નવી ઓલ-ફોર્મેટ કેપ્ટન સોફી મોલિનક્સ તેની પીઠની ઈજામાંથી મુક્ત થઈને વેસ્ટ ઈન્ડિઝ સામે ગુરુવારથી શરૂ થતી ટી૨૦ શ્રેણીમાં વાપસી કરવા માટે તૈયાર છે. એલિસા હીલીની નિવૃત્તિ બાદ કેપ્ટન બનેલી મોલિનક્સ માટે આ શ્રેણી વર્લ્ડ કપની તૈયારીઓ માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે.

સોફી મોલિનક્સ પીઠની તકલીફને કારણે ભારત સામેની ઘરઆંગણે રમાયેલી વન-ડે શ્રેણીમાં રમી શકી ન હતી. મંગળવારે સેન્ટ વિન્સેન્ટથી માહિતી આપતા તેણે જણાવ્યું કે, "હું ટી૨૦ શ્રેણીમાં રમવા માટે ઉપલબ્ધ છું અને ફરીથી મેદાન પર ઉતરીને ટીમમાં મારી ભૂમિકા ભજવવા માટે ઉત્સુક છું." જોકે, વર્લ્ડ કપ માટે તેને તાજી રાખવાના હેતુથી વન-ડે શ્રેણીમાં તેને આરામ આપવામાં આવે તેવી શક્યતા છે. હાલમાં તેણે બેટિંગ અને ફિલ્ડિંગની પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે, પરંતુ તે બોલિંગ કરશે કે કેમ તે અંગે હજુ સ્પષ્ટતા નથી.

### વર્લ્ડ કપની આખરી તૈયારીઓ

જૂન ૧૨થી શરૂ થનારા ટી૨૦ વર્લ્ડ કપ પહેલા ઓસ્ટ્રેલિયા માટે આ છેલ્લી મહત્વની ટી૨૦ શ્રેણી છે. ઓસ્ટ્રેલિયાને વર્લ્ડ કપમાં ભારત, દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન જેવા મજબૂત પ્રતિસ્પર્ધીઓ સામે 'ગ્રુપ એ' માં રાખવામાં આવ્યું છે. મોલિનક્સે ઉમેર્યું હતું કે, "વર્લ્ડ કપ પહેલા અમારી પાસે બહુ ઓછી મેચો બાકી છે, તેથી દરેક મેચ અમારા માટે મહત્વની છે. એક જૂથ તરીકે ફરીથી સાથે મળીને રમવું એ અમારા આત્મવિશ્વાસ માટે જરૂરી છે."

### વેસ્ટ ઈન્ડિઝ પણ આપશે કાંટાની ટક્કર

બીજી તરફ વેસ્ટ ઈન્ડિઝની ટીમ પણ હેલી મેથ્યુઝના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયાને સખત પડકાર આપવા તૈયાર છે. વેસ્ટ ઈન્ડિઝની ટીમમાં સ્ટેફની ટેલર અને ડિઆન્ડ્રા ડોટિન જેવા અનુભવી ખેલાડીઓનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, વેસ્ટ ઈન્ડિઝ આ શ્રેણીનો ઉપયોગ પોતાની ખામીઓ સુધારવા અને વર્લ્ડ કપ માટે મજબૂત પ્લેઈંગ ઈલેવન તૈયાર કરવા માટે કરશે. ગુરુવારથી સેન્ટ વિન્સેન્ટમાં શરૂ થનારો આ જંગ મહિલા ક્રિકેટના ચાહકો માટે રોમાંચક બની રહેશે.

# અંજુમન-આઈ-ઈસ્લામનો દબદબો રોમાંચક ફાઈનલમાં મેળવી જીત

### મોડર્ન ઈંગ્લિશ સ્કૂલ અને વીકે ક્રિષ્ના મેનન એકેડેમીએ પણ ટ્રોફી ઉંચકી




(એજન્સી) મુંબઈ । તા. 18

મુંબઈના બાન્દ્રા સ્થિત ઐતિહાસિક એમઆઈજી ક્રિકેટ ક્લબ ખાતે મંગળવારે 'મુંબઈ ઈન્ડિયન્સ જુનિયર સીઝન ૬' ના ભવ્ય સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં અંજુમન-આઈ-ઈસ્લામ અલ્લાના ઈંગ્લિશ સ્કૂલ, મોડર્ન ઈંગ્લિશ સ્કૂલ અને વીકે ક્રિષ્ના મેનન એકેડેમી (બોયઝ અન્ડર-૧૪) એ પોતપોતાના વય જૂથમાં વિજેતા ટ્રોફી જીતી લીધી હતી. આ પ્રસંગે મુંબઈ ઈન્ડિયન્સના હેડ કોચ માહેલા જયવર્ધનેએ ઉપસ્થિત રહીને યુવા ખેલાડીઓનું મનોબળ વધાર્યું હતું. સમાપન સમારોહમાં બોલતા માહેલા જયવર્ધનેએ જણાવ્યું હતું કે, "રમતગમતમાં સહભાગી થવું અને સ્પર્ધાનો આનંદ લેવો એ સૌથી મહત્વનું છે. આ એજ મેદાન છે જ્યાંથી ઘણા ભારતીય ક્રિકેટરોએ પોતાની સફર શરૂ કરી છે. હાર્દિક પંડ્યાએ પણ અહીં જ પ્રેક્ટિસ કરી છે. આ તમારા માટે એક ઉત્તમ શરૂઆત છે, અને હું આશા રાખું છું કે એક દિવસ તમે મુંબઈ ઈન્ડિયન્સની બ્લુ જર્સી પહેરીને દેશનું નામ રોશન કરશો." બોયઝ અન્ડર-૧૬ ની ફાઈનલ મેચ અત્યંત રોમાંચક રહી હતી. અંજુમન-આઈ-ઈસ્લામ અલ્લાના ઈંગ્લિશ સ્કૂલે પ્રથમ બેટિંગ કરતા ૩૦ ઓવરમાં ૨૫૩ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જેમાં કેપ્ટન યુવાન શર્માએ માત્ર ૨૦ બોલમાં ૫૨ રનની તોફાની ઈનિંગ રમી હતી. જવાબમાં સીતારામ પ્રકાશ હાઈસ્કૂલ તરફથી ઓપનર આયુષ શેટ્ટીએ એકલે હાથે લડત આપતા અદભૂત ૧૫૫ રન ફટકાર્યા હતા. જોકે, આયુષની આ સંઘર્ષપૂર્ણ ઈનિંગ છતાં તેની ટીમ માત્ર ૩ રનથી હારી ગઈ હતી અને અંજુમન-આઈ-ઈસ્લામ બીજી વખત ચેમ્પિયન બન્યું હતું.

## ચેમ્પિયન // પીએસપીબી પુરુષ ટીમે ફાઈનલમાં પશ્ચિમ બંગાળને 3-0 થી હરાવ્યું

# ટેબલ ટેનિસમાં આરબીઆઈની મહિલાઓએ રચ્યો ઈતિહાસ પીએસપીબીને હરાવી બન્યા ચેમ્પિયન

(એજન્સી) ઈન્દોર । તા. 18

ઈન્દોરના અભય પ્રશાલ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી ૮૭મી આંતર-રાજ્ય અને સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મંગળવારે મોટા ઉલટફેર જોવા મળ્યા હતા. અલ્ટીમેટ ટેબલ ટેનિસ દ્વારા પ્રાયોજિત આ ટુર્નામેન્ટમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની મહિલા ટીમે અદભૂત વાપસી કરીને પેટ્રોલિયમ સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડ (PSPB) ને હરાવીને ટાઈટલ જીતી લીધું છે. બીજી તરફ, પુરુષોના વિભાગમાં પીએસપીબીએ પોતાનું પ્રભુત્વ જાળવી રાખીને સતત ૨૪મું ટાઈટલ પોતાના નામે કર્યું છે.



મહિલાઓની ફાઈનલ મેચ ત્રણ કલાકથી વધુ સમય સુધી ચાલી હતી. શરૂઆતમાં પીએસપીબીએ ૨-૦ ની સરસાઈ મેળવી લેતા આરબીઆઈ પર દબાણ વધ્યું હતું. ભારતની ટોચની ખેલાડી શ્રીજા અકુલા પ્રથમ મેચ હારી ગઈ હતી અને આયહિકા મુખર્જી પણ પોતાની મેચ ગુમાવી બેઠી હતી. જોકે, વર્તમાન નેશનલ ચેમ્પિયન દીયા ચિતલેએ પાંચમાં ગેમમાં સિંડ્રેલા દાસને હરાવીને આરબીઆઈની આશા જીવંત રાખી હતી. ત્યારબાદ આયહિકાએ સ્કોર બરાબર કર્યો અને અંતિમ નિર્ણાયક મેચમાં શ્રીજા અકુલાએ યશસ્વિની ઘોરપડેને હરાવીને આરબીઆઈને ૪ વર્ષમાં ત્રીજી વખત ચેમ્પિયન બનાવી હતી.

### પુરુષ વિભાગમાં પીએસપીબીનો એકહથ્થુ વિજય

પુરુષોની ફાઈનલમાં પીએસપીબીએ પશ્ચિમ બંગાળને ૩-૦ થી હરાવીને એકતરફી વિજય મેળવ્યો હતો. પાયસ જૈન અને માનવ ઠક્કરે પોતપોતાની મેચો સરળતાથી જીતી લીધી હતી. જોકે, અનુભવી ખેલાડી હરમીત દેસાઈને પશ્ચિમ બંગાળના બોધિસત્વ ચૌધરીએ કાંટાની ટક્કર આપી હતી. હરમીત એક સમયે ૨-૦ થી આગળ હોવા છતાં સ્કોર ૨-૨ થયો હતો, પરંતુ અંતે હરમીતે પોતાના અનુભવના જોરે નિર્ણાયક ગેમ જીતીને પીએસપીબીને ૨૪મું સતત ટાઈટલ અપાવ્યું હતું.

ગોલ્ફ ક્ષેત્રે વિશ્વના ત્રીજા નંબરના ખેલાડી ટોમી ફ્લીટવુડ ઓક્ટોબરમાં દિલ્હી ખાતે રમાનારી ડીપી વર્લ્ડ ઈન્ડિયા ચેમ્પિયનશિપમાં પોતાનું ટાઈટલ બચાવવા મેદાનમાં ઉતરશે. આ ઉપરાંત, હીરો વુમન્સ પ્રો ગોલ્ફ ટૂરના છઠ્ઠા લેગમાં રિધિમા દિલાવરી અને ત્વૈસા મલિક જેવી ખેલાડીઓ વચ્ચે જંગ જામશે. મોટરસ્પોર્ટ્સમાં અમદાવાદના અક્ષય ગુપ્તા હવે જર્મનીના નર્બર્ગિંગ એન્ડ્યોરન્સ સિરીઝમાં ભાગ લેવા માટે સોર્ગ રેનસ્પોર્ટ ટીમમાં જોડાશે, જે તેમના કરિયરનું મોટું કદમ માનવામાં આવે છે.

## ભારતની સાથે ગ્રુપ ડીમાં ઈંગ્લેન્ડ ચીન અને દક્ષિણ આફ્રિકા

# મહિલા હોકી વર્લ્ડ કપના ડ્રો જાહેર ભારત માટે પડકારજનક અને સંતુલિત ગ્રુપ



(એજન્સી) નવી દિલ્હી । તા. 18

બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં યોજાનારા એફઆઈએચ (FIH) મહિલા હોકી વર્લ્ડ કપ ૨૦૨૬ માટેના ડ્રો જાહેર કરવામાં આવ્યા છે. મંગળવારે સાંજે જાહેર થયેલા આ ડ્રો મુજબ ભારતીય મહિલા હોકી ટીમને 'ગ્રુપ ડી' માં સ્થાન આપવામાં આવ્યું છે. ભારતની સાથે આ ગ્રુપમાં વિશ્વની ચોથા નંબરની ટીમ ચીન, છઠ્ઠા ક્રમની ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા જેવી મજબૂત ટીમોનો સમાવેશ થાય છે. આ આયોજન ઓગસ્ટ મહિનામાં થવાનું છે, જે માટે ભારતીય ટીમે અત્યારથી જ કમર કસી લીધી છે.

ભારતીય ટીમના મુખ્ય કોચ શોર્ડ મારિનેએ આ ગ્રુપ વિભાજનને અત્યંત 'સ્પર્ધાત્મક અને સંતુલિત' ગણાવ્યું છે. હોકી ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝ મુજબ, મારિનેએ જણાવ્યું હતું કે, "અમારા માટે ડ્રો કેવો છે તેના કરતા વધુ મહત્વનું એ છે કે અમે મેદાન પર કેવું પ્રદર્શન કરીએ છીએ. ઈંગ્લેન્ડ અને ચીન પાસે બહોળો અનુભવ છે, જ્યારે દક્ષિણ આફ્રિકા ગમે ત્યારે ઉલટફેર કરી શકે તેવી ખતરનાક ટીમ છે. અમારું લક્ષ્ય કોઈ પણ ડર વગર અમારી પોતાની શૈલીની હોકી રમવાનું છે."

હૈદરાબાદમાં રમાયેલી વર્લ્ડ કપ ક્વોલિફાયર ટુર્નામેન્ટમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરી બીજું સ્થાન મેળવ્યું હતું.

### હોર્મુઝની ખાડીમાં યુદ્ધ છેડાયું તંગદિલી વધી, ડોનાલ્ડ ટ્રમ્પની નાટોને ચીમકી આપી બહાર નીકળવા સંકેત

# ઈરાન પર USનો હુમલો 5 હજાર પાઉન્ડનો બોમ્બ ઝીંક્યો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 18

મધ્ય પૂર્વના રણમેદાનમાં મહાયુદ્ધની જ્વાળાઓ હવે વધુ ભયાનક અને વિનાશક સ્વરૂપ ધારણ કરી રહી છે. અમેરિકન વાયુસેનાએ ઈરાનના દરિયાકાંઠાના મિસાઈલ ઠેકાણાઓને નિશાન બનાવીને અત્યાર સુધીનો સૌથી મોટો પ્રહાર કર્યો છે. આ સૈન્ય કાર્યવાહીમાં પાંચ હજાર પાઉન્ડ વજન ધરાવતા અત્યંત શક્તિશાળી 'બંકર બસ્ટર' બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેનાથી ઈરાની સંરક્ષણ હરોળમાં ભારે ખળભળાટ મચી ગયો છે. લાંબા સમયથી ચાલી રહેલી ખેંચતાણ બાદ અમેરિકાએ આક્રમક વલણ અપનાવતા હોર્મુઝની ખાડી નજીકના વ્યૂહાત્મક મિસાઈલ બેઝનો ખુરદો બોલાવી દીધો છે. આ હુમલાએ વૈશ્વિક રાજનીતિ અને અર્થતંત્રમાં ભારે અફરાતફરી પેદા કરી દીધી છે.

અમેરિકન લશ્કરી હેડક્વાર્ટરના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ ઓપરેશન અત્યંત ગુપ્ત અને ચોકસાઈપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. હોર્મુઝની ખાડી પાસે ઈરાને તૈનાત કરેલી એન્ટિ-શિપ ક્રૂઝ મિસાઈલો આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે મોટું જોખમ બની હતી. આ ખતરાને નાબૂદ કરવા માટે અમેરિકાએ આશરે ૨૨૬૭ કિલોગ્રામ વજનના મહાકાય બોમ્બ વર્ષાવ્યા હતા. આ બોમ્બ જમીનમાં ઉંડે સુધી ઘૂસીને કોંક્રિટના મજબૂત બંકરોને તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલામાં ઈરાનની મિસાઈલ શક્તિને મોટો ફટકો પડ્યો છે અને અનેક મહત્વના લશ્કરી સાધનો રાખ રાખ થઈ ગયા છે.

એક તરફ યુદ્ધનું મેદાન તપી રહ્યું છે, ત્યારે બીજી તરફ રાજદ્વારી મોરચે પણ મોટું ઘર્ષણ જોવા મળી રહ્યું છે. હોર્મુઝ જળડમરુમધ્યને ખુલ્લો કરાવવા અને તેને સુરક્ષિત રાખવા માટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સાથી દેશો પાસે સૈન્ય મદદની માંગ કરી હતી. જોકે, આશ્ચર્યજનક રીતે નાટોના સભ્ય દેશો સહિત અન્ય પ્રમુખ સાથીઓએ આ જંગમાં જોડાવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. સાથી દેશોના આ વલણથી ટ્રમ્પ



અત્યંત ગુસ્સે ભરાયા છે. તેમણે જાહેર મંચ પરથી આકરા પ્રહારો કરતા સાથી દેશોને 'અહેસાન ફરામોશ' ગણાવ્યા છે. ટ્રમ્પે રોષ ઠાલવતા કહ્યું કે, જ્યારે યુક્રેનને જરૂર હતી ત્યારે અમેરિકાએ તિજોરી ખોલી દીધી હતી, પરંતુ આજે જ્યારે અમેરિકા અને ઈઝરાયલ માટે નિર્ણાયક ઘડી છે, ત્યારે આ દેશો હાથ ઊંચા કરી રહ્યા છે.

વૈશ્વિક સ્તરે અંદાજે ૨૦ ટકા ક્રૂડ ઓઈલનો પુરવઠો જે માર્ગેથી પસાર થાય છે, તે હોર્મુઝની ખાડીમાં યુદ્ધ હોવા છતાં જાપાન, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયા જેવા સમૃદ્ધ દેશોએ પણ તટસ્થ રહેવાનું પસંદ કર્યું છે. યુરોપિયન યુનિયનના વિદેશ નીતિના વડાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે આ યુદ્ધ યુરોપનું નથી અને આ આક્રમક નિર્ણયમાં તેમની કોઈ સલાહ લેવામાં આવી નથી. નાટોએ પણ પોતાની મર્યાદાઓ સ્પષ્ટ કરતા કહ્યું છે કે તેઓ માત્ર રક્ષણાત્મક સંગઠન છે અને કોઈ દેશ પર આક્રમણ કરવામાં ભાગીદાર બની શકે નહીં. આ નિવેદનોએ અમેરિકાને આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું પાડી દીધું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સાથી દેશોના અસહકારથી રોષે ભરાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટો ધડાકો કરતા સંકેત આપ્યો છે કે તેઓ અમેરિકાને નાટો સંગઠનમાંથી બહાર ખેંચી શકે છે.

### ઈરાનને સૌથી મોટો ઝટકો લાગતા ખળભળાટ

# અલી લારીજાનીના મૃત્યુની પુષ્ટિ ઈરાન પર ઈઝરાયલનો કહેર

(એજન્સી) તેહરાન । તા. 18

પશ્ચિમ એશિયાના યુદ્ધના મેદાનમાં અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ઈરાની સત્તાવાર પ્રસારણ માધ્યમોએ લાંબી ચુપકીદી તોડતા આખરે સ્વીકાર્યું છે કે ઈઝરાયલના ભીષણ હવાઈ હુમલામાં ઈરાની રાજનીતિના દિગ્ગજ અને સુરક્ષા વ્યવસ્થાના સ્તંભ સમાન અલી લારીજાની માર્યા ગયા છે. ઈરાનને સૌથી મોટો ઝટકો આપતા આ સમાચાર બાદ સમગ્ર ખાડી દેશોમાં સન્નાટો વ્યાપી ગયો છે. ઈઝરાયલે આ ઓપરેશનને પોતાની અત્યાર સુધીની સૌથી મોટી સૈન્ય સફળતા ગણાવી છે. આ હુમલામાં માત્ર લારીજાની જ નહીં, પરંતુ બસીજ દળના ટોચના કમાન્ડર ગોલામરેજા સોલેમાનીના પણ મોતના અહેવાલ મળી રહ્યા છે, જેના કારણે ઈરાની સૈન્ય માળખું સંપૂર્ણપણે હચમચી ગયું છે.



### અલી લારીજાનીના મૃત્યુની પુષ્ટિ: એક યુગનો અંત

અલી લારીજાની માત્ર એક નેતા નહોતા, પરંતુ તેઓ ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા ખામેનીના અત્યંત વિશ્વાસુ સલાહકાર અને રણનીતિકાર હતા. તેઓ લાંબા સમય સુધી ઈરાની સંસદના સ્પીકર અને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રમુખ પદે રહી ચૂક્યા હતા. ઈરાનના પરમાણુ કાર્યક્રમથી લઈને વિદેશ નીતિના દરેક મોટા નિર્ણયોમાં તેમની છાપ જોવા મળતી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, તેહરાન સ્થિત તેમના સુરક્ષિત રહેઠાણ પર ઈઝરાયલે ચોકસાઈપૂર્વક હવાઈ હુમલો કર્યો હતો. અલી લારીજાનીના મૃત્યુની પુષ્ટિ થતા જ ઈરાને પોતાના રાષ્ટ્રીય સુરક્ષા પ્રોટોકોલને હાઈ એલર્ટ પર મૂકી દીધા છે.

### ડોનાલ્ડ ટ્રમ્પનો હુંકાર: ટોચનું નેતૃત્વ સાફ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ ઘટનાક્રમ પર પોતાની પ્રતિક્રિયા આપતા ભારે ગર્વ સાથે જણાવ્યું હતું કે ઈરાનના ટોચના નેતૃત્વનો સફાયો કરી દેવામાં આવ્યો છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે જે અધિકારીઓ છેલ્લા પખવાડિયામાં હજારો નિર્દોષોના મોતના જવાબદાર હતા, તેમને કુદરતે સજા આપી છે. અમેરિકા આ યુદ્ધમાં ઈઝરાયલની સાથે મક્કમતાથી ઉભું છે. જોકે, ટ્રમ્પ દ્વારા નાટો સહયોગી દેશો પાસે જે સક્રિય સૈન્ય મદદ માંગવામાં આવી રહી છે, તેમાં હજુ પણ તેમને કોઈ નોંધપાત્ર સફળતા મળી નથી. સાથી દેશોની પીછેહઠ છતાં ટ્રમ્પ ઈરાન વિરુદ્ધ આકરા સૈન્ય પગલાં લેવા મક્કમ દેખાઈ રહ્યા છે.

લારીજાનીના મોતના સમાચાર વાયુવેગે પ્રસરતા જ ઈરાને પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ઈરાને આ હાનિનો બદલો લેવા માટે ઈઝરાયલની આર્થિક રાજધાની ગણાતા તેલ અવીવ શહેરને નિશાન બનાવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ઈરાને આ વખતે અત્યંત ઘાતક એવી ક્લસ્ટર મિસાઈલોનો ઉપયોગ કર્યો છે. આ મિસાઈલો આકાશમાં જ અનેક નાના બોમ્બમાં વિભાજિત થઈને મોટા વિસ્તારમાં વિનાશ વેરવાની ક્ષમતા ધરાવે છે. ઈઝરાયલ પર ક્લસ્ટર મિસાઈલ પ્રહારને કારણે અનેક ઈમારતોને નુકસાન થયું હોવાના પ્રાથમિક અહેવાલો છે, જેના પગલે ઈઝરાયલી સુરક્ષા દળોએ એર રેડ સાયરન વગાડી લોકોને સુરક્ષિત બંકરોમાં જવા આદેશ આપ્યો છે.

અત્યારે પશ્ચિમ એશિયામાં જે પ્રકારની પરિસ્થિતિ નિર્માણ પામી છે, તે જોતા યુદ્ધ રોકાવાના ચિહ્નો જણાતા નથી. અલી લારીજાની જેવા કદાવર નેતાનું મોત ઈરાન માટે અપૂર્ણીય ક્ષતિ છે, અને તેનો બદલો લેવા ઈરાન કોઈપણ હદ સુધી જઈ શકે છે. બીજી તરફ, અમેરિકા અને ઈઝરાયલ ઈરાનની કમર તોડવા માટે વધુ હવાઈ હુમલા કરવાની યોજના બનાવી રહ્યા છે. વૈશ્વિક સમુદાય આ ઘટનાક્રમથી ચિંતિત છે, કારણ કે આ સંઘર્ષ હવે સીધો બે દેશો વચ્ચેનો ન રહેતા પ્રાદેશિક યુદ્ધમાં ફેરવાઈ રહ્યો છે. તેલના ભાવોમાં ઉછાળો અને આંતરરાષ્ટ્રીય શેરબજારોમાં ગાબડાં આ યુદ્ધની ગંભીર આર્થિક અસરોની સાક્ષી પૂરી રહ્યા છે.

## ન્યૂઝ બ્રીફ

### કિમ જોંગ ઉનનો એકહથ્થુ શાસનનો દબદબો ૯૯.૯૩ ટકા મતો સાથે વિજય થયો



પ્યોંગયાંગ | ઉત્તર કોરિયામાં તાજેતરમાં યોજાયેલી ૧૫મી સુપ્રીમ પીપલ્સ એસેમ્બલીની ચૂંટણીમાં અપેક્ષા મુજબ જ કિમ જોંગ ઉનનો જ્વલંત વિજય થયો છે. વર્કર્સ પાર્ટી ઓફ કોરિયા અને તેના સહયોગીઓએ ૯૯.૯૩ ટકા મતો મેળવીને તમામ બેઠકો પર કબ્જો જમાવ્યો છે. ગત ૧૫ માર્ચના રોજ યોજાયેલી આ ચૂંટણીમાં ૯૯.૯૯ ટકા જેટલું અધધ મતદાન નોંધાયું હતું, જે વિશ્વભરના રાજકીય વિશ્લેષકો માટે ચર્ચાનો વિષય બન્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, આ ચૂંટણી બાદ પ્યોંગયાંગમાં નવી સંસદનું પ્રથમ સત્ર બોલાવવામાં આવશે, જેમાં રાજ્યના નેતૃત્વની પસંદગી અને બંધારણમાં મહત્વપૂર્ણ સુધારા પર મહોર મારવામાં આવશે. આ વખતે સંસદમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે, જેમાં ૭૦ ટકાથી વધુ જૂના પ્રતિનિધિઓને બદલી નાખવામાં આવ્યા છે. નિષ્ણાતો આ પગલાને કિમ જોંગ ઉન દ્વારા પોતાની સત્તાને વધુ મજબૂત કરવાના પ્રયાસ તરીકે જોઈ રહ્યા છે. આ નવા ચૂંટાયેલા સભ્યોમાં કિમની શક્તિશાળી બહેન કિમ યો-જોંગ અને વિદેશ મંત્રી ચો સન-હુઈનો પણ સમાવેશ થાય છે.

### મધ્યપૂર્વમાં મહાયુદ્ધના મંડાણ વચ્ચે રિયાધમાં આજે ઈસ્લામિક દેશોની કટોકટી બેઠક




રિયાધ | મધ્યપૂર્વમાં ઝડપથી બગડતી જતી સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને સાઉદી અરેબિયાએ બુધવારે સાંજે રાજધાની રિયાધમાં આરબ અને ઈસ્લામિક દેશોના વિદેશ મંત્રીઓની એક ઉચ્ચ સ્તરીય પરામર્શ બેઠક બોલાવી છે. સાઉદી વિદેશ મંત્રાલય દ્વારા સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી જાહેરાત મુજબ, આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા જાળવવા માટે પરસ્પર સંકલન સાધવાનો છે. છેલ્લા ૧૯ દિવસથી ચાલી રહેલા સંઘર્ષને કારણે સમગ્ર અખાતી વિસ્તાર અત્યારે ગંભીર કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત લશ્કરી ઓપરેશન બાદ સમગ્ર ક્ષેત્રમાં હિંસા ભડકી ઉઠી છે. જવાબમાં તેહરાન દ્વારા કરવામાં આવેલા મિસાઈલ અને ડ્રોન હુમલાઓએ અખાતી દેશોમાં ભયનો માહોલ પેદા કર્યો છે.

### ઈઝરાયલના દબાણમાં ટ્રમ્પ હોવાનો ગંભીર આક્ષેપ થયો

# જો કેન્ટનું રાજીનામું ટ્રમ્પ સરકારના યુદ્ધના દાવા પોકળ, US અને ઈરાન યુદ્ધ પર સનસનીખેજ ખુલાસો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 18

અમેરિકા અને ઈરાન વચ્ચે છેડાયેલા ભીષણ જંગમાં હવે વોશિંગ્ટનની અંદર જ આંતરિક વિખવાદની જ્વાળાઓ ભભૂકી ઉઠી છે. અમેરિકાના નેશનલ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટરના વડા જો કેન્ટે પોતાના પદ પરથી અચાનક રાજીનામું આપીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. જો કેન્ટનું રાજીનામું માત્ર એક વહીવટી પ્રક્રિયા નથી, પરંતુ ટ્રમ્પ સરકારની યુદ્ધ નીતિઓ પર જોરદાર લપડાક સમાન છે. તેમણે અત્યંત ગંભીર આક્ષેપ કર્યો છે કે અમેરિકાને ઈરાન તરફથી કોઈ જ તાત્કાલિક જોખમ નહોતું, છતાં માત્ર ઈઝરાયલ અને તેની શક્તિશાળી લોબીના દબાણમાં આવીને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ વિનાશક યુદ્ધની શરૂઆત કરી છે. આ ધડાકાએ અમેરિકન વહીવટીતંત્રમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.



### હૃદય માનવા તૈયાર નથી: જો કેન્ટનો સોશિયલ મીડિયા પર આક્રોશ

ગયા જુલાઈમાં બહુમતી મતોથી ચૂંટાયેલા જો કેન્ટે પોતાના રાજીનામા પત્રની સાથે સોશિયલ મીડિયા પર પણ એક લાંબી પોસ્ટ મૂકી છે. તેમણે ખુલ્લા મનથી સ્વીકાર્યું છે કે તેમનું હૃદય આ ખોટા યુદ્ધનું સમર્થન કરવા તૈયાર નથી. તેમણે લખ્યું છે કે, "આપણો દેશ સુરક્ષિત હતો અને ઈરાનથી કોઈ ખતરો નહોતો, પરંતુ ઈઝરાયલના હિતો ખાતર અમેરિકાને આ જંગમાં હોમી દેવામાં આવ્યું છે." તેમના આ ખુલાસાથી ટ્રમ્પના સમર્થકોમાં પણ વ્યાકુળતા વધી ગઈ છે, કારણ કે જે અધિકારી આંતરરાષ્ટ્રીય સુરક્ષાની પળેપળની વિગતો જાણતા હતા, તેમણે જ સરકારના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા છે.

### ડોનાલ્ડ ટ્રમ્પની ગણતરીઓ ઊંધી પડી: સાથીઓનો પસ્તાવો

અમેરિકા અને ઈરાન યુદ્ધ હવે જે વળાંક લઈ રહ્યું છે, તેનાથી ટ્રમ્પના નજીકના સાથીઓ પણ હવે ખાનગીમાં પસ્તાવો કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, વ્હાઈટ હાઉસના કેટલાક ટોચના અધિકારીઓનું માનવું છે કે ઈરાનના શાસનની મજબૂતી અને તેની લશ્કરી તાકાતનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં ટ્રમ્પ સરકાર નિષ્ફળ રહી છે. ટ્રમ્પને એવી ધારણા હતી કે આ યુદ્ધ ટૂંકું ચાલશે અને ઈરાન ઝડપથી ઘૂંટણિયે પડી જશે, પરંતુ વાસ્તવિકતા તદ્દન અલગ છે. ઈરાને જે રીતે વળતા પ્રહાર કર્યા છે, તેનાથી ખાડી દેશોમાં અમેરિકન હિતોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

### સફળતાનો નશો અને સલાહની અવગણના

એક વિશેષ રિપોર્ટ અનુસાર, પ્રમુખ ટ્રમ્પ તાજેતરની વેનેઝુએલા અને ગયા વર્ષની કેટલીક સૈન્ય સફળતાઓથી એટલા ઉત્સાહિત હતા કે તેમણે લશ્કરી નિષ્ણાતોની ચેતવણીઓને નજરઅંદાજ કરી હતી. તેઓ પોતાની સફળતાના નશામાં એવું માની રહ્યા હતા કે ઈરાની સુપ્રીમ લીડરના મોત બાદ ત્યાંનું શાસન પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જશે. કેટલાક ટોચના અધિકારીઓએ યુદ્ધ શરૂ કરતા પહેલા વધુ સમય અને ગહન ચર્ચાની માંગ કરી હતી, પરંતુ ટ્રમ્પે તેમની તમામ સલાહને બાજુ પર મૂકીને આક્રમક નિર્ણય લીધો હતો. આજે જ્યારે યુદ્ધ લંબાતું જઈ રહ્યું છે, ત્યારે વહીવટીતંત્રમાં વિરોધના સૂર તેજ બની રહ્યા છે.

જો કેન્ટના આ ગંભીર દાવાઓ અને રાજીનામા બાદ અત્યાર સુધી વ્હાઈટ હાઉસ તરફથી કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી. સરકારની આ ચુપકીદી શંકાઓને વધુ બળ આપી રહી છે. રાજકીય વિશ્લેષકો માને છે કે જો કેન્ટનું રાજીનામું આગામી સમયમાં ટ્રમ્પ માટે મોટી કાયદાકીય અને રાજકીય મુસીબત બની શકે છે. બીજી તરફ, યુદ્ધના મેદાનમાં ઈરાન વધુ આક્રમક બન્યું છે અને તેલ અવીવ પરના હુમલાઓ તેજ થયા છે. હવે જોવાનું એ રહેશે કે ટ્રમ્પ આ આંતરિક અને બાહ્ય દબાણ વચ્ચે પોતાની રણનીતિ બદલે છે કે પછી વધુ જોખમી પગલાં ભરે છે.

# ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મિત્રતાના નવા અધ્યાયનો પ્રારંભ થયો છે

(એજન્સી) બ્રસેલ્સ । તા. 18

ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે તેમની બે દિવસીય બ્રસેલ્સ મુલાકાત સફળતાપૂર્વક સંપન્ન કરી છે, જેણે ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને નવી ઊંચાઈએ પહોંચાડ્યા છે. યુરોપિયન યુનિયનના હાઈ રિપ્રેઝન્ટેટિવ કાની કાલાસના વિશેષ આમંત્રણ પર ગયેલા જયશંકરે ૧૫-૧૬ માર્ચ દરમિયાન ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી હતી. ભારતના ૭૭માં પ્રજાસત્તાક પર્વ પર ઈયુ નેતાઓની ભારત મુલાકાતના માત્ર છ સપ્તાહમાં જ મળેલી આ બેઠક રાજદ્વારી દૃષ્ટિએ અત્યંત સૂચક માનવામાં આવે છે.

### શીર્ષ નેતૃત્વ સાથે મુલાકાત અને સંદેશાની આપ-લે

મુલાકાત દરમિયાન વિદેશમંત્રીએ યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને કમિશનના અધ્યક્ષા ઉર્સુલા વૉન ડેર લેયેન સાથે



વ્યાપક મંત્રણા કરી હતી. આ અવસરે જયશંકરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મોકલેલા અભિનંદન પત્રો પાઠવ્યા હતા, જે ભારતની મજબૂત મિત્રતાનો પ્રતીક છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ મંત્રણામાં ઈયુ સભ્ય દેશોના વિદેશમંત્રીઓ અને વ્યાપાર કમિશનર માસોસ સેફ્ટોવિક પણ જોડાયા હતા.

જાન્યુઆરી ૨૦૨૬માં યોજાયેલી ભારત-ઈયુ સમિટના નિર્ણયોને વેગ આપવા માટે આ બેઠકમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. મુખ્યત્વે 'ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ' (મુક્ત વ્યાપાર કરાર) ને ઝડપથી અમલી બનાવવા, સંરક્ષણ સાધનોના સંયુક્ત ઉત્પાદન માટે સરકારી માળખું તૈયાર કરવા અને વહાણવટા ક્ષેત્રે સહયોગ વધારવા અંગે સહમતી સધાઈ છે. ટ્રેડ એન્ડ ટેકનોલોજી કાઉન્સીલને વધુ અસરકારક બનાવીને ટેકનોલોજીના આદાન-પ્રદાન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

### વૈશ્વિક સુરક્ષા અને આર્થિક પડકારો

વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, મધ્યપૂર્વની કટોકટી અને ઈરાન-ઈઝરાયલ-અમેરિકા વચ્ચેના સંઘર્ષ પર ગંભીર ચર્ચા થઈ હતી. ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની (Straits of Hormuz) બંધ થવાને કારણે વિશ્વમાં તેલના ભાવમાં આવેલા ઉછાળા અંગે બંને પક્ષોએ ચિંતા વ્યક્ત કરી હતી.

# પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ હેઠળ ૧૩00 વિસ્તારોમાં વિકાસ કાર્યો

### શિક્ષણ અને આજીવિકા દ્વારા મહિલાઓના ગૌરવની પુનઃસ્થાપના જરૂરી

(એજન્સી) જીનીવા । તા. 18

સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા ખાતે આયોજિત સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (UNHRC) ના ૬૧માં સત્રમાં ભારતીય સંસ્થા 'સંભાળી ટ્રસ્ટ' દ્વારા લઘુમતી મહિલાઓના અધિકારો અને તેમના સશક્તિકરણ અંગે ધારદાર રજૂઆત કરવામાં આવી હતી. સંસ્થાના પ્રતિનિધિ ટાશા મોરિસેટ સ્ટોપ્લરે લઘુમતી સમુદાયોના અધિકારોના રક્ષણની તાતી જરૂરિયાત પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, સર્વસમાવેશક રક્ષણ વિના સમાનતા અને ટકાઉ શાંતિ મેળવવી અશક્ય છે.

સંભાળી ટ્રસ્ટે રાજસ્થાનમાં વંચિત અને લઘુમતી સમુદાયની મહિલાઓ તથા બાળકીઓ સાથે કરેલા કાર્યોના અનુભવો વિશ્વ સમક્ષ વહેંચ્યા હતા. સ્ટોપ્લરે જણાવ્યું કે લઘુમતીઓ આજે પણ શિક્ષણ, આવાસ અને ન્યાય મેળવવામાં પ્રણાલીગત ભેદભાવનો સામનો કરી રહ્યા છે. આ અસમાનતા તેમને હિંસા અને બહિષ્કાર તરફ ધકેલે છે. સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા શિક્ષણ કાર્યક્રમો, મનોસામાજિક સહાય અને આજીવિકા કેન્દ્રો દ્વારા આ મહિલાઓના આત્મવિશ્વાસને પુનઃજીવિત કરવામાં આવી રહ્યો છે. વૈશ્વિક મંચ પર ભારતની વિવિધતાસભર સામાજિક સંરચનાનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, ભારત અધિકૃત રીતે છ લઘુમતી સમુદાયોને માન્યતા આપે છે. ભારતીય બંધારણ લઘુમતીઓને સમાનતા અને રક્ષણની ગેરંટી આપે છે. ખાસ કરીને 'પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ' જેવી લક્ષિત પહેલો દ્વારા દેશના ૧૩00થી વધુ લઘુમતી બહુલ વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે.

**સુરક્ષા** | યુદ્ધ વચ્ચે રાહતભર્યા સમાચાર મળતા આનંદ, કતાર એરવેઝની વિશેષ ફ્લાઈટ્સ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન

# ભારતીય નાગરિકો સુરક્ષિત સ્વદેશ પરત સોળસો લોકો ઘરે પહોંચ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેડાયેલા ભીષણ મહાયુદ્ધની વચ્ચે આજે ભારત માટે અત્યંત આશાસ્પદ અને ખુશીના સમાચાર સામે આવ્યા છે. યુદ્ધના કારણે વૈશ્વિક હવાઈ ક્ષેત્રમાં સર્જાયેલી અંધાધૂંધી વચ્ચે ૧૬૦૦ જેટલા ભારતીય નાગરિકો સુરક્ષિત સ્વદેશ પરત ફર્યા છે. કતાર એરવેઝ દ્વારા સંચાલિત પાંચ વિશેષ વિમાનો દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. પોતાના વતનની પવિત્ર ધરતી પર પગ મૂકતાની સાથે જ મુસાફરો અને તેમના પરિવારજનોની આંખોમાં હર્ષના આંસુ છલકાઈ આવ્યા હતા. આ કપરા સમયમાં ભારત સરકાર અને આંતરરાષ્ટ્રીય એરલાઈન્સના સમન્વયથી સેંકડો પરિવારોના જીવમાં જીવ આવ્યો છે.

યુદ્ધની સ્થિતિને કારણે મધ્ય એશિયાનું આકાશ અત્યારે મિસાઈલો અને ફાઈટર જેટ્સથી ગાજી રહ્યું છે, જેના કારણે મોટાભાગની કોમર્શિયલ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. તેમ છતાં, કતાર એરવેઝે



માનવતાવાદી અભિગમ અપનાવી ભારત માટે પાંચ ખાસ ફ્લાઈટ્સ ઉડાડી હતી. આ પાંચ વિમાનો પૈકી બે દિલ્હી અને એક-એક મુંબઈ, કોચી તથા તિરુવનંતપુરમ ખાતે લેન્ડ થયા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, કતારનું હવાઈ ક્ષેત્ર સુરક્ષાના કારણોસર બંધ હોવા છતાં, ખાસ મંજૂરી મેળવીને આ બિન-નિર્ધારિત ઉડાનો ભરવામાં આવી હતી.

આગામી દિવસોમાં વધુ ચાર ફ્લાઈટ્સ દ્વારા અન્ય ફસાયેલા ભારતીયોને લાવવાની પ્રક્રિયા પણ તેજ કરવામાં આવશે. દોહા સ્થિત ભારતીય દૂતાવાસ અત્યારે યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યું છે. ફસાયેલા નાગરિકોને વતન લાવવા માટે દૂતાવાસ દ્વારા ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમ અને વોટ્સએપ સેવાઓ શરૂ કરવામાં આવી છે. જે નાગરિકોના પાસપોર્ટ કે અન્ય દસ્તાવેજો ખોવાઈ ગયા છે અથવા મુદત પૂરી થઈ ગઈ છે, તેમને તાત્કાલિક ધોરણે નવા દસ્તાવેજો ઈશ્યૂ કરવામાં આવી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, દૂતાવાસ રજાના દિવસોમાં પણ ચાલુ રાખીને ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યું છે. આ ઉપરાંત, જે લોકો જમીની માર્ગે સાઉદી અરેબિયા થઈને પરત આવવા માંગે છે, તેમને સલવા બોર્ડર પાર કરવા માટે ટ્રાન્ઝિટ વિઝાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ રહી છે.

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર પોતે આ સમગ્ર સ્થળાંતર પ્રક્રિયા પર સીધી દેખરેખ રાખી રહ્યા છે. માત્ર કતાર જ નહીં, પરંતુ ઈરાન જેવા સંઘર્ષના મુખ્ય કેન્દ્રમાંથી પણ અત્યાર સુધીમાં ૫૫૦ ભારતીયોને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા છે.

# રૂશાન અબ્બાસે ચીની પ્રોપેગેન્ડાને વિશ્વનું સૌથી મોટું જૂઠાણું ગણાવ્યું

(એજન્સી) વોશિંગ્ટન । તા. 18

આંતરરાષ્ટ્રીય સ્તરે ઈસ્લામોફોબિયા વિરોધી દિવસની ઉજવણી દરમિયાન ચીન દ્વારા કરવામાં આવેલી એક સોશિયલ મીડિયા પોસ્ટને કારણે મોટો વિવાદ સર્જાયો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ચીની મિશને ઈસ્લામોફોબિયાનો વિરોધ કરવા અને ધાર્મિક વિવિધતાના સન્માનની વાતો કરી હતી, પરંતુ ઉઈગર મુસ્લિમ કાર્યકરોએ આ નિવેદનને ચીનનું 'સૌથી મોટું પાખંડ' ગણાવીને આકરો વળતો પ્રહાર કર્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર શરૂ થયેલી આ શાબ્દિક જંગે હવે વૈશ્વિક સ્તરે માનવ અધિકારોના મુદ્દાને ફરી ગરમાવ્યો છે.

વર્લ્ડ ઉઈગર કોંગ્રેસના કાર્યકારી સમિતિના અધ્યક્ષા રૂશાન અબ્બાસે ચીનના દાવાઓને સખત શબ્દોમાં વખોડી કાઢ્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે ચીન સરકાર વ્યવસ્થિત રીતે ઈસ્લામિક પ્રથાઓને નિશાન બનાવી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીનમાં હજારો મસ્જિદોનો નાશ કરવામાં આવ્યો છે અને બાળકોને ધાર્મિક સ્થળોએ જતા રોકવામાં આવે છે. અબ્બાસે જણાવ્યું કે ચીન ઈસ્લામોફોબિયા સામે લડી રહ્યું નથી, પરંતુ તે પોતે જ ઈસ્લામિક જીવનશૈલી વિરુદ્ધ વિશ્વનું સૌથી આક્રમક રાજ્ય-પ્રાયોજિત અભિયાન ચલાવી રહ્યું છે. રૂશાન અબ્બાસે પોતાની બહેન ગુલશન અબ્બાસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે તેણી છેલ્લા સાડા સાત વર્ષથી ચીની જેલમાં માત્ર એટલા માટે બંધ છે કારણ કે તે એક ઉઈગર કાર્યકરની બહેન છે. મીડિયા અહેવાલ મુજબ, ચીન જેને 'વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો' ગણાવે છે, તે હકીકતમાં લાખો મુસ્લિમો માટે અટકાયત છાવણીઓ છે. અહીં તેમને તેમની ધાર્મિક અને સાંસ્કૃતિક ઓળખ છોડી દેવા માટે મજબૂર કરવામાં આવે છે.

# News Brief

## રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ એ સંસદમાં વિવિધ રેલવે પરિયોજનાઓની માહિતી આપી




રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ એ સંસદમાં ભારતીય રેલવેની વિવિધ મહત્વની પરિયોજનાઓની પ્રગતિની માહિતી આપતાં જણાવ્યું કે દેશભરમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને અભૂતપૂર્વ ઝડપ આપવામાં આવી રહી છે.રેલવે મંત્રી એ ગુજરાતથી સંબંધિત માહિતી આપતાં જણાવ્યું કે મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલવે (બુલેટ ટ્રેન) પરિયોજના પર ઝડપથી કામ પ્રગતિ પર છે. આ પરિયોજના હેઠળ 300 કિલોમીટરથી વધુ વાયડક્ટનું નિર્માણ કામ પૂર્ણ થઈ ચુક્યું છે, જ્યારે પિયર નિર્માણ, ટ્રેક પાથરવાનું તથા સ્ટેશનોના વિકાસનું કામ સતત ચાલુ છે. આની સાથે જ ભારતની પ્રથમ અન્ડરસી રેલવે સુરંગ પર પણ કામ પ્રગતિ પર છે.તેમણે જણાવ્યું કે પરિયોજના હેઠળ 435 કિલોમીટર ફાઉન્ડેશન કામ, 338 કિલોમીટર ઈન્સ્ટોલેશન તથા 168 કિલોમીટર ટ્રેક પાથરવાના કામની સાથે ઓએચઈ ઈન્સ્ટોલેશન કામ પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. વાપી, બિલિમોરા, સૂરત તથા બીકેસી સહિત કેટલાક સ્ટેશનોના બાંધકામનું કામ અંતિમ તબક્કે છે.રેલવે મંત્રીએ માહિતી આપી કે કેટલીક નદીઓ પર પુલોનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે તથા ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ અને સાબરમતી વિસ્તારોમાં કામ તીવ્ર ગતિથી પ્રગતિ કરી રહ્યું છે.સરહદી વિસ્તારોમાં કનેક્ટિવિટી વધારવા માટે નવી રેલવે લાઈન માટે સર્વે પણ કરવામાં આવી રહ્યો છે. કચ્છ ક્ષેત્રમાં દેશલપાર-હાજીપીર અને વાયોર-લખપત વચ્ચે નવી રેલવે કનેક્ટિવિટી વિકસાવવાની યોજના પર કામ શરૂ થઈ ગયું છે.ભારતીય રેલવે હાલમાં અભૂતપૂર્વ વિસ્તરણ અને આધુનિકીકરણમાંથી પસાર થઈ રહ્યું છે, જેને કેન્દ્રીય બજેટ 2026-27માં 2.78 લાખ કરોડની વિક્રમજનક બજેટ ફાળવણી દ્વારા સશક્ત બનાવવામાં આવ્યું છે. છેલ્લા 10 વર્ષમાં લગભગ 5 લાખ નોકરીઓનું સર્જન થયું છે, જ્યારે છેલ્લા 2 વર્ષમાં 1.43 લાખ સીધી નિમણૂકો આપવામાં આવી છે.સુરક્ષા માળખાગત સુવિધાના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરતાં, ROB અને RUB ની સંખ્યા લગભગ 4,000 થી વધીને 14,000 થઈ ગઈ છે. ઓટોમેટિક સિગ્નલિંગનો વિસ્તાર પણ 1,500 કિલોમીટરથી વધીને 4,000 કિલોમીટરથી વધુ થઈ ગયો છે.સલામતી ટેકનોલોજીની ચર્ચા કરતા, તેમણે સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ 'કવચ' ની પ્રગતિ પર પ્રકાશ નાંખ્યો. તેમણે કહ્યું કે લગભગ 3,000 કિમી નેટવર્ક પહેલાથી જ આની હેઠળ આવરી લેવામાં આવ્યું છે, જ્યારે લગભગ 20,000 કિમી પર કામ ચાલી રહ્યું છે અને તેને લગભગ 8,000 રેલવે એન્જિનમાં લગાવવાની યોજના છે.રેલ્વે મંત્રીએ જણાવ્યું કે તાજેતરના વર્ષોમાં LHB કોચની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે અને લગભગ 48,000 કોચ ઉમેરવામાં આવ્યા છે. લોકોમોટિવ ઉત્પાદન લગભગ 12,000 યુનિટ સુધી પહોંચી ગયું છે અને વેગનની સંખ્યા 2 લાખથી વધુ થઈ ગઈ છે.ટનલ બાંધકામના ક્ષેત્રમાં પણ મોટી સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. વર્ષ 2014 સુધીમાં જ્યાં લગભગ 125 કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં આવી હતી, ત્યાં તે પછીથી 486 કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં આવી છે, જેનાથી ઉત્તર-પૂર્વ અને જમ્મુ અને કાશ્મીર જેવા દૂરના વિસ્તારોમાં કનેક્ટિવિટીમાં સુધારો થયો છે.ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) ના નિર્માણમાં પણ સર્વગ્રાહી પ્રગતિ થઈ છે. આશરે 2,800 કિલોમીટર લાંબા કોરિડોરનું કામ પૂર્ણ થઈ ગયું છે, જેના પર દરરોજ આશરે 480 માલગાડીઓ સંચાલિત થઈ રહી છે.યાત્રીઓની સુવિધા વધારવા માટે, વધારાના જનરલ કોચ શરૂ કરવામાં આવ્યા છે, જેમાં 2024-25 માં લગભગ 1,250 કોચ અને 2025-26 માં લગભગ 860 કોચનો સમાવેશ થાય છે.રેલવે મંત્રીએ માહિતી આપી હતી કે હાલમાં 160 થી વધુ વંદે ભારત ટ્રેન સેવાઓ સંચાલિત થઈ રહી છે અને 60 અમૃત ભારત ટ્રેનો લાંબા અંતરની કિફાયતી યાત્રા સુવિધા પૂરી પાડી રહી છે. આ ઉપરાંત 133 અમૃત ભારત ટ્રેનોનું નિર્માણ કામ પ્રગતિ પર છે અને વંદે ભારત સ્લીપર ટ્રેનોને પણ સકારાત્મક પ્રતિક્રિયા મળી રહી છે.તેમણે જણાવ્યું કે 75 મુખ્ય સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા વિકસિત કરવામાં આવી રહ્યા છે તથા યાત્રીઓની સુવિધા માટે 1,200 થી વધુ નવી ઈએમયૂ/મેમૂ સેવાઓ શરૂ કરવામાં આવી છે.રેલવે મંત્રી એ આ પણ માહિતી આપી કે ભારતીય રેલવે એ વિશ્વના સૌથી મોટા સ્ટેશન પુનઃવિકાસ કાર્યક્રમોમાંથી એકનો પ્રારંભ કર્યો છે, જેના હેઠળ લગભગ 1,300 સ્ટેશનોને સામેલ કરવામાં આવ્યા છે. આમાંથી આશરે 180 સ્ટેશનોનું કામ પૂર્ણ થઈ ચુક્યું છે, જ્યારે લગભગ 500 સ્ટેશન અપગ્રેડેડ તબક્કે છે.

## મૈનપુરીમાં મકાનની છત પડી ત્રણ લોકોના કરૂણ મોત

મૈનપુરી: ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાના કુરાવલી વિસ્તારમાં એક અત્યંત દુઃખદ અકસ્માત સર્જાયો છે, જેમાં એક જૂના મકાનની ઈંટોની છત અચાનક ધરાશાયી થતાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત નીપજ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ કરૂણ દુર્ઘટનામાં એક મહિલા અને બે માસૂમ બાળકોએ જીવ ગુમાવ્યો છે. પરિવારના કુલ 6 સભ્યો કાટમાળ નીચે દબાયા હતા, જેમાંથી ત્રણને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. તબીબોના જણાવ્યા અનુસાર, હોસ્પિટલ લાવવામાં આવેલા ત્રણેય લોકોના મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ત્રણ સભ્યો હાલમાં ખતરાની બહાર છે અને તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પ્રશાસન અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કુરાવલીના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ નીરજ દ્વિવેદીએ જણાવ્યું કે, છત ધરાશાયી થયા બાદ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવેલા ઘાયલોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જિલ્લા હોસ્પિટલના એક્ઝિક્યુટિવ મેડિકલ ઓફિસર ડો. આદર્શ સેંગરે માહિતી આપી હતી કે જે ત્રણ વ્યક્તિઓને હોસ્પિટલ લાવવામાં આવ્યા છે તેમની હાલત અત્યારે સામાન્ય છે. તેમને જરૂરી દવાઓ આપીને ટૂંક સમયમાં રજા આપવામાં આવશે, કારણ કે તેઓ અત્યારે સંપૂર્ણપણે જોખમની બહાર છે.પ્રાથમિક તપાસ મુજબ, આ અકસ્માત ઈંટોથી બનેલી જૂની છત અચાનક તૂટી પડવાના કારણે સર્જાયો હતો. પરિવારના સભ્યો જ્યારે મકાનમાં હાજર હતા ત્યારે જ આ દુર્ઘટના ઘટી હતી. એસડીએમ નીરજ દ્વિવેદીએ વધુમાં ઉમેર્યું કે, "કમનસીબે, એક મહિલા અને બે બાળકો સહિત ત્રણ વ્યક્તિઓને હોસ્પિટલ લાવતા જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા. અમે રાહત અને બચાવ કામગીરી પૂર્ણ કરી લીધી છે અને હવે અસરગ્રસ્ત પરિવારને જરૂરી આર્થિક સહાય પૂરી પાડવા માટેની આકારણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે."

### ઘરના ડિજિટલ લોક ન ખુલતા 8ના મોત; જેમાં એક બાળક પણ સામેલ

# ઈન્દોરમાં EV બ્લાસ્ટ, એકસાથે 7 ચિતાઓ સળગી





(એજન્સી) નવી દિલ્હી | તા.18

ઈન્દોરમાં ચાર્જિંગ દરમિયાન શોર્ટ સર્કિટને કારણે ટાટા પંચ ઈલેક્ટ્રિક કારમાં આગ લાગી હતી, જેના કારણે ત્રણ માળની રહેણાંક ઈમારત લપેટમાં આવી ગઈ હતી. આ દુર્ઘટનામાં રબરના ઉદ્યોગપતિ મનોજ પુગલિયા અને તેમની ગર્ભવતી પુત્રવધૂ સિમરન સહિત આઠ લોકોના મોત થયા હતા, જ્યારે ચાર અન્ય ઘાયલ થયા હતા.

મૃતકોમાંથી છ મનોજના સંબંધીઓ હતા જેઓ મંગળવારે બિહારના કિશનગંજથી આવ્યા હતા. આ ઘટના બુધવારે વહેલી સવારે 3:30થી 4:00 વાગ્યાની વચ્ચે બંગાળી સ્ક્વેર નજીક ગ્રેટર બ્રિજેશ્વરી કોલોનીમાં બની હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આગ ઘરની અંદર રાખેલા ગેસ સિલિન્ડરોમાં ફેલાઈ ગઈ હતી, જેના કારણે તે એક પછી એક વિસ્ફોટ થયા હતા. વિસ્ફોટ એટલા શક્તિશાળી હતા કે ઈમારતનો એક ભાગ તૂટી પડ્યો. દરવાજા પર લગાવેલા ડિજિટલ લોક ખુલી શક્યા નહીં, જેના કારણે અંદર સૂતા લોકોને બચવાની કોઈ તક મળી નહીં.

મુક્તિધામમાં એક સાથે સાત ચિતા સળગી રહેવાસીઓએ અહેવાલ આપ્યો કે ફાયર બ્રિગેડની ગાડીઓ ચેતવણી આપ્યાના લગભગ એક કલાક પછી ઘટનાસ્થળે પહોંચી હતી. પરિવારે તિલક નગર મુક્તિધામ ખાતે મૃતકના અંતિમ સંસ્કાર કર્યા. એક સાથે સાત ચિતાઓને અગ્નિદાહ આપવામાં આવ્યો.

PM અને CMએ શોક વ્યક્ત કર્યો; મૃતકોના પરિવારને 2 લાખ મળશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ દ્વારા આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો. તેમણે મૃતકોના પરિવારને 2 લાખ અને ઘાયલોને 50,000ની સહાયની જાહેરાત કરી. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે પણ આ ઘટનામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી.

## આગ એટલી ભયાનક હતી કે ડ્રાઈવર જીવતો ભૂંજાયો:ભાઈએ કૂદીને જીવ બચાવ્યો

### ગુજરાત આવતું ઈથેનોલ ભરેલું ટેન્કર રાજસ્થાનમાં પલટ્યું, હાઈવે પર આગની જ્વાળાઓ ફેલાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા.18

રાજસ્થાનના જાલોર જિલ્લામાં જેસલમેર-જામનગર નેશનલ હાઈવે (NH-68) પર ઈથેનોલ ભરેલું ટેન્કર પલટી ગયું અને તેમાં આગ લાગી ગઈ. ત્યારબાદ રસ્તા પર 200 મીટર સુધી જ્વાળાઓ ફેલાઈ ગઈ.

ટેન્કરનો ડ્રાઈવર જીવતો સળગી ગયો, જ્યારે તેની સાથે બેઠેલો ભાઈ સમયસર કૂદી ગયો. આ અકસ્માત બુધવારે બપોરે લગભગ 2 વાગ્યે થયો હતો. ફાયર બ્રિગેડે 1 કલાક બાદ આગ પર કાબૂ મેળવી લીધો.

જાણકારી અનુસાર, ટેન્કર બાડમેરથી ગુજરાત તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન સિંવાડા ઓવરબ્રિજ પર પલટી ગયું. અકસ્માત બાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા. સાંચોર એસડીએમ પ્રમોદ કુમાર અને સિંવાડા ચોકી પોલીસ ઘટનાસ્થળે પહોંચી.ચિતલવાના પોલીસ સ્ટેશનના ASI મોહનલાલે જણાવ્યું કે- ગુજરાત નંબર (GJ-12-BZ-9820)નું ટેન્કર બાડમેરથી ગુજરાત તરફ જઈ રહ્યું હતું. અકસ્માતમાં બાડમેરના ગુડામાલાણીના મોખાવા ગામના રહેવાસી ડ્રાઈવર સુખરામ (34) પુત્ર દેદારામ મેઘવાલનું મૃત્યુ થયું. સુખરામના ફોઈના દીકરા નરસીરામ (26) પુત્ર જોધારામ મેઘવાલ સમયસર ટેન્કરમાંથી કૂદી પડ્યા અને તેમનો જીવ બચી ગયો. નરસીરામને સિણવાડા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં તેમની પ્રાથમિક સારવાર કરવામાં આવી.ઘાયલ નરસીરામે જણાવ્યું- હું મામાના દીકરા સુખરામ સાથે ગુડામાલાણીથી ટેન્કરમાં બેઠો હતો. આ દરમિયાન સિવાડા પાસે ગાડી પલટી ગઈ. ગાડી પલટતા જ અચાનક આગ લાગી ગઈ. આ અકસ્માત બુધવારે બપોરે લગભગ 2 વાગ્યે થયો હતો. ફાયર બ્રિગેડે 1 કલાક બાદ આગ પર કાબૂ મેળવી લીધો. જેમ-તેમ હું બહાર નીકળી ગયો, પરંતુ સુખરામ ગાડીમાં ફસાઈ ગયો. ટેન્કરમાં શું હતું, મને ખબર નથી.

## દત્તક અને સગું બાળક સરખાં, તમામ માતાઓને સમાન રજાઓ : સુપ્રીમ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે માતૃત્વને લઈને એક મહત્વનો ચુકાદો આપ્યો છે અને સ્પષ્ટતા કરી છે કે દત્તક લીધેલ બાળક અને પોતાના જન્મેલા બાળક વચ્ચે કોઈ જ અંતર નથી, માટે દત્તક લીધેલ બાળકની માતા સાથે કાયદો ફેદભાવ ના કરી શકે, આ સાથે જો દત્તક લીધેલુ બાળક ત્રણ મહિનાથી વધુ સમયનું હોય તો દત્તક લેનારી માતાને માતૃત્વ માટે રજાથી વંચિત રાખવામાં આવતી જેને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ગણાવ્યું હતું. અને જન્મ આપનારી માતા જેટલા જ હક દત્તક લેનારી માતાને આપ્યા હતા. હાલમાં નિયમો મુજબ કોઇ મહિલા ગર્ભવતી હોય તો તેને ૧૨ સપ્તાહનો માતૃત્વ અવકાશ કે રજાઓ મળે છે, જ્યારે જો કોઇ મહિલા ત્રણ મહિનાથી મોટું બાળક દત્તક લે તો તેને આ રજાઓ નથી મળતી. સુપ્રીમ કોર્ટે આવી તમામ મહિલાઓને પણ ૧૨ સપ્તાહનો માતૃત્વ અવકાશ આપવાનો આદેશ કર્યો છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જેબી પારડીવાલા, ન્યાયાધીશ આર મહાદેવનની બેંચે મહત્વપૂર્ણ અવલોકન પણ કર્યું હતું. બેંચે કહ્યું હતું કે ત્રણ માસથી ઓછી વયના બાળકને અને મોટી વયના બાળકને દત્તક લેવાની સ્થિતિમાં બન્ને માતાઓની સ્થિતિ સરખી જ હોય છે. બેંચે કહ્યું કે બાળકને દત્તક લઈને પરિવાર બનાવવાની રીત પણ એટલી જ મહત્વની છે જેટલી જન્મથી પરિવાર બનાવવાની છે. પરિવારનો આધાર જીવ વિજ્ઞાન (બાયોલોજી) નહીં પરંતુ એકબીજા સાથે અંગત જોડાણ અને ભાવનાઓની આપલે હોય છે.

### સીએસઆર પેટે ૬૮૦.૯૧ કરોડનો ખર્ચ કર્યો

## સીએસઆરનું પાલન ન કરવા બદલ કંપનીઓને ૨૦ કરોડનું દંડ

નવી દિલ્હી : સરકારે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) નિયમોનું પાલન ન કરવા માટે અલગ અલગ કંપનીઓ પર કુલ ૨૦ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.કંપની કાયદા હેઠળ નફો કમાનારી કેટલીક ખાસ પ્રકારની કંપનીઓને એક નાણાકીય વર્ષમાં સીએસઆર પ્રવૃત્તિઓ પર પોતાના ત્રણ વર્ષનાં સરેરાશ વાર્ષિક નફાનાં ઓછામાં ઓછા બે ટકા ખર્ચ કરવો જરૂરી હોય છે.નાણા અને કોર્પોરેટ બાબતોનાં પ્રધાન નિર્મલા સિતારમને મંગળવારે જણાવ્યું હતું કે સીએસઆર ખર્ચથી જોડાયેલ દરેક નિર્ણય કંપનીનાં બોર્ડ દ્વારા લેવામાં આવે છે.પ્રધાને જણાવ્યું હતું કે કંપની અને તેનું બોર્ડ જ નક્કી કરે છે કે સીએસઆર માટે કેટલો ખર્ચ કરવાનો છે અને ક્યાં કરવાનો છે. તેથી આ એવો નિર્ણય નથી જેમાં અમે હસ્તક્ષેપ કરી જણાવી શકીએ કે તમારે આટલો જ ખર્ચ કરવો પડશે.નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ દરમિયાન બિહારમાં કુલ સીએસઆર ખર્ચ ૮૫૪ કંપનીઓ દ્વારા ૬૮૦.૯૧ કરોડ રૂપિયા રહ્યું છે.સિતારમને બિહારનાં સાંસદને જણાવ્યું હતું કે તે અલગ અલગ કંપનીઓ સાથે વાત કરતા રહે અને તેમને એ વાત માટે તૈયાર કરે તે બિહારમાં નાણાં ખર્ચ કરે.પ્રધાને જણાવ્યું હતું કે વધારેમાં વધારે મંત્રાલય ફક્ત એ અપીલ કરી શકે છે કે બિહારમાં સામાજિક રીતે મહત્ત્વપૂર્ણ કેટલાક પ્રોજેક્ટ હાથમાં લેવામાં આવે.

### આયાત પર વધતી નિર્ભરતા યથાવત્ રહેશે

## ભારતમાં એલપીજી સંકટ ૨૯ ટેન્કર વગર પુરવઠો અશક્ય



નવી દિલ્હી:ભારતમાં રસોઈ ગેસ એટલે કે એલપીજી (LPG) ની સતત વધતી જતી માંગ વચ્ચે એક અત્યંત ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. દેશમાં રાંધણ ગેસના ઘરેલું ઉત્પાદનમાં ગમે તેટલો વધારો કરવામાં આવે તેમ છતાં ભારતની વિદેશી આયાત પરની નિર્ભરતા જરા પણ ઓછી થાય તેમ લાગતું નથી. તાજેતરના અહેવાલો મુજબ, જો સ્થાનિક ઉત્પાદનમાં 50% જેટલો જંગી વધારો કરવામાં આવે, તો પણ ભારતને પોતાની પાયાની જરૂરિયાત પૂરી કરવા માટે દર મહિને ઓછામાં ઓછા 29 થી 34 જેટલા વિશાળ એલપીજી ટેન્કર વિદેશથી મંગાવવા અનિવાર્ય બનશે. સરકારી આંકડાકીય વિશ્લેષણ દર્શાવે છે કે નાણાકીય વર્ષ 2027 સુધીમાં દેશમાં ગેસની માંગ દર મહિને 2.9 મિલિયન ટન સુધી પહોંચી શકે છે, જેની સામે ઉત્પાદન ક્ષમતા વધવા છતાં પણ મોટી ખાધ રહેવાની પૂરી શક્યતા છે.છેલ્લા ૨૦ વર્ષના ડેટા પર નજર કરવામાં આવે તો ભારતમાં એલપીજીના વપરાશમાં કલ્પના બહારનો ઉછાળો જોવા મળ્યો છે. વર્ષ 1998-99 ના ગાળામાં જ્યાં દર મહિને માત્ર 5.35 લાખ ટન ગેસનો વપરાશ થતો હતો, તે હવે વધીને 3.13 મિલિયન ટનથી પણ વધુ થઈ ગયો છે. આ ક્રાંતિકારી ફેરફાર પાછળ 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' જેવી લોકકલ્યાણકારી યોજનાઓ જવાબદાર છે, જેના કારણે ગામેગામ અને ઘરે-ઘરે ગેસ જોડાણો પહોંચ્યા છે. જોકે, સમસ્યા એ છે કે જે ઝડપે ગ્રાહકો અને વપરાશ વધ્યા છે, તેટલી ઝડપે આપણું સ્થાનિક ઉત્પાદન વધી શક્યું નથી. આ અસંતુલનને કારણે ભારતની તિજોરી પર આયાતનો બોજ સતત વધી રહ્યો છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારત તેના એલપીજી પુરવઠા માટે હાલમાં મુખ્યત્વે સંયુક્ત આરબ અમીરાત (UAE), કતાર, સાઉદી અરેબિયા અને કુવૈત જેવા પશ્ચિમ એશિયાના દેશો પર સંપૂર્ણપણે નિર્ભર છે.

## કેરળ ચૂંટણીમાં UDF ની સ્થિતિ મજબૂત આર્યદન શૌકતનો દાવો

મલપ્પુરમ: કેરળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માટે પ્રચારનો ગરમાવો વધી રહ્યો છે ત્યારે નિલંબુર બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર આર્યદન શૌકતે જોરદાર વિજય વિશ્વાસ વ્યક્ત કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, શૌકતે દાવો કર્યો છે કે વર્તમાન ડાબેરી મોરચા (LDF) ની સરકાર સામે પ્રચંડ જનવિરોધી લહેર (Anti-incumbency) જોવા મળી રહી છે, જેનો સીધો ફાયદો યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) ને થશે. ગત વર્ષની પેટાચૂંટણીમાં ૧૧,૦૭૭ મતોના માર્જિનથી સીપીઆઈ(એમ) ના એમ. સ્વરાજને હરાવ્યા બાદ, શૌકત આ વખતે પોતાની જીતનું માર્જિન ૨૦ હજારને પાર કરશે તેવી અપેક્ષા રાખી રહ્યા છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આર્યદન શૌકતે ભારપૂર્વક જણાવ્યું હતું કે નિલંબુરની જનતા તેમના છેલ્લા આઠ મહિનાના કાર્યકાળથી અત્યંત સંતુષ્ટ છે. તેમણે આરોપ લગાવ્યો કે છેલ્લા એક દાયકાથી એલડીએફ સરકારે નિલંબુર મતવિસ્તારની સંપૂર્ણ ઉપેક્ષા કરી છે. શૌકતના મતે, મતવિસ્તારમાં અત્યારે તમામ પરિબળો UDF માટે સાનુકૂળ છે.

### પક્ષની કાર્યપદ્ધતિ અને સંકલનના અભાવથી ભારે નારાજગી

## ચૂંટણી વચ્ચે કોંગ્રેસને મોટો ઝટકો, આસામમાં ઉપરાછાપરી બે મોટા નેતાઓના રાજીનામા

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.18

આસામ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ભંગાણ સર્જાયું છે, જેના કારણે રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. નગાંવના સાંસદ પ્રદ્યુત બોરદોલોઈ અને આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ નવજ્યોતિ તાલુકાદારે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. ચૂંટણીના ગણતરીના દિવસો પહેલા જ આ દિગ્ગજ નેતાઓના જવાથી કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. નવજ્યોતિ તાલુકાદારે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખરગેને મોકલેલા રાજીનામાના પત્રમાં પક્ષની કાર્યપદ્ધતિ સામે ભારે નારાજગી દર્શાવી છે. તેમણે પત્રમાં સ્પષ્ટ કર્યું છે કે, પક્ષમાં લાંબા સમયથી ચાલી રહેલા સંકલનનો અભાવ અને વારંવારની ફરિયાદો કરવા છતાં પણ કોઈ યોગ્ય ઉકેલ ન આવતા, હવે તેમના માટે કોંગ્રેસમાં કાર્યરત રહેવું શક્ય નથી. બીજી તરફ, સાંસદ પ્રદ્યુત બોરદોલોઈએ પણ અત્યંત દુઃખ સાથે કોંગ્રેસના તમામ હોદ્દા અને પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. જાણવા મળ્યું છે કે ટિકિટની વહેંચણી અને ઉમેદવારોની પસંદગીને લઈને પક્ષમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણને કારણે આ રાજીનામાં પડ્યા છે. બોરદોલોઈએ તાજેતરમાં જ લાહોરીઘાટ બેઠક પરના સંભવિત ઉમેદવાર સામે વાંધો ઉઠાવ્યો હતો અને રાજીનામું આપવાની ચીમકી પણ આપી હતી. ફેબ્રુઆરીમાં પૂર્વ પ્રમુખ ભૂપેન બોરાહે ભાજપમાં જોડાયા બાદ, કોંગ્રેસ માટે આ એક પછી એક ત્રીજો મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે. આસામમાં આગામી 9 એપ્રિલના રોજ તમામ 126 બેઠકો પર એક જ તબક્કામાં મતદાન થવાનું છે અને 4 મેના રોજ પરિણામ જાહેર થશે. મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાના નેતૃત્વમાં ભાજપ સતત ત્રીજી વખત સત્તામાં આવવા માટે પ્રયત્નશીલ છે, જ્યારે કોંગ્રેસ સત્તા વાપસીના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરી છે.

## ટી રાજા સિંહને જાનથી મારવાની ધમકી રામનવમીએ હુમલાનો ડર

હૈદરાબાદ: તેલંગાણાના ગોશામહલ બેઠકના ધારાસભ્ય ટી રાજા સિંહને બુધવારે એક અજાણ્યા સ્ત્રોત દ્વારા જાનથી મારવાની ધમકી આપતો પત્ર મળ્યો છે. આ પત્રમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, ૨૭ માર્ચના રોજ રામનવમીની શોભાયાત્રા દરમિયાન તેમની હત્યા કરવામાં આવશે. પત્રમાં લખ્યું છે કે, "રાજા સિંહ, ૨૭ માર્ચની આ તારી છેલ્લી રામનવમી હશે. તેલંગાણા પોલીસ મારું કંઈ જ બગાડી શકશે નહીં." મીડિયા અહેવાલ અનુસાર, આ અગાઉ જાન્યુઆરીમાં પણ અબ્દુલ હફીઝ નામના વ્યક્તિએ તેમને આવો જ ધમકીભર્યો પત્ર મોકલ્યો હતો. વારંવાર મળી રહેલી આ ધમકીઓને પગલે ધારાસભ્યએ ડીજીપી અને મુખ્યમંત્રીને જવાબદાર વ્યક્તિની ઓળખ કરી કડક કાર્યવાહી કરવા વિનંતી કરી છે.ધમકીઓ વચ્ચે એક ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે ટી રાજા સિંહે હૈદરાબાદ પોલીસ કમિશનર વી.સી. સજ્જનરને પત્ર લખીને આગામી શોભાયાત્રા માટે પોલીસ સુરક્ષા લેવાનો ઈનકાર કરી દીધો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે છેલ્લા ૩ વર્ષથી સુરક્ષાના નામે પોલીસ રામ ભક્તો પર લાઠીચાર્જ કરે છે અને શોભાયાત્રામાં અવરોધ ઊભો કરે છે.

### બિહાર પોલીસ અને એસટીએફની સંયુક્ત કાર્યવાહી

## કુંદન ઠાકુરનું એન્કાઉન્ટર પોલીસને ધમકી આપનાર ઠાર

(એજન્સી) મોતિહારી | તા.18





બિહારના મોતિહારીમાં મંગળવારે વહેલી સવારે પોલીસ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ એક મોટી કાર્યવાહી કરતા કુખ્યાત ગુનેગાર કુંદન ઠાકુરનું એન્કાઉન્ટર કર્યું છે. ચકિયા પોલીસ સ્ટેશન વિસ્તારના રામડીહા ગામમાં થયેલા આ ભીષણ ગોળીબારમાં કુંદન ઠાકુર અને તેનો સાથી પ્રિયાંશુ દુબે ઠાર મરાયા છે. જોકે, આ ઓપરેશન દરમિયાન એસટીએફના એક બહાદુર જવાન શ્રીરામ યાદવ પણ શહીદ થયા છે. મીડિયા અહેવાલ મુજબ, કુંદન ઠાકુર છેલ્લા ઘણા સમયથી પોલીસ માટે માથાનો દુખાવો બન્યો હતો અને તેણે સીધો જ પોલીસ પ્રશાસનને પડકાર ફેંક્યો હતો, જેનો અંત હવે લોહિયાળ એન્કાઉન્ટરમાં આવ્યો છે.આ એન્કાઉન્ટર પાછળની કહાની અત્યંત ચોંકાવનારી છે. એન્કાઉન્ટરના બે દિવસ પહેલાનું એક ઓડિયો રેકોર્ડિંગ સામે આવ્યું છે, જેમાં કુંદન ઠાકુર ચકિયાના એડિશનલ સ્ટેશન હાઉસ ઓફિસરને ખુલ્લી ધમકી આપતો સંભળાય છે. તેણે અત્યંત બેખોફ અંદાજમાં કહ્યું હતું કે, "તમે ગમે તે સમય અને સ્થળ નક્કી કરો, હું ત્યાં પહોંચી જઈશ. ૧૦ થી ૧૫ પોલીસવાળાની લાશો પડશે અને તમે મને પકડી પણ નહીં શકશો." એટલું જ નહીં, તેણે પોલીસના પરિવારજનોને પણ નિશાન બનાવવાની ધમકી આપી હતી. ઓડિયોમાં તે વારંવાર કહી રહ્યો હતો કે તે ભાગવા વાળો નથી પણ સામેથી સામનો કરશે. કુંદન ઠાકુર લાંબા સમયથી પોલીસના રડાર પર હતો. જ્યારે પોલીસની સ્પેશિયલ ટીમે તેના છુપાવાના ઠેકાણાને ઘેરી લીધું, ત્યારે ગુનેગારોએ કોઈ પણ ચેતવણી આપ્યા વિના અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ અચાનક થયેલા હુમલામાં એસટીએફ જવાન શ્રીરામ યાદવ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. પોતાના સાથીદારને ગુમાવ્યા બાદ પણ પોલીસ ટીમે હિંમત હાર્યા વગર જવાબી કાર્યવાહી કરી હતી, જેમાં કુંદન ઠાકુર સહિત બંને ગુનેગારો ઘટનાસ્થળે જ ઠાર થયા હતા.પૂર્વ ચંપારણના પોલીસ અધિક્ષક (એસપી) સ્વર્ણ પ્રભાતે જણાવ્યું કે, ગુનેગારોને આશ્રય આપવા બદલ મકાન માલિક ઉજ્જવલ કુમાર અને તેના પિતાની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આ ગુનેગારોને કોણ કોણ મદદ કરી રહ્યું હતું. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સર્ચ ઓપરેશન જારી છે.

## ભારતીય રેલ્વે: રેકોર્ડ બજેટ ફાળવણી દ્વારા સમર્થિત "સુપર-ફાસ્ટ પરિવર્તન" ના યુગમાં

માલીગાંવ : ભારતીય રેલ્વે હાલમાં વિસ્તરણ અને આધુનિકીકરણના અભૂતપૂર્વ તબક્કામાંથી પસાર થઈ રહી છે, જે 2026-27 માટે કેન્દ્રીય બજેટમાં 2.78 લાખ કરોડની રેકોર્ડ ફાળવણી દ્વારા પ્રેરિત છે. 17 માર્ચ, 2026 ના રોજ સંસદમાં 'ગ્રાન્ટ માટેની માંગણીઓ' પર ચર્ચાનો જવાબ આપતા, કેન્દ્રીય રેલ્વે મંત્રીએ ભાર મૂક્યો કે રેલ્વે બજેટનું સામાન્ય બજેટ સાથે જોડાણ કરવાથી ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ સુધારાથી બજેટરી સપોર્ટમાં નોંધપાત્ર વધારો થયો છે, સમગ્ર વર્ષ દરમિયાન નિર્ણય લેવાની પ્રક્રિયામાં સાતત્ય સુનિશ્ચિત થયું છે અને નાણા મંત્રાલય અને નીતિ આયોગની સંસ્થાકીય દેખરેખ દ્વારા પારદર્શિતામાં વધારો થયો છે. આ પરિવર્તન 'ધીમી પ્રગતિ' થી 'સુપર-ફાસ્ટ પરિવર્તન' તરફ નોંધપાત્ર સંક્રમણ દર્શાવે છે.મંત્રીએ ભાર મૂક્યો કે, સ્ટાફ, પેન્શન, ઉર્જા અને નાણાં પર ભારે ખર્ચ કરવા છતાં, ભારતીય રેલ્વે સતત હકારાત્મક નાણાકીય સંતુલન જાળવી રાખ્યું છે. રેલવે વિદ્યુતીકરણે કાર્યક્ષમતામાં સુધારો કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે, જેના પરિણામે વાર્ષિક આશરે 6,000 કરોડની બચત થઈ છે અને સાથે સાથે ડીઝલ પરની નિર્ભરતા પણ ઓછી થઈ છે. છેલ્લા દાયકામાં, માલવાહક પરિવહનમાં નોંધપાત્ર વધારો થયો છે, જે આશરે 1,650 મિલિયન ટન સુધી વધી ગયો છે, જેના કારણે ભારતીય રેલવે વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી માલવાહક કંપની બની છે. રેલવે ટ્રેક બાંધકામ અને વીજળીકરણના કાર્યોમાં પણ ઝડપી પ્રગતિ થઈ છે; આશરે 35,000 કિલોમીટર નવા ટ્રેક નાખવામાં આવ્યા છે, અને 99% થી વધુ નેટવર્કનું વીજળીકરણ કરવામાં આવ્યું છે.મંત્રીએ વધુમાં ભાર મૂક્યો કે સલામતી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. લક્ષિત રોકાણો અને પ્રણાલીગત સુધારાઓને કારણે, રેલવે અકસ્માતોમાં લગભગ 90% ઘટાડો થયો છે. ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ્સના વિસ્તરણની સાથે, રોડ ઓવર બ્રિજ (ROB) અને રોડ અંડર બ્રિજ (RUB) ની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. 'કવચ' - સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ - ની પ્રગતિ પર પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું હતું કે ઓપરેશનલ સલામતી વધારવા માટે તેને હજારો કિલોમીટરના રેલવે ટ્રેક અને લોકોમોટિવમાં તૈનાત કરવામાં આવી રહી છે. મંત્રીએ દેશભરમાં અનેક વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ કનેક્ટિવિટી પહેલો તરફ ધ્યાન દોર્યું. તેમણે નોંધ્યું કે સિલિગુડી કોરિડોરમાં 30 કિલોમીટર લાંબા ભૂગર્ભ ડબલ-લાઈન કોરિડોર માટે યોજનાઓ ઘડવામાં આવી રહી છે જેથી જટિલ પરિસ્થિતિઓમાં સીમલેસ કનેક્ટિવિટી સુનિશ્ચિત થાય. ભારત-નેપાળ સરહદ પર, ક્રોસ બોર્ડર કનેક્ટિવિટી અને પ્રાદેશિક વિકાસને વેગ આપવા માટે નરકટિયાગંજ-રક્સૌલ-સીતામઢી-દરભંગા-મુઝફ્ફરપુર વિભાગો સહિત ટ્રેક ડબલિંગ અને ક્ષમતા વધારવાના અનેક પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. પૂર્વોત્તર ક્ષેત્રમાં, ડીપીઆર (વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ) ની તૈયારી અને લંકા-સિલચર અને દેકરગાંવ-સિલઘાટ રૂટ જેવી નવી લાઈનો પૂર્ણ કરવા જેવા મોટા પ્રોજેક્ટ્સ પર પણ કામ ચાલી રહ્યું છે. વધુમાં, ન્યૂ જલપાઈગુડી અને કામાખ્યા વચ્ચે વધારાની લાઈનો નાખવા માટે સર્વેક્ષણ અને બાંધકામ કાર્ય હાલમાં પ્રગતિમાં છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ભૂતાન જેવા પડોશી દેશો સાથે પ્રસ્તાવિત રેલ લિંક્સ સહિત આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી પહેલો તરફ પણ સક્રિય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.મંત્રીએ રોલિંગ સ્ટોક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પેસેન્જર સેવાઓમાં પ્રાપ્ત પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો. આધુનિક LHB કોચ, લોકોમોટિવ અને વેગનનું ઉત્પાદન રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે.

સિટી એક્સપ્રેસ

THURSDAY 19 MARCH-2026

AHMEDABAD


## ‘ગ્રીન વૉલ ઑફ અરવલ્લી’થી હરિયાળો વિકાસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ગુજરાતમાં પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળો વિકાસ મજબૂત બનાવવા ‘ગ્રીન વૉલ ઑફ અરવલ્લી’ યોજના અંતર્ગત નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે. વિધાનસભામાં માહિતી આપતાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું કે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં 2.30 લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, જેમાં જીવંત દર પણ સંતોષકારક રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલી આ યોજના અરવલ્લી પર્વતમાળા વિસ્તારને હરિયાળો બનાવવાના મહત્ત્વાકાંક્ષી પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

## ‘સૌને આવાસ’ તરફ રાજ્ય સરકારનો મજબૂત પ્રયાસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ લાભાર્થીઓને વધુ આર્થિક સહાય આપવા રાજ્ય સરકારે 100 ટકા સ્ટેટ ટોપ-અપ યોજના અમલમાં મૂકી મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજી બાવળિયાએ વિધાનસભામાં જણાવ્યું કે આ યોજના અંતર્ગત લાભાર્થીઓને રૂ. 50 હજારની વધારાની સહાય આપવામાં આવશે. મંત્રીશ્રીએ જણાવ્યું કે વર્ષ 2016-17થી 2023-24 દરમિયાન વિવિધ કારણોસર અધૂરા રહેલા આશરે 18 હજાર આવાસોને પૂર્ણ કરવા માટે રાજ્ય સરકારે રૂ. 90 કરોડની જોગવાઈ કરી છે.



### લૂંટ અને મારામારી જેવા અનેક ગુનાઓમાં સંડોવાયેલા આ ગુનેગારે જાહેર રસ્તા પર સિગારેટના ધુમાડા કાઢી બિભત્સ ગાળો બોલતા વિડીયો વાયરલ કર્યા હતા

# 'માફિયા કા મતલબ મૈં ઓર મૈં કા મતલબ માફિયા':અસામાજિક તત્ત્વોએ લોકોમાં ભય ઉભો કરવા ભાઈગીરીની રિલ્સો બનાવી, પાસા ભોગવી ચુકેલા રાજા મેવાતી સહિત 14 સામે ગુનો

અમદાવાદ | અમદાવાદના પૂર્વ વિસ્તારમાં અસામાજિક તત્ત્વોનો આતંક દિન-પ્રતિદિન વધી રહ્યો છે, સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોમાં ભય અને પોતાની ધાક જમાવવાના ઈરાદે ઉશ્કેરણીજનક રિલ્સ બનાવનાર ગેંગ વિરુદ્ધ પોલીસે લાલ આંખ કરી છે. ઈન્સ્ટાગ્રામ પર ’માફિયા’ જેવા ડાયલોગબાજી વાળા વીડિયો પોસ્ટ કરી સ્થાનિક રહીશોને ધમકાવવા અને અગાઉના ગુનામાં સમાધાન કરવા દબાણ કરનાર રાજા મેવાતી સહિત 14 શખસો સામે વટવા પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

લૂંટ અને મારામારી જેવા અનેક ગુનાઓમાં સંડોવાયેલા આ ગુનેગારે જાહેર રસ્તા પર સિગારેટના ધુમાડા કાઢી બિભત્સ ગાળો બોલતા વિડીયો વાયરલ કર્યા હતા, જેને પગલે પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે આ આખા નેક્સસનો પર્દાફાશ કરી આરોપીઓની ધરપકડ કરવાની તજવીજ તેજ કરી છે.

શહેરના વટવા વિસ્તારમાં અવારનવાર ગુનાખોરીમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમદાવાદ નગરમાં રહેતા ઈકબાલ ખાન ઉર્ફે રાજા મેવાતી નામના શખ્સ વિરુદ્ધ વટવા પોલીસ સ્ટેશન તેમજ અમદાવાદના જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં સર્વિસ સંબંધી તેમજ લૂંટના ગુના નોંધાયેલા છે. આરોપી ઈકબાલ ખાનને પાસા પણ કરવામાં આવ્યા છે. ત્યારે વટવા વિસ્તારમાં લોકોમાં ભય ફેલાવવા અને પોતાની ધાક જમાવવા માટે પોતાના ઈન્સ્ટાગ્રામ ID ઉપર મિત્રો સાથે મળીને જુદા જુદા માફિયા જેવા શબ્દોનો ઉપયોગ કરી રિલ્સ બનાવી પોસ્ટ કરી હોવાનું ધ્યાને આવ્યું હતું.

પોલીસે ઈકબાલ ખાન ઉર્ફે રાજાનું ઈન્સ્ટા આઈડી તપાસ કર્યું, જેમાં અલગ અલગ વીડિયો મૂકવામાં આવ્યા છે. જેમાં એક વીડિયોમાં માફિયા કા મતલબ મૈં ઓર મૈં કા મતલબ માફિયા તેવા શબ્દો પોસ્ટ કર્યા છે. તેની સાથે અન્ય કેટલા લોકો પણ ઉભા રહેલા જોવા મળ્યા હતા. અન્ય એક વીડિયો જોવા મળ્યો હતો જેમાં ઈકબાલ ખાન પોતે 9થી 10 જેટલા લોકો સાથે ઉભો રહી ગાળ બોલે છે. વધુ એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં મૂકવામાં આવ્યો હતો. જેમાં ઈકબાલ ઉર્ફે રાજા સિગારેટના ધુમાડા કાઢે છે અને ’હમ મીટ-મછલી કે શોખીન નહીં પર ભાઈ કો તકલીફ હુઈ તો સામને વાલે કો જિંદા ચબા જાયેંગે’ એવો ડાયલોગ બોલે છે.

પોલીસ દ્વારા આવા તમામ વીડિયોની તપાસ કરવામાં આવી હતી. જેમાં તમામ વીડિયો તેના મિત્રો સાથે મળી અને બનાવવામાં આવેલા છે. અગાઉ જૂન 2025માં સ્થાનિક રહેવાસી મકસુદને તેની દુકાન ખાતે ગાળાગાળી કરી લોખંડની પાઈપ વડે માર માર્યો હતો. જે બાબતે પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી ઈકબાલ ઉર્ફે રાજા મેવાતી દ્વારા ફરિયાદી મકસુદ ગુલઝાર પોતાની સાથે સમાધાન કરી લે તેવા ઈરાદેથી તેમજ સ્થાનિક વટવા વિસ્તારમાં લોકો ભયભીત થાય તેમ જ ત્રાસ થાય તેવા ઈરાદાથી પોતાનું વર્ચસ્વ ઊભું કરવા ગંદી ગાળો વાળા તેમજ ધમકી ભર્યા વીડિયો જાહેરમાં બનાવીને ઈન્સ્ટાગ્રામ ઉપર પોસ્ટ કરવામાં આવ્યા છે.

વટવા પોલીસે ઈકબાલ ખાન ઉર્ફે રાજા, અવેશ હુસેન સિપાહી, સોહીલ, યાસીન ઉર્ફે મામા, આરીફ મેવ, ઈલિયાસ રબડી ઉર્ફે રાજા અન્સારી, જાન મામદ ઉર્ફે જાનુ, શાહબાઝ ઉર્ફે કોયતા, અહેમદ મેવ, સમીર કુરેશી, શાહરૂખ ભાજી, અમન ઉર્ફે શોકી અને સોએબ ઉર્ફે ગાંડી વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, શહેરના વટવા વિસ્તારમાં ગુનાખોરી અને અસામાજિક પ્રવૃત્તિઓનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. દિન પ્રતિદિન ગુનાખોરીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે આવા વિસ્તારમાં ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત છે. પોલીસનો કોઈ પણ પ્રકારનો ડર રહ્યો નથી ત્યારે ગુનેગારો આવા વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાઈરલ કરી લોકોમાં ભય ઊભો કરે છે.

### પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી


વટવા પોલીસે ઈકબાલ ખાન ઉર્ફે રાજા, અવેશ હુસેન સિપાહી, સોહીલ, યાસીન ઉર્ફે મામા, આરીફ મેવ, ઈલિયાસ રબડી ઉર્ફે રાજા અન્સારી, જાન મામદ ઉર્ફે જાનુ, શાહબાઝ ઉર્ફે કોયતા, અહેમદ મેવ, સમીર કુરેશી, શાહરૂખ ભાજી, અમન ઉર્ફે શોકી અને સોએબ ઉર્ફે ગાંડી વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

Aઉલ્લેખનીય છે કે, શહેરના વટવા વિસ્તારમાં ગુનાખોરી અને અસામાજિક પ્રવૃત્તિઓનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. દિન પ્રતિદિન ગુનાખોરીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે, પોલીસનો કોઈ પણ પ્રકારનો ડર રહ્યો નથી ત્યારે ગુનેગારો આવા વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાઈરલ કરી લોકોમાં ભય ઊભો કરે છે.


## 19, 20 અને 21 માર્ચની રાત્રે મીઠાખળી અંડરપાસ અસ્થાઈ રૂપે બંધ રહેશે

અમદાવાદ : પશ્ચિમ રેલ્વેના ભાવનગર મંડળ દ્વારા અમદાવાદ શહેરમાં મીઠાખળી સ્થિત રેલવે અંડરબ્રિજ નં. 12 ઉપરથી પસાર થતી રેલવે ટ્રેક પર આવશ્યક મરામત અને મજબૂતીકરણનું કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી અંતર્ગત ટ્રેકના નીચે અને ઉપરના ભાગોમાં પાટાની મજબૂતી વધારવાનું તેમજ જર્જરિત પ્લેટોને દૂર કરીને નવી પ્લેટો સ્થાપિત કરવામાં આવશે.આ કામગીરી તારીખ 19, 20 અને 21 માર્ચ, 2026 દરમિયાન માત્ર રાત્રિ સમયગાળા (રાત્રે 00:00 થી સવારે 05:00 વાગ્યા સુધી) માં હાથ ધરવામાં આવશે.ઉલ્લેખિત સમયગાળા દરમિયાન મીઠાખળી અંડરપાસના બંને પ્રવેશ અને નિકાસ માર્ગ વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રહેશે. ટ્રાફિક ડાયવર્ઝન વિગતવાર: મીઠાખળી છ રસ્તા તરફથી અંડરપાસ મારફતે આશ્રમ રોડ જતો ટ્રાફિક મીઠાખળી ગામના માર્ગ દ્વારા આશ્રમ રોડ તથા અન્ય મુખ્ય માર્ગો તરફ જઈ શકશે. આશ્રમ રોડ તરફથી આવતો ટ્રાફિક આશ્રમ રોડ પર આવેલ બુટ્ટાસિંહ મહાદેવ અને ખોડિયાર માતા મંદિર પાસેથી નવરંગપુરા ક્રોસિંગ મારફતે મીઠાખળી છ રસ્તા તથા અન્ય માર્ગો તરફ જઈ શકશે. તમામ નાગરિકોને વિનંતી છે કે ઉપરોક્ત સમયગાળા દરમિયાન વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં પ્રશાસનને સહકાર આપે.

### ગુજરાત એસ.ટી.ની જનસેવા પ્રતિબદ્ધતાનું વધુ એક નવું સીમાચિહ્ન

# ગાંધીનગરથી 182 નવીન એસ.ટી. બસોને હર્ષ સંઘવી અને સીએમએ આપી લીલી ઝંડી







(એજન્સી) ગાંધીનગર | તા.18

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના દિશાદર્શનમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે જનસેવા પ્રતિબદ્ધતામાં એક નવું સિમાચિહ્ન 182 નવિન બસોના લોકાર્પણથી ઉમેર્યુ છે. આ હેતુસર રાજ્યના તમામ 182 વિધાનસભા વિસ્તાર માટે એક એમ કુલ 182 નવિન બસોને મુસાફરોની સેવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી પ્રવીણ માળીના હસ્તે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવાનો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરમાં યોજવામાં આવ્યો હતો. રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ આ સમારોહમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તથા નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ નવિન બસોના ડ્રાયવર્સને પ્રતિકરૂપે ચાવી અર્પણ કરી હતી. સામાન્ય માનવી માટે અવર-જવરના સરળ માધ્યમ એવું ગુજરાત એસ.ટી.નિગમ દૈનિક ૮૦૦૦ થી વધુ બસોના કાફલાથી ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરીને ૨૭ લાખથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થળ સુધી પહોંચવા સલામત અને સમયબદ્ધ બસ સેવાઓ પુરી પડે છે. વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની એસ.ટી.બસોનું સંચાલન કરીને રાજ્યની જનતાને પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવવા માટેની પરિવહન સેવા-સુવિધાઓ આપે છે. રાજય સરકાર દ્વારા દર વર્ષે નવી એસ.ટી બસો ખરીદવા એસ.ટી નિગમને નાણાકીય સહાય અપાય છે. તે અંતર્ગત ૨૦૨૪-૨૫માં 963 સુપર એક્સપ્રેસ, 550 ગુર્જર નગરી, 100 સ્લીપર બસ, 350 મીડી બસ મળીને 1963 વાહનો પ્રજાજનોની સેવામાં મૂકાયા છે. PPP ધોરણે અત્યાધુનિક ૨૦૦ નવીન વોલ્વો અને એ.સી. બસો સંચાલનમા મૂકવા પણ આયોજન હાથ ધરેલું છે. સમગ્રતયા ૧૯૬૩ નોન એ.સી તથા ૨૦૦ એ.સી. બસો વિવિધ તબક્કે પ્રજાની સેવામાં મૂકવામાં આવેલી છે. તેમાં હવે આ નવી કુલ 62 કરોડની 182 બસો સંચાલનમાં મૂકવા માટે લોકાર્પણ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓએ આ બસ લોકાર્પણ વેળાએ લોકોનું અભિવાદન કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. વાહન વ્યવહાર અગ્ર સચિવ શ્રી હારિત શુક્લા, વાહન વ્યવહાર કમિશનર અને જી.એસ.આર.ટી.સી.ના એમ.ડી. શ્રી ડૉ. રાજેન્દ્ર કુમાર તથા એસ.ટી. નિગમના અધિકારીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

# શોષણખોર સરકારને ગોપાલ ઈટાલિયાએ ખુલ્લી પાડી...

### ગુજરાતમાં ફિક્સ પેના કેસમાં સુપ્રીમ કોર્ટમાં સરકાર તરફે લડતા વકીલોને પ્રતિ મુદતના 2 લાખ ફી ચૂકવાઈ



(એજન્સી) અમદાવાદ | તા.18

ચાલુ વિધાનસભા સત્રમાં આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા દ્વારા એક મહત્વનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, ગુજરાત સરકારની 5 વર્ષ ફિક્સ પગાર નીતિને સુપ્રીમ કોર્ટમાં ચેલેન્જ કરાઈ છે, ત્યારે સરકાર પોતાની પક્ષે રાખેલા વકીલોને કેટલી ફી આપી રહી છે.

જેના જવાબમાં જાણવા મળ્યું હતું કે, એપ્રિલ, 2012થી ગુજરાત સરકારની ફિક્સ પે નીતિને પડકારતી અરજી ઉપર સુપ્રીમ કોર્ટમાં કાર્યવાહી ચાલી રહી છે. જેમાં સરકાર પક્ષે અત્યાર સુધી કુલ 9 જેટલા વકીલો રોકવામાં આવ્યા છે. જેમાં એડવોકેટ મહેશ અગ્રવાલને 2 લાખ રૂપિયા જેટલી ફી, હરીશ સાલ્વેની ફી નિયત કરવામાં આવી નથી, મુકુલ રોહતગીને કોન્ફરન્સ અને અપીયરન્સ પેટે 2 લાખ રૂપિયા ફી, કે વિશ્વનાથનની ફિ નિયત કરવામાં નથી આવી, તુષાર મહેતાને દિવસના 2 લાખ રૂપિયા ફી ચુકવવામાં આવી હતી.

કે.કે વેણુગોપાલને કોન્ફરન્સ અને અપીયરન્સના 5 લાખ તેમજ તેના ક્લાર્કને 50 હજાર રૂપિયા ફી ચૂકવવામાં આવતી હતી. નીરજ કિશન કૌલની ફી નિયત કરવામાં આવી નહોતી, જ્યારે મનીષા શાહને દિવસના 2 લાખ રૂપિયા ફી ચુકવવામાં આવી હતી. ઉપરોક્ત વકીલો પૈકી મહેશ અગ્રવાલને ત્રણ લાખ રૂપિયા ફી ચૂકવવાની બાકી છે અને મનીષા શાહને 1.75 લાખ રૂપિયા ફી ચુકવવાની બાકી છે. જ્યારે તમામ વકીલોને ફી ચૂકવાઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં વર્ગ-3ની જગ્યા ઉપર સ્પર્ધાત્મક પરીક્ષા આપીને પસંદગી પામતા ઉમેદવારોને પહેલા 5 વર્ષ માટે ફિક્સ પગાર આપવામાં આવે છે. જે 19,600 થી લઈને 40,600 હજાર જેટલો હોય છે. ફિક્સ પેના લાખો કર્મચારીઓ તેનો વિરોધ કરી રહ્યા છે, પરંતુ સરકાર તે વિરોધની અવગણીને વકીલોને દિવસની લાખો રૂપિયા ફી આપીને સુપ્રીમમાં કેસ લડી રહી છે. ઉપરોક્ત વકીલો પૈકી તુષાર મહેતા વર્તમાન સોલિસિટર જનરલ છે, કમલ ત્રીવેદી એડવોકેટ જનરલ છે, જ્યારે મનીષા શાહ એડિશનલ એડવોકેટ જનરલ છે.

# ઊર્જા કાર્યક્ષમતા વધારવા માટે અમદાવાદ મંડળમાં આધુનિક રસોઈ સાધનોની આપૂર્તિ

(એજન્સી) અમદાવાદ | તા.18

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ઊર્જા કાર્યક્ષમતા વધારવા અને ગેસ પરની નિર્ભરતા ઘટાડવાના હેતુસર મંડળના વિવિધ રનિંગ રૂમો તથા તાલીમ કેન્દ્રોમાં આધુનિક વિદ્યુત આધારિત રસોઈ સાધનોની આપૂર્તિની કામગીરી નિરંતર પ્રગતિ પર છે. આ પહેલ ન માત્ર પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ પગલું જ નથી, પરંતુ કાર્યસ્થળોએ સુરક્ષિત અને સુવિધાજનક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં પણ અસરકારક સાબિત થઈ રહી છે. આ સંદર્ભમાં, આજે ભુજ અને સનોસરા સ્થિત રનિંગ રૂમો તેમજ તાલીમ કેન્દ્રોને મજબૂત અને આધુનિક રસોઈ સુવિધાઓથી સજ્જ બનાવવાના હેતુસર ઓવન,



કુકર, ઈન્ડક્શન કુકટોપ, રોટી તવો, ગ્લાસ મિક્સિંગ બાઉલ તેમજ વાસણ ની આપૂર્તિ પૂરી પાડવામાં આવી. તેના સંબંધિત એકમોમાં કાર્યરત કર્મચારીઓને સ્વચ્છ, સુરક્ષિત અને ઊર્જા-કાર્યક્ષમ ભોજન સુવિધાઓ ઉપલબ્ધ થશે, તેમજ ભોજન તૈયાર કરવાની પ્રક્રિયા વધુ સુવિધાજનક, ઝડપી અને આધુનિક બનશે.અમદાવાદ મંડળ દ્વારા આ જ રીતે મંડળના અન્ય મુખ્ય રનિંગ રૂમો જેમ કે અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ, વિરમગામ સહિત તાલીમ કેન્દ્રોમાં પણ તબક્કાવાર રીતે આ આધુનિક સુવિધાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે, જેથી ઊર્જા કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા સાથે-સાથે પર્યાવરણ અનુકૂળ કાર્ય પ્રણાલીને મજબૂત બનાવી શકાય.

# આઈકોનિક રોડ પર પોલીસનું મિડનાઈટ ઓપરેશન

ગાંધીનગર | ગાંધીનગરના હાર્દ સમાન અને યુવાનોના હોટ ફેવરિટ એવા PDPU આઈકોનિક રોડ પર જોખમી કરતબો અને કાન ફાડી નાખતા સાયલેન્સરના અવાજોથી આખા વિસ્તારને બાનમાં લેતા ધૂમ બાઈકર્સ સામે પોલીસ કાફલાએ મિડનાઈટ ઓપરેશન હાથ ધરી મોડિફાઈડ સાયલેન્સર ધરાવતી 12થી વધુ બાઈકો ડિટેન કરી કાયદાનો કોરડો વીંઝતા નબીરાઓમાં ફફડતા વ્યાપી ગયો છે.

ગાંધીનગર શહેરના સૌથી ચર્ચિત અને યુવાનોમાં લોકપ્રિય એવા PDPU આઈકોનિક રોડ પર મોડી રાત્રે પોલીસે આક્રમક તેવર બતાવીને જોખમી સ્ટંટબાજો અને ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા નબીરાઓ વિરુદ્ધ મેગા ઓપરેશન પાર પાડ્યું છે. છેલ્લા લાંબા સમયથી રાયસણ અને આસપાસના રહેણાંક વિસ્તારોના રહીશો માટે આ રોડ રાત્રિના સમયે માથાના દુખાવા સમાન બની ગયો હતો. મોડી રાત્રે ઊંચા અવાજે મોડિફાઈડ સાયલેન્સર સાથે નીકળતી બાઈકર્સ ગેંગ દ્વારા જીવના જોખમે કરાતા સ્ટન્ટ્સને કારણે સ્થાનિકોની ઊંઘ હરામ થઈ ગઈ હતી. આ બાબતની ગંભીર ફરિયાદો ઉચ્ચ સ્તરે પહોંચતા મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા પોલીસ અધિક્ષકના સંયુક્ત આદેશ અને માર્ગદર્શન હેઠળ પોલીસ કાફલો એક્શન મોડમાં આવ્યો હતો અને આઈકોનિક રોડ પર શિસ્તનો કોરડો વીંઝ્યો હતો.

ગઈકાલે રાત્રિના 9થી 12 કલાકના સમયગાળા દરમિયાન આ માર્ગ પર ટ્રાફિક અને યુવાનોની ભીડ વધુ હોય છે, ત્યારે પોલીસની વિવિધ ટીમોએ આખા રોડને કોર્ડન કરી વોચ ગોઠવી હતી. પોલીસની આ ઓચિંતી એન્ટ્રીથી સ્ટંટબાજોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે, અનેક બાઈકર્સ દ્વારા RTOના નિયમોને નેવે મૂકીને વાહનોમાં ગેરકાયદેસર ફેરફાર કરવામાં આવ્યા હતા.

# ઔડા દ્વારા બનાવાયેલા કોટેશ્વર આવાસ યોજનાના 33 આવાસ ખાલી કરવા નોટિસ

અમદાવાદ | ઓડા દ્વારા ગાંધીનગર જીલ્લાના કોટેશ્વર ખાતે ઈ.ડબ્લ્યુ.એસ.યોજના હેઠળ મધુરમિલન આવાસ યોજના બનાવાઈ હતી. આ આવાસ યોજનાના આવાસમાં મુળ લાભાર્થીના બદલે ભાડુઆત રહેતા હોવાનુ ધ્યાન ઉપર આવતા મંગળવારે ૩૩ આવાસ ખાલી કરવા નોટિસ અપાઈ છે. આવાસ ખાલી થયા પછી સીલ કરાશે. ઔડા દ્વારાવર્ષ-૨૦૨૧-૨૨માં કોટેશ્વરમાં આવાસ યોજના બનાવાયા પછી ડ્રો કરી લાભાર્થીઓને આવાસોની ફાળવણી કરવામા આવી હતી. ગાંધીનગરના વિકસિત એવા



વિસ્તારમાં તથા મોટેરાથી નજીક સોલાર સિસ્ટમ,ગાર્ડન સહિતની આધુનિક વ્યવસ્થા ધરાવતી આવાસ યોજનામા પણ કેટલાક લાભાર્થીઓએ શરતભંગ કરી આવાસ અન્યોને આપી દીધા હોવાનુ તંત્રના ધ્યાન ઉપર આવ્યુ હતુ.જે પછી વિવિધ ટીમ બનાવી સ્થળ તપાસ કરાઈ હતી.

# ગુજરાત બનશે AIનું ગ્લોબલ સેન્ટર: મુખ્યમંત્રીનો યુવા સ્ટાર્ટઅપ્સ સાથે અનોખો સંવાદ

(એજન્સી) ગાંધીનગર | તા.18

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતને યુવા સ્ટાર્ટ અપ્સના સ્કેલેબલ અને ઈફેક્ટિવ સોલ્યુશન્સથી વધુ સક્ષમ કરીને AI અને ઉભરતી ટેક્નોલોજી માટે ગ્લોબલ સેન્ટર બનાવવાની દિશામાં સ્ટાર્ટ અપ સંવાદનું ગાંધીનગરમાં મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સ્ટાર્ટ અપ સંવાદમાં દેશના રાજ્યોના 24 જેટલા ઉચ્ચ સંભવિત સ્ટાર્ટ અપ્સ સાથે પ્રત્યક્ષ સંવાદ-વાતચિત કરીને તેમના અનુભવો અને ઈનોવેશન વિશે જાણવામાં ખુબ જ ઉત્સુકતા દર્શાવી હતી. સ્ટાર્ટઅપ્સ સાથેના આ સંવાદ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજ્યના વિકાસનો જે મજબૂત પાયો નાખ્યો છે, તેના કારણે આજે ગુજરાત નાણાંકીય શિસ્ત સાથે નવી ટેકનોલોજીને ઝડપથી અપનાવવામાં દેશમાં મોખરે છે. એટલું જ નહિ, ઈમર્જિંગ સેક્ટર્સ એવા એ.આઈ., સેમિકંડક્ટર અને ગ્રીન ગ્રોથ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટના લક્ષ્યો સિદ્ધ કરવા તરફ ગતિ કરી છે. એગ્રીકલ્ચર સેક્ટરમાં એ.આઈ. ટેક્નોલોજીના વિવિધ ઉપયોગ અંગેના 5 સ્ટાર્ટઅપ, હેલ્થ સેક્ટરમાં



3 તેમજ શિક્ષણના વિવિધ આયામો પર એ.આઈ. આધારિત કામગીરી કરતા 6 અને ગવર્મેન્ટ અને ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરના 10 જેટલા સ્ટાર્ટઅપએ પોતાની કામગીરી અને પ્રોડક્ટનું પ્રસ્તુતીકરણ આ સંવાદ દરમિયાન મુખ્યમંત્રીશ્રી અને સૌ ઉપસ્થિતો સમક્ષ કર્યુ હતુ. આ તકે મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે, રાજ્ય સરકાર સાથે કામ કરવા માટે પ્રતિભાશાળી સ્ટાર્ટઅપ્સને પ્રાયોરિટી આપવાની સરકારની નેમ છે. જેથી નાવાચાર તથા નવા ઉદ્યમીઓને પ્રોત્સાહન મળે. AI ના ઉપયોગથી સરકારી કામકાજની ગતિ હજુ પણ વધારવી, કામમાં વધુ પારદર્શિતા લાવવી અને સરકારી યોજનાઓના લાભો ટેકનોલોજીના સહારે છેવાડાના માનવી સુધી ઝડપથી પહોંચાડવા તે જ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. નાગરિકોની સુખાકારીમાં તેમજ સરકારની કાર્યક્ષમતામાં વધારો કરતા દરેક સ્ટાર્ટઅપ્સને સપોર્ટ કરવા માટે રાજ્ય સરકાર તત્પર છે, પરંતુ આ વિઝનને સાકાર કરવા માટે સૌનો પ્રયાસ અને દિશા એક હોવી ખૂબ જ જરૂરી છે. ટેકનોલોજી આધારિત વિકાસમાં ’ક્વોલિટી’ રાજ્ય સરકારની પ્રથમ પ્રાથમિકતા રહેશે, તેવો તેમણે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ દ્વારા મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને યોજાયેલા આ AI સંવાદ દરમિયાન સાયન્સ ટેક્નોલોજી વિભાગ અને સર્વમ AI તથા MIKO સ્ટાર્ટઅપ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...